# JCCI BULLETIN

6th Edition 2024-25














## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(ફોર્મરલી નોન એઝ ધી નવાનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી)

ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન

સુભાષ બ્રીજ પાસે, જામનગર - રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

ફોન : ૦૨૮૮-૨૫૭૦૨૨૧ ૯૪૨૮૭ ૨૭૬૨૩, ૭૦૧૬૩ ૬૮૭૮૧

email : info@jamnagarchamber.org web. : www.jamnagarchamber.org

nulife
*a poem by nature*

# SUMMER VACATION

## Weekend Masti



: Timing :

10:00 AM To 01:00 PM

03:00 PM To 06:00 PM

Nr. Lakhabavad Crossing,
Jamnagar Khambhalia Highway, **Jamnagar.**

**Contact us**

**+91 97202 88888**

**www.nulife.space**

ESTD. : 22-5-1933

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
## ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન
સુભાષ બ્રીજ પાસે, જામનગર-રાજકોટ હાઈવે, જામનગર-૩૬૧૦૦૧ (ગુજરાત) ઈન્ડિયા.

**"કળયુગમાં દાન એ એક માત્ર ધર્મ છે."**

**ચેમ્બરના હોદ્દેદારશ્રીઓ સને ૨૦૨૩-૨૫**

પ્રમુખ
**બિપેન્દ્રસિંહ સી. જાડેજા**
રેસી. : ૨૫૫ ૯૭૯૮
મો. : ૯૮૨૪૮ ૧૨૫૧૨

ઉપપ્રમુખ
**રમણીક પી. અકબરી**
ઓ. : ૨૫૬૦૦૨૨૨, ૨૫૬૦૩૩૩
રેસી. : ૨૫૫૬૬૩૪
મો. : ૯૮૯૮૦ ૯૭૧૫૩

માનદ્ મંત્રી
**અક્ષત વ્યાસ**
ઓ. : ૨૭૫૭૮૨૮, ૨૬૭૬૮૧૧
રેસી. : ૨૭૫૪૫૩૯
મો. : ૯૮૯૮૨ ૬૫૧૧૧

માનદ્ સહમંત્રી
**કૃણાલ વી. શેઠ**
ઓ. : ૨૫૬ ૦૯૦૧
રેસી. : ૨૫૫૮૪૧૨
મો. : ૯૮૨૫૦ ૫૦૮૦૯

માનદ્ ખજાનચી
**અજેશ વી. પટેલ**
ઓ. : ૨૭૫ ૭૩૫૫, ૨૭૫ ૭૩૭૭
રેસી. : ૨૫૫ ૨૫૬૭, ૨૫૫ ૬૩૨૭
મો. : ૯૮૨૫૨ ૧૧૮૪૦

માનદ્ ઓડીટર
**તુષાર રામાણી**
મો. : ૯૯૯૮૪ ૩૦૩૦૩

માનદ્ સંપાદક
**સુધીર એન. વછરાજાની**
ઓ. : ૨૫૫૨૦૨૪, ૨૫૫૩૫૮૬
રેસી. : ૨૫૫૭૯૪૧
મો. : ૯૮૨૫૨ ૧૨૧૯૯

તંત્રી સ્થાનેથી...

પ્રિય સ્નેહી સભ્યશ્રીઓ,

સંસ્થાના વર્ષ ૨૦૨૪-૨૫ ના ફેબ્રુઆરી -માર્ચ માસના ચેમ્બર બુલેટિનના આ છઠા અંકમાં ઉપર મુજબના એક સુંદર સુવિચાર સાથે આપ સર્વેને આવકારૂં છું.

મિત્રો આપણે જાણીએ છીએ કે ભારત સરકાર આ વર્ષે નવું બજેટ બહાર પાડી ચૂક્યા છે જેમાં કેન્સરની દવામાં રાહત થશે, સ્ટાર્ટઅપ માટે વધુ ફંડ ફાળવવામાં આવ્યું છે, સિનિયર સીટીઝન ને ૧ લાખના બેન્ક વ્યાજ પર કપાત નહીં, ગિગ વર્કર્સને ઓળખ -પત્ર મળશે, એસસી અને એસટી મહિલાઓ ને ૨ કરોડ સુધીની લોન, વીમા સેક્ટરમાં ૧૦૦% વિદેશી રોકાણને મંજૂરી, ઈવી બેટરી નિર્માણ સામગ્રી પર કસ્ટમ ડ્યૂટી દૂર કરાઈ, રોજગાર ક્ષેત્રે પાંચ વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં ૨ કરોડથી વધુ ને કામ, સોના અને ચાંદીના આયાતી આભૂષણ સસ્તા થશે, ખેડૂતો સબસીડીવાળા કાર્ડ પર ૫ લાખ સુધી લોન લઈ શકશે.

'વન નેશન, વન ઈલેક્શન' એ ભારત સરકાર દ્વારા ચૂંટણી ખર્ચમાં ઘટાડો કરવાના ઉદેશ્ય સાથે એક જ દિવસે અથવા ચોક્કસ સમય મર્યાદામાં તમામ ચૂંટણીઓને સુમેળ કરવા માટે વિચારણા હેઠળનો પ્રસ્તાવ કરેલ છે. તમામ ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભા અને રાજ્ય વિધાન સભાની ચૂંટણીઓ એક સાથે કરાવવાની તેની સૌથી નોંધપાત્ર દરખાસ્તોમાની એક છે, આ બિલ ૧૭ મી ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ ભારતીય સંસદમાં નીચલા ગૃહ લોકસભા માં રજૂ કરવામાં આવ્યું હતું.

સ્થાનિક મુદ્દાઓ ની જો વાત કરીએ તો :

૧) શહેરની મધ્યમાં જ નિર્મિત થઈ રહેલ ઓવરબ્રીજ નું કાર્ય ખુબ જ ધીમી ગતિએ ચાલે છે પરંતુ હાલમાં જામનગર મહાનગર-પાલિકાના અધિકારીઓ દ્વારા મીડિયા સાથે ની વાતચીતમાં જાહેર કરવામાં આવ્યું છે કે જૂન-૨૦૨૫ ના અંતે આ પુલ પૂર્ણ રૂપે કાર્યરત થઈ જશે. તેથી ટ્રાફિકની સમસ્યામાં આંશિક રૂપે રાહત મળશે કે કેમ એ તો આવનારો સમય જ જવાબ આપશે.

૨) આધારભૂત માહિતીની દ્વારા જાણવા મળેલ છે કે રાજકોટ-કાનાલુસ વચ્ચે રેલ્વે દ્વારા ડબલ લાઈનની કામગીરી ખુબ જ ઝડપે ચાલી રહેલ છે અને રાજકોટ-હડમતીયા રેલ્વે સ્ટેશન સુધી કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. આપણે આશા રાખીએ કે આ સંપૂર્ણ કાર્ય ઓક્ટોબર થી ડિસેમ્બર-૨૦૨૫

સુધીમાં પૂર્ણ થઇ જશે અને રેલ્વે દ્વારા વધારાની ટ્રેનો ફાળવવામાં આવશે અને મુસાફરીના સમયમાં ઘટાડો થાય તેવી આશા રાખી શકાય.

૩) મર્સિડીઝ બેન્ઝ દુનિયાભરના ઉદ્યોગપતિઓ માટે જાણીતું નામ છે, આ કંપનીના કોર્પોરેટ ડિસ્કાઉન્ટ સ્કીમ હેઠળ ચેમ્બરના સભ્યોને માતબર ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે અને આ સ્કીમનો ફાયદો અનેક સભ્યોએ મેળવેલ છે તેવી જ રીતે વિશ્વના ૧૬૦ દેશોમાં પોતાના હકારાત્મક કામો માટે જાણીતી એવી હાર્ટફૂલનેસ ઇન્સ્ટીટ્યુટ હૈદરાબાદ સાથે એક એમઓયુ કરી ચેમ્બરના સભ્યો અને તેઓના પરિવાર, કામદારો, સ્ટાફ મળીને કુલ ૧૮૦૦ થી વધુ વ્યક્તિ ઓ માટે વ્યક્તિગત નિઃશુલ્ક રીતે સ્ટ્રેસ મેનેજમેન્ટ કોર્ષનું આયોજન કરાયેલ અને હાર્ટફૂલનેસ સંસ્થા દ્વારા જામનગર શહેરમાં મહાનગર પાલિકા હસ્તકની જગ્યાઓ પર ૫૦૦૦૦ થી વધુ સેપલિંગ વાવેતરમાં સહયોગ પૂરો પડાયો અને આ વર્ષે ચેમ્બર દ્વારા સભ્યશ્રીઓને ચાંદીના સિક્કા (૫ ગ્રામ) ના સભ્યપદ ભેટ સ્વરૂપે આપેલ છે. આટલાથી પુરૂ ન હોય તેમ હવે ચેમ્બરના સભ્યો અમદાવાદની પ્રતિષ્ઠિત પેલેડિયમ મોલમાં અનેક ખરીદીઓ અને સેવાઓ ઉપર માતબર ડિસ્કાઉન્ટ કાર્ડ મેળવી શકશે.

ચેમ્બરના સર્વે હોદ્દેદારો, સભ્યો, વેપારીઓ તેમજ ઉદ્યોગકારો માટેના નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ ખુબ જ આર્થિક અને શારીરિક રીતે ઉન્નતિ અપાવનારૂં નિવડે એવી શુભેચ્છા પાઠવીએ છીએ.

અંતમાં ૨૦૨૩-૨૫ ની આ ટર્મ પૂર્ણ થઇ રહેલ છે અને આ ટર્મનો આ છેલ્લો અંક છે તેથી ચેમ્બરના કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, પેનલના ચેરમેનશ્રીઓ કે જેમણે સાથ સહકાર આપ્યો છે અને જાહેરાતના માધ્યમથી સાથ સહકાર આપનાર ઉદ્યોગકારોનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું અને આવનારા વર્ષોમાં પણ આવો જ સાથ અને સહકાર સંસ્થાને આપતા રહેશો એવી આશા સાથ,

છેલ્લે સુંદર વિચાર સાથે મારી કલમને વિરામ આપું છું.

**''એક સારો વિચાર અનેક ખોટા વિચારને દૂર કરી શકે છે.''**

અસ્તુ...

**સુધીર એન. વછરાજાની**
માનદ્ સંપાદકશ્રી

## જામનગર ચેમ્બર દ્વારા થયેલ કાર્યવાહીની નોંધ

| | |
|---|---|
| ૨૪/૦૧/૨૦૨૫ | શ્રી ડી. એન. મોદી, માન. કમિશ્નર શ્રી વિનોદભાઇ ખીમસૂર્યા, માન. મેયરશ્રી, શ્રી નિલેષભાઇ બી. કગથરા, માન. ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમિટી, જામનગર મહાનગરપાલિકા, જામનગરને જામનગર શહેરના નવા વિકસીત વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવા બાબત પત્ર દ્વારા રજુઆત. |
| ૨૯/૦૧/૨૦૨૫ | ચેરમેનશ્રી, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ, નવી દિલ્હીને રીફંડ માટે આવકવેરા પોર્ટલ પર બેંક ખાતાની માન્યતા બાબત પત્ર દ્વારા રજુઆત. |
| ૦૭/૦૨/૨૦૨૫ | શ્રી નરેન્દ્ર મોદીજી, માન. પ્રધાન મંત્રીશ્રી, નવી દિલ્હીને નોન-મેટલ સ્ક્રેપ પર કસ્ટમ ડ્યૂટી માફ કરવા બદલ આભાર પત્ર. |
| ૦૭/૦૨/૨૦૨૫ | શ્રી નિર્મલાબેન સીતારામને, માન. નાણાંમંત્રીશ્રી, નવી દિલ્હીને નોન-ફેરસ મેટલ સ્ક્રેપ પર કસ્ટમ ડ્યૂટી નાબૂદ કરવા બદલ આભાર પત્ર. |
| ૦૭/૦૨/૨૦૨૫ | શ્રીમતિ પૂનમબેન માડમ, માન. સાંસદશ્રી, જામનગર-દેવભૂમિ દ્વારકા, જામનગરને નોન-ફેરસ મેટલ સ્ક્રેપ પર કસ્ટમ ડ્યૂટી નાબૂદ કરવાની હિમાયત કરવા બદલ આભાર પત્ર. |
| ૧૪/૦૨/૨૦૨૫ | શ્રી નિર્મલાબેન સીતારામને, માન. નાણામંત્રીશ્રી, નવી દિલ્હીને બજેટ પછી મૂડી કર લાભ કરવેરા અને કલમ- ૮૭-એ, લાભોમાં કર સુધારા માટે વિનંતી કરતો પત્ર. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી પંકજકુમાર સિંઘ, માન. એડીશનલ સેક્રેટરી, જી.એસ.ટી. કાઉન્સીલ, નવી દિલ્હીને કાર્બન ક્રેડીટ પર કરવેરા અંગે માર્ગદર્શક જાહેર કરવા અંગે વિનંતી પત્ર. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી કનુભાઇ દેસાઇ, માન. નાણામંત્રીશ્રી, ગુજરાત સરકાર તથા મેમ્બર જી.એસ.ટી. કાઉન્સીલ, ગાંધીનગર ને જી.એસ.ટી. હેઠળ કાર્બન ક્રેડીટ સંબંધીત સ્પષ્ટીકરણ કરવા અંગે વિનંતી પત્ર. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રીમતી  નિર્મલા સિતારામને, માન. નાણામંત્રીશ્રી, ભારત સરકાર, નવી દિલ્હીને જી.એસ.ટી. હેઠળ કાર્બન ક્રેડીટ સંબંધિત માર્ગદર્શિકા જાહેર કરવા અંગે વિનંતી પત્ર. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી સંજય કુમાર અગ્રવાલ, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ, નવી દિલ્હીને કાર્બન ક્રેડીટ પર કરવેરા અંગે માર્ગદર્શિકા જાહેર કરવા અંગે વિનંતી પત્ર. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી પુનમબેન માડમ, માન. સાંસદશ્રી, જામનગર તથા દેવભૂમિ દ્વારકાને કાર્બન ક્રેડીટ પરના જી.એસ.ટી. સંબંધીત રજુઆત પર ફોલો-અપ કરવા વિનંતી પત્ર. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી પિયુષભાઇ ગોયલજી, માન. મંત્રીશ્રી, કોમર્સ અને ઇન્ડસ્ટ્રી, નવી દિલ્હીને નોન-પ્રેફરન્શીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીનની ઓનલાઇન એપ્લીકેશનની પ્રોસેસને સીમ્પ્લીફીકેશન અને રેક્ટીફીકેશન કરવા બાબત પત્ર દ્વારા રજુઆત. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી સંતોષકુમાર સારંગજી, માન. એડીશ્નલ સેક્રેટરી અને ડી.જી.એફ.ટી., નવી દિલ્હીને નોન-પ્રેફરન્શીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીનની ઓનલાઇન એપ્લીકેશનની પ્રોસેસને સીમ્પ્લીફીકેશન અને રેક્ટીફીકેશન કરવા બાબાત પત્ર દ્વારા રજૂઆત. |
| ૨૪/૦૨/૨૦૨૫ | શ્રી એ. બિપીન મેનનજી, માને એડીશ્નલ ડી.જી.એફ.ટી., નવી દિલ્હીને નોન-પ્રેફરન્શીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીનની ઓનલાઇન એપ્લીકેશનની પ્રોસેસને સીમ્પ્લીફીકેશન અને રેક્ટીફીકેશન કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત. |

૨૪/૦૨/૨૦૨૫ શ્રી એ. બિપીન મેનનજી, માને એડીશનલ ડી.જી.એફ.ટી., નવી દિલ્હીને નોન-પ્રેફરન્શીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીનની ઓનલાઇન એપ્લીકેશનની પ્રોસેસને સીમ્પ્લીફેકેશન અને રેક્ટીફીકેશન કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૨૪/૦૨/૨૦૨૫ શ્રી કે. વી. તીરૂમાલાજી, માન. જોઇન્ટ ડી.જી.એફ.ટી., નવી દિલ્હીને નોન-પ્રેફરન્શીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીનની ઓનલાઇન એપ્લીકેશનની પ્રોસેસને સીમ્પ્લીફીકેશન અને રેક્ટીફીકેશન કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૨૪/૦૨/૨૦૨૫ શ્રી મનોજકુમાર મીનાજી, માન. ડેપ્યુટી ડાયરેક્ટર, ડી.જી.એફ.ટી., નવી દિલ્હીને નોન-પ્રેફરન્શીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીનની ઓનલાઇન એપ્લીકેશનની પ્રોસેસને સીમ્પ્લીફીકેશન અને રેક્ટીફીકેશન કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

૨૪/૦૨/૨૦૨૫ શ્રી પુનમબેન માડમ, માન. સાંસદશ્રી, જામનગર તથા દેવભૂમિ દ્વારકાને ઓનલાઇન સર્ટીફીકેટ ઓફ ઓરીજીન અરજી પ્રક્રિયા અંગે મંત્રાલયને રજુઆત કરવા પત્ર દ્વારા રજૂઆત.

૨૮/૦૨/૨૦૨૫ શ્રી નરેન્દ્રભાઇ મોદીજી, માન. વડાપ્રધાનશ્રી, નવી દિલ્હીને સરકારી પાલન માટે ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેશન અંગે પત્ર દ્વારા રજૂઆત.

૨૮/૦૨/૨૦૨૫ શ્રી નિર્મલાબેન સીતારમણજી, માન. નાણામંત્રીશ્રી, નવી દિલ્હીને સરકારી પાલન માટે ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેશન અંગે પત્ર દ્વારા રજૂઆત.

૨૮/૦૨/૨૦૨૫ શ્રી અશ્વિની વૈશ્નવજી, માન. મંત્રીશ્રી, ઇલેક્ટ્રોનીક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલીજી, નવી દિલ્હીને સરકારી પાલન માટે ડીજીટલ સીગ્નેચર સર્ટીફીકેશન અંગે પત્ર દ્વારા રજૂઆત.

૨૮/૦૨/૨૦૨૫ શ્રી તુલીન કાન્તા પાંડ્યા, માન. ચેરમેન, સેબી, મુંબઇને અભિનંદન આપતો પત્ર.

૨૮/૦૨/૨૦૨૫ શ્રી અર્જૂન રામ મેઘવાલજી, માન. મંત્રીશ્રી, લો અને જસ્ટીસ, ભારત સરકાર, નવી દિલ્હીને વિલંબ અને મેન્યુઅલ હસ્તક્ષેપને દૂર કરવા માટે ડીઝીટલ સહી અને આવકવેરા ટ્રિબ્યુનલના આદેશના ઓનલાઇન કરવા માટે રજૂઆત કરતો પત્ર.

૨૮-૦૨-૨૦૨૫ શ્રી નિર્મલાબેન સીતારામનજી, માન. નાણામંત્રીશ્રી, ભારત સરકાર, નવી દિલ્હીને વિલંબ અને મેન્યુઅલ હસ્તક્ષેપને દુર કરવા માટે ડીઝીટલ સહી અને આવકવેરા ટ્રિબ્યુનલના આદેશના ઓનલાઇન કરવા માટે રજૂઆત કરતો પત્ર.

૦૧-૦૩-૨૦૨૫ શ્રી રાજીવ ટોપનોજી (આઇ.એ.એસ.) માન. ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્સીસ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ને રાજ્ય કર અધિકારીઓના સંપર્ક વિગતો અધિકાર ક્ષેત્રની માહિતી સાથે પ્રકાશિત કરવા બાબતનો પત્ર.

૦૭-૦૩-૨૦૨૫ શ્રી અર્જુન પ્રધાનજી, માન. જોઇન્ટ કમિશ્નર (ઓડિટ સી.જી.એસ.ટી. અને સેન્ટ્રલ એક્સાઇઝ, રાજકોટને જી.એસ.ટી. ઓડિટમાં પારદર્શિતા અને વ્યાવસાયીકરણને મજબુત બનાવવા અંગે પ્રશંસા કરતો પત્ર.

૧૭-૦૩-૨૦૨૫ શ્રી રાજીવ પોટનોજી (આઇ.એસ.એસ.) માન. ચીફ કમિશ્નર ઓફ સ્ટેટ ટેક્સીસ, ગુજરાત રાજ્ય, અમદાવાદને જામનગર ખાતે સંયુક્ત કમિશ્નરશ્રીની નિમણુંક કરવા બાબત રજૂઆત પત્ર.

૨૪-૦૩-૨૦૨૫ શ્રી ભુપેન્દ્ર પટેલ, માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને કોઇ ખાસ કિસ્સાઓમાં મિલકતો તબદીલ કરવા સ્ટેમ્પ ડ્યુટી રદ કરવા બાબત પત્ર દ્વારા રજૂઆત.

## :: મિટિંગ ::

| | |
|---|---|
| ૨૮-૦૧-૨૦૨૫ | આજરોજ ચેમ્બર ખાતે જી.એસ.ટી. ની એમ્નેસ્ટી સ્કીમ બાબત માર્ગદર્શક સેમિનાર યોજાયેલ હતો. |
| ૨૯-૦૧-૨૦૨૫ | આજરોજ સંસ્થાની કારોબારી સમિતિની ૧૦ મી બેઠક સાંજના ૦૫-૩૦ કલાકે યોજાયેલ હતી. |
| ૦૪-૦૨-૨૦૨૫ | આજરોજ કેન્દ્રીય યુનિયન બજેટ ૨૦૨૫-૨૬ અંગેનો પોસ્ટ બજેટ માર્ગદર્શક સેમિનાર યોજાયેલ હતો. |
| ૨૪-૦૨-૨૦૨૫ | આજરોજ સંસ્થાની કારોબારી સમિતીની ૧૧ મી બેઠક સાંજના ૪.૪૫(પોણા પાંચ) કલાકે યોજાયેલ હતી. |
| ૨૪-૦૨-૨૦૨૫ | આજરોજ જામનગર જિલ્લાના નવ નિયુક્ત કલેક્ટશ્રી કેતનભાઇ ઠક્કર, આઇ.એ.નો સન્માન સમારંભ ૦૫.૩૦ (સાડા પાંચ) કલાકે યોજાયેલ હતો. |
| ૦૪-૦૩-૨૦૨૫ | જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ઓપન હાઉસ બેઠક. |
| ૧૭-૦૨-૨૦૨૫ | ટ્રાફિક સલાહકાર સમિતિની બેઠકમાં ચેમ્બર ના પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ હાજરી આપેલ હતી. |
| ૨૧-૦૩-૨૦૨૫ | આજરોજ ગાંધીનગર ખાતે ઇન્ડેક-બી દ્વારા મહાત્મા મંદિર ખાતે રાજ્યના મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાથે યોજાયેલ બેઠકમાં ચેમ્બરના પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ હાજરી આપેલ હતી. |
| ૨૪-૦૩-૨૦૨૫ | આજરોજ સંસ્થાની કારોબારી સમિતિની ૧૨ (બાર) મી બેઠક સાંજના ૦૫.૩૦ કલાકે યોજાયેલ હતી. |

### નવાંગુતકોને આવકાર અને અભિનંદન
### ચેમ્બર પરિવારમાં નવા દાખલ થયેલ સભ્યશ્રીઓને આવકારીએ છીએ.

| ક્રમ | સભ્ય પેઢીનું નામ | અધિકૃત પ્રતિનિધિશ્રીઓના નામ તથા હોદ્દો | વિભાગ નંબર |
|---|---|---|---|
| ૧. | મે. નિયતી | શ્રી નિતેષ કોટેચા, ભાગીદાર<br>શ્રી નિયતી કોટેચા, ભાગીદાર | ૦૧ |
| ૨. | મે. ઇઝી બીઝનેશ સર્વિસી એલએલપી. | શ્રી અનવર તાતરીયા, મેનેજીંગ પાર્ટનર<br>શ્રી ગઝાલા તાતરીયા, પાર્ટનર | ૧૧ |

# ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લિમીટેડ

રજીસ્ટર્ડ ઓફીસ : ૬ઠે માળે, બંજારીયા ચેમ્બર્સ, કે.વી.રોડ, જામનગર-૩૬૧ ૦૦૧
e-mail: adm@cocobankjamnagar.in Phone : 0288-2550290/2510501

**૮ શાખાઓ**

**બેંકની નાણાંકીય સ્થિતિ તા. તા.૩૧-૦૩-૨૦૨૫ (અન-ઓડિટેડ)** (રૂ.લાખમાં)

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | રૂ. ૧૭૪.૮૯ | રોકાણો | રૂ. ૨૫,૧૫૦.૬૭ |
| રિર્ઝવ ફંડ | રૂ. ૬,૫૯૨.૦૦ | ધિરાણો | રૂ. ૨૨,૯૦૮.૨૨ |
| થાપણો | રૂ. ૩૯,૧૩૪.૯૨ | ચોખ્ખો નફો (૩૧-માર્ચ-૨૦૨૫) | રૂ. ૬૨૧.૩૬ |
| નેટ એન.પી.એ. - **0.00 %** | | | |

**બેંકની વિવિધ ધિરાણ સવલતો:** (રૂ.લાખમાં)

| | | | |
|---|---|---|---|
| હાઈપોથીકેશન અથવા પ્લેજ | રૂ.૬૫૦ | ઔદ્યોગીક શેડ બાંધકામ માટે | રૂ. ૬૫૦ |
| સ્થાવર મિલ્કત સામે ધીરાણ | રૂ.૫૦૦ | નવી મશીનરી ખરીદવા માટે | રૂ. ૬૫૦ |
| માર્ગ અને જળ પરિવહનના સાધનો માટે | રૂ. ૫૦૦ | બિલ્સ પરચેઈઝડ | રૂ. ૮ |
| ઘર/ફલેટ ખરીદવા માટે | રૂ. ૧૪૦ | સોના સામે ધિરાણ: | |
| એજ્યુકેશન લોન | રૂ. ૫ | સભાસદ માટે | રૂ. ૫ |
| બુક-ડેબ્સ સામે ધિરાણ | રૂ. ૫ | નોમિનલ સભાસદ માટે | રૂ. ૧ |
| ઘર ઉપયોગી ચીજો માટે | રૂ. ૧૦ | એન.એસ.સી. સામે ધિરાણ | |

**એ. ટી. એમ.-ડેબીટ કાર્ડ ✧ મોબાઈલ બેન્કીંગ અને U.P.I. ✧ લોકરની સુવીધા**

**વ્યાજના દરો**

**ડીપોઝીટના વ્યાજના દર તા.૦૧-૧૧-૨૦૨૩થી**

- ૩૦ દિવસથી ૯૦ દિવસ — ૩.૫૦ %
- ૯૧ દિવસથી ૧૭૯ દિવસ — ૪.૦૦%
- ૧૮૦ દિવસથી ૩૬૪ દિવસ — ૫.૨૫%
  ૧ વર્ષ થી ૨ વર્ષ સુધી (સીની.સીટીઝનને ૦.૫૦% વધુ) — ૭.૫૦%
- ૨ વર્ષ થી ઉપર ૧૦ વર્ષ સુધી (સીની.સીટીઝનને૦.૫૦% વધુ) — ૭.૦૦%
- સેવીંગ્ઝ ખાતામાં (વાર્ષિક) — ૩.૫૦%

૧ વર્ષ થી ૨ વર્ષ સુધી (જેમા એક કરોડ થી વધુ **રકમની એકજ** નામની નોન કોલેબલ રસીદ ઉપર ૦.૨૫% વધુ વ્યાજ (શરતો આધીન)

**ધિરાણના વ્યાજના દર તા.૦૧-૧૧-૨૦૨૩થી**

- હાઉસીંગ લોન — ૮.૫૦%
- કાર લોન — ૮.૫૦%
- સી.સી-હાઈપોથીકેશન રૂ.૨૫ લાખ સુધી — ૮.૫૦%
- સી.સી-હાઈપોથીકેશન ૨૫ લાખથી ઉપર — ૯.૨૫%
- સીક્યો.ઓ.ડી. — ૯.૫૦%/૧૦.૦૦ %
- મશીનરીઅને ઈક્વીપમેન્ટ સામે ધિરાણ — ૯.૫૦%
  પ્રોપર્ટી સામે — ૧૦.૫૦%

**પ્રવિણચંદ્ર વી. ચોટાઈ**
**ચેરમેન**

**ડૉ.બીપીનચંદ્ર ટી. વાઘર**
**વાઈસ ચેરમેન**

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ**

| | | |
|---|---|---|
| શ્રી જીતેન્દ્રકુમાર એસ.શાહ | શ્રી જયંતીલાલ એસ. ચંદરીયા | શ્રી જીતેન્દ્ર એચ.લાલ |
| શ્રી કેતનકુમાર એન.માટલીયા | શ્રી વિઠ્ઠલદાસ આર.માકડીયા | શ્રી વિજય કે. સંઘવી |
| શ્રીમતી ભારતીબેન એચ.પટેલ | શ્રીમતી અસ્મીતાબેન એચ.શાહ | શ્રી જમનાદાસ એસ. સીયાણી |
| શ્રી વિવેકભાઈ એ. ગાંધી<br>**પ્રોફેશનલ ડાયરેક્ટર** | શ્રી ધવલભાઈ કે.શાહ<br>**પ્રોફેશનલ ડાયરેક્ટર** | શ્રી સુરેશ ડી.રાયઠઠ્ઠા<br>**જનરલ મેનેજર & CEO** |
| શ્રી ભાવીનભાઈ એસ.કામદાર<br>BOM-સભ્ય | શ્રી જયંતીલાલ પી.ઝાપરીયા<br>BOM-સભ્ય | શ્રી પુશ્પાબેન આર.ઠકકર<br>BOM-સભ્ય |

# બજેટમાં ૩૭ વસ્તુઓ પરની કસ્ટમ્સ ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવ્યો

નાણામંત્રી નિર્મલા સીતારામણે આજે રજૂ કરેલા બજેટમાં આયાત નિકાસની ટેરિફમાંથી સાત ટેરિફની બાદબાકી કરી દીધી છે. જો કે ટેરીફની આવકમાં ઘટાડો ન થાય તે માટે તેના પર યોગ્ય પ્રમાણમાં સેસ લગાવી દીધી છે. અલબત તેના પર એક વાર સેસ કે સરચાર્જ લાગે તેનાથી વધુ બોજો ન આવે તેની તકેદારી રાખવામાં આવી છે. જુદી જુદી વસ્તુઓ પરની બેઝિક કસ્ટમ્સ ડ્યૂટીમાં ઘટાડો કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે એક મત એવો છે કે પ્રધાનમંત્રી અમેરિકાની યાત્રાએ જાય તે પૂર્વેના કોમ્પ્રોમાઇઝ તરીકે આ ઘટાડો કરવામાં આવ્યો છે.

## આયાતી કાચા માલનો ઉપયોગ કરીને પ્રોડક્ટ્સ તૈયાર કરવાની સમયમર્યાદા છ માસથી વધારી ૧ વર્ષ કરી

કેન્દ્ર સરકારના પ્રસ્તુત નિર્ણયને પરિણામે સ્થાનિક સ્તરે મેન્યુફેક્ચરિંગ કરનારાઓને ટેકો મળશે. તેમજ મૂલ્ય વૃદ્ધિ કરનારાઓની સંખ્યામાં વધારો થશે, એમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ચંદ્રેશ શાહનું કહેવું છે. તેમ જ ભારતમાંથી નિકાસ કરનારાઓની સંખ્યામાં વધારો થશે. છત્રીસ દવાઓ અને લાઇફ સેવિંગ ડ્રગ્સ પરની ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવ્યો છે. કેન્સરની દવા, જવેલ્લે જ થતાં રોગની દવાઓ પરની ડ્યૂટી ઘટાડી છે. ૧૩ નવી દવા સહિત ૩૭ દવાઓ પરની ડ્યૂટી ઘટાડી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું કહેવું છે કે અત્યારે કસ્ટમ્સ એક્ટ ૧૯૬૨ ની જોગવાઇ હેઠળ પ્રોવિઝનલ એસેસમેન્ટને ફાઇનલ કરવાની કોઇ જ વ્યવસ્થા નથી. પરિણામે ટ્રેડની કોસ્ટની બાબતમાં અનિશ્ચિતતા જોવા મળે છે. તેથી પ્રોવિઝનલ એસેસમેન્ટની સમયમર્યાદા જે બે વર્ષની હતી તે વધારીને ત્રણ વર્ષની કરી દેવામાં આવી છે. આમ બિઝનેશ કરનારાઓને સરળતા કરી આપી છે.

કસ્ટમ્સ એક્ટમાં નવી કલમ ૧૮ ઉમેરવામાં આવી છે. તેને પરિણામે આયાતકાર અને નિકાસકારોને ગુડ્સનું કસ્ટમ્સ ક્લિયરન્સ થઇ ગયા પછી તેના અંગેની હકીકતોની જાહેરાત કરવાની છૂટ મળશે. આ છૂટ મળતાં વાસ્તવિકતા જાહેર કરીને તેના પ્રમાણમાં ભરવાની થતી કસ્ટમ્સ ડ્યૂટી ભરવા દેવાશે. તેમની પાસેથી તે માટે પેનલ્ટી પણ વસૂલવામાં આવશે નહીં. આ જોગવાઇને પરિણામે સ્વૈચ્છિક કોમ્પ્લાયન્સમાં વધારો થશે. ડિપાર્ટમેન્ટે ઓડિટની કે પછી તપાસની કાર્યવાહી ચાલુ કરી દીધી હશે તેવા જ કેસોમાં આ જોગવાઇનો લાભ આપવામાં આવશે.

## જુદી જુદી વસ્તુઓ પરની જૂની અને નવી કસ્ટમ્સ ડ્યૂટી

| વસ્તુ | હાલના દર (ટકામાં) | બજેટમાં સૂચવેલા દર ટકામાં | વધ્યા ઘટ્યા |
|---|---|---|---|
| દાગીના અને તેના ભાગ | ૨૫ | ૨૦ | ઘટ્યા |
| એથરનેટ સ્વિચ કેરિયર ગ્રેડ | ૨૦ | ૧૦ | ઘટ્યા |
| એલપીજી-નોન ઓટોમોટીવ | ૧૫ | ૦૫ | ઘટ્યા |
| એલપીજી ઓટોમોટિવ | ૧૫ | ૦૫ | ઘટ્યા |
| સોલાર સેલ | ૦૦ | ૭.૫ | વધ્યા |
| લિથિયમ આયન બેટરી સ્ક્રેપ | ૦૫ | ૦૦ | ઘટ્યા |
| ૧૦ પેસેન્જરની મોટર વાહન | ૦૦ | ૨૦ | વધ્યા |
| જૂની મોટર | ૦૦ | ૬૭.૫ | વધ્યા |
| વીજળીના સ્માર્ટ મીટર | ૦૦ | ૭.૫ | વધ્યા |
| સીટ અને તેના હિસ્સા | ૦૦ | ૦૫ | વધ્યા |
| મેટ્રેસ, બેડીંગની વસ્તુઓ | ૦૦ | ૦૫ | વધ્યા |
| ઇલેક્ટ્રોનિક્સ રમકડાં | ૦૦ | ૦૫ | વધ્યા |
| ઇલેક્ટ્રોનિક્સ રમકડાનાં ભાગ | ૦૦ | ૭.૫ | વધ્યા |
| લેબોરેટરી કેમિકલ્સ | ૦૦ | ૭૦ | વધ્યા |
| વેટ બ્લ્યુ લેધર | ૧૦ | ૦૦ | ઘટ્યા |
| ક્રસ્ટ લેધર | ૨૦ | ૦૦ | ઘટ્યા |
| માર્બલ-ટર્વેન્ટાઇન ક્રૂડ | ૪૦ | ૨૦ | ઘટ્યા |
| ગ્રેનાઇટ, ક્રૂડ, રફ બ્લોક્સ | ૪૦ | ૨૦ | ઘટ્યા |
| કેન્ડલ્સ ટેપર્સ | ૨૫ | ૨૦ | ઘટ્યા |
| બનાવેલા બાઇન્ડર્સ-કેમિકલ | ૧૭.૫ | ૭.૫ | ઘટ્યા |
| પગરખાં | ૩૫ | ૨૦ | ઘટ્યા |
| તાંબાનો ભંગાર | ૨.૫ | ૦૦ | ઘટ્યા |
| પ્લેટિનમ ફાઇન્ડિંગ્સ | ૨૫ | ૦૫ | ઘટ્યા |
| ડ્યૂટીને પાત્ર વસ્તુઓ | ૧૦૦ | ૭૦ | ઘટ્યા |
| આયાતડ્યૂટીને પાત્ર વસ્તુઓ | ૩૫ | ૨૦ | ઘટ્યા |

### ૧૨ જાહેરાતો, જે આપને સીધી અસર કરશે

# ઈવી સસ્તાં થશે, કોન્ટ્રાક્ટ પર ડિલિવર કરનારા ગિગ વર્કર્સને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે.

**૧. કેન્સરમાં રાહત : દવાઓ સસ્તી, દરેક જિલ્લામાં શરૂ થશે ડે કેર સેન્ટર**

બજેટમાં કેન્સરના દર્દીઓ પર પુરું ફોક્સ કરવામાં આવ્યું. જેમાં સરકાર તમામ ૭૯૨ જિલ્લામાં કેન્સર ડે સેન્ટર શરૂ કરશે. આ વર્ષે ૨૦૦ જિલ્લામાં શરૂ થશે . ૩૬ જીવન રક્ષક દવાઓ પર કોઇ કસ્ટમ્સ ડ્યૂટી નહીં લાગે. ૬ જીવન રક્ષક દવાઓ ઉપર પણ કસ્ટમ ડ્યૂટી ૫% કરવામાં આવશે. તેનાથી કેન્સર સહિત અનેક જટિલ બીમારીઓની મોંઘી દવાઓ સસ્તી થશે. ૧૩ નવા રોગી સહાયતા કાર્યક્રમ પણ ફ્રી રહેશે.

**અસર :** કેન્સર સારવારની ૯૫% સુવિધાઓ શહેરોમાં જાહેરાતથી ગામોમાં સારવાર શરૂ થશે.

**૨. સ્ટાર્ટઅપ : ૧૦ હજાર કરોડનું ફંડ, આવકની છૂટ ૫ વર્ષ લંબાવી.**

નવા ઉદ્યમીઓને પ્રોત્સાહન આપવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું ફંડ ઊભું કરાશે. તેનાથી વેન્ચર કેપિટલ રોકાણ પ્રોત્સાહિત થશે. નવા ફંડ આ એકમોને આર્થિક મદદ આપશે. સ્ટાર્ટઅપને મળનારી આવક છૂટ ૨૦૨૫ માં સમાપ્ત થઇ રહી હતી, જેને વધારીને ૨૦૩૦ કરી દેવાઇ છે. આ ઉપરાંત, દેશમાં ૫૦૦ કરોડ રૂપિયામાં ત્રણ એઆઇ ઉત્કૃષ્ટતા કેન્દ્ર શરૂ કરાશે, જે એઆઇ કૌશલને પ્રોત્સાહન આપશે.

**અસર :** તમામ ૧.૫૨ લાખ સ્ટાર્ટઅપ ૧૭ લાખ જોબ આપી રહી છે. નવા ફંડથી નવા એકમો ઊભા થશે.

**૩. સિનિયર સિટિઝન : ૧ લાખના બેન્ક વ્યાજ પર કપાત નહીં**

પહેલી-બેન્ક વ્યાજથી ૧ લાખ રૂપિયા સુધીની કમાણી પર ટીડીએસ નહીં કપાય. પહેલા આ મર્યાદા ૫૦ હજાર રૂપિયા હતી. બીજી-જેમની પાસે જૂના નેશનલ સેવિંગ્સ સ્કીમ (એનએસએસ) ખાતા છે અને જેમાં હવે વ્યાજ નથી મળતું. તેમાં ઓગષ્ટ ૨૦૨૪ બાદ કરવામાં આવેલા ઉપાડ ટેક્સ ફ્રી. એનપીએસ વાત્સલ્ય ખાતા ધારકોને એનએસએસ જેવા લાભ મળશે.

**અસર :** ૧૫.૮ કરોડ લોકો ૬૦ વર્ષથી ઉપરના ૨૦૫૦ સુધી તેમની સંખ્યા ૩૪ કરોડ થઇ જશે.

**૪. ગિગ વર્કર્સ : ઓળખપત્ર મળશે, સાથે ઇ-પોર્ટલ પર નોંધણી પણ થશે**

એવા કામદાર જેઓ ઓલા-ઉબર-સ્વિગી-ઝોમેટો જેવી કંપની કે ફર્મમાં કોન્ટ્રાક્ટ પર કામ કરે છે, તેમને ગિગ વર્કર્સ કહેવાય છે. તેમના માટે સામાજિક અને આર્થિક વિકાસની યોજના છે. તેમને ૫ લાખ રૂપિયાની ફ્રી સારવારવાળી પીએમ-જય યોજના સાથે જોડાશે. તમામની ઇ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરવામાં આવશે. તેમને ઓળખપત્ર મળશે. તેમની સામાજિક સુરક્ષા માટે આ નિર્ણય લેવાયો છે.

**અસર :** ૨૦૨૧માં ૭૭ લાખ ગિગ વર્કર્સ હતા. જે હવે ૧ કરોડ છે. તેમની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત થશે.

**૫. મહિલાઓ : એસસી અને એસટી મહિલાઓને ૨ કરોડ સુધી લોન**

એસસી-એસટી વર્ગની જે મહિલાઓ પહેલીવાર ઉદ્યમી બનવા થઇ રહી છે, તેમને સરકાર ૨ કરોડ રૂપિયા સુધીની લોન આપશે. સરકાર તેમને નાણાકીય સહાયતાની સાથે મેન્ટરશિપની ટ્રેનિંગ પણ અપાવશે. મહિલાઓ અને બાળકોના પોષણને મજબૂત કરવા માટે સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ યોજનાને વેગ આપશે.

**અસર :** આદિવાસી વર્ગની મહિલાઓને ઉદ્યમ લગાવવાની તક. પોષણ યોજનાથી ૮ કરોડ બાળકો અને એક કરોડ ગર્ભવતી મહિલાઓને લાભ.

**૬. એફડીઆઇ : વીમા સેક્ટરમાં ૧૦૦% વિદેશી રોકાણને મંજૂરી**

વીમા સેક્ટરમાં હવે ૧૦૦% પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડી આઇ) થઇ શકશે. પહેલા આ મર્યાદા ૭૪% હતી. જોકે તેની સાથે એક શરત પણ જોડવામાં આવી છે. આ મર્યાદા એ જ રોકાણકારો પર લાગુ થશે, જે પોતાનું પુરૂં પ્રિમિયમ ભારતમાં રોકાણ કરશે. નાણા મંત્રીની આ જાહેરાત બાદ એલઆઇસી, એચડીએફસી લાઇફ, ન્યૂ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ, એસબીઆઇ લાઇફના શેર ૩ ટકા સુધી ઉછળી ગયા.

**અસર :** વીમા સેક્ટરમાં ભારે મૂડી આવશે. નવા રોજગારી સર્જન

થશે.

**૭. પોતાનું ઘર : ભાડુઆતોને આ વર્ષે ૪૦ હજાર સસ્તાં ઘર સોંપાશે**

આ વર્ષે સરકાર ૪૦ હજાર સસ્તા ઘર લોકોને સોંપશે. આ ઘર એ લોકોને આપવામાં આવશે જેઓ એપાર્ટમેન્ટ ખરીદવા માટે લોન લઇ ચૂક્યા છે, પરંતુ એપાર્ટમેન્ટ તૈયાર નહીં થવાના કારણે હજુ ભાડાના ઘરમાં રહે છે. આ પહેલ વિશેષ વિન્ડો ફોર એફોર્ડેબલ એન્ડ મિડ-ઇન્કમ હાઉસિંગ સ્કીમનો હિસ્સો હશે. તેમાં ૧ લાખ સસ્તા ઘરોના નિર્માણ માટે ૧૫ હજાર કરોડ રૂપિયાનું ફંડ તૈયાર થશે.

**અસર :** આ યોજના હેઠળ દેશમાં લગભગ ૧.૧૮ કરોડ ઘર મંજૂર થયા છે. તેને હવે ગતિ મળશે.

**૮. ઇવી : બેટરી નિર્માણ સામગ્રી પર કસ્ટમ ડ્યૂટી દૂર કરાઇ**

ઘરેલુ સ્તરે મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન માટે ટેક્સ ઇન્સેન્ટિવ શરૂ કરાયું છે. તેમાં કોબાલ્ટ પાવડર, ઝિંક, લેડ, લીથિયમ-આયન બેટરી અને અન્ય સ્ક્રેપ જેવા ખનીજોથી બેઝિક કસ્ટમ ડ્યૂટી હટાવી દેવાઇ છે. આ તમામ ચીજો સેમી કન્ડકટ્ટર અને બેટરી જેવી ચીજોને બનાવવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઇવી નિર્માણમાં જરૂરી ૩૫ એડિશિનલ ચીજો અને ફોન બેટરી બનાવવામાં કામ આવતી ૨૮ ચીજો પણ કરમુક્ત.

**અસર :** ઇવીની પ્રોડક્શન કોસ્ટ ઘટશે. લીથિયમ બેટરી માટે ચીન પર નિર્ભરતા ઓછી થશે.

**૯. રોજગાર : પાંચ વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં ૨ કરોડથી વધુને કામ**

કેટલીક નવી યોજનાઓ જાહેર કરાઇ છે. તેનાથી ૫ વર્ષમાં ફુટવેર અને લેધર ઇન્ડસ્ટ્રીમાં ૨૨ લાખ રોજગારી ઊભી થશે. હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, ધાર્મિક પર્યટન માટે કુશળ કાર્યબળ તૈયાર થશે. હોમ સ્ટે માટે મુદ્રા લોન. તેનાથી ૫૦ લાખ રોજગાર આવશે. એમએસએમઇને છુટ અને સ્ટાર્ટઅપના ૧૦ હજાર કરોડના બજેટથી ૫૦ લાખ અને પીએમ સ્વનિધી વિસ્તાર યોજનાથી ૧૦ લાખથી વધુ નવા સ્ટ્રીટ વેન્ડર્સને તક મળશે. ગામોમાં ટેકનીકલ ટ્રેનિંગની સ્કીમથી લગભગ ૫૦ લાખ રોજગારનું સર્જન થશે.

**૧૦. જ્વેલરી : સોના અને ચાંદીનાં આયાતી આભૂષણ સસ્તાં થશે**

જ્વેલરી અને સંબંધિત આયાતી ઉત્પાદનો પર કસ્ટમ ડ્યૂટીને ૨૫% થી ઘટાડીને ૨૦% કરી. ઘટાડો ૨ ફેબ્રુઆરી એટલે કે રવિવારથી લાગુ થશે. તેમાં આભૂષણોના વિવિધ ભાગ, ગોલ્ડ સ્મિથ, સિલ્વર સ્મિથના ઉત્પાદન છે. પ્લેટિનમ ફાઇડિંગ્સ ઉપર પણ કસ્ટમ ડ્યૂટી ૨૫% થી ઘટાડીને ૬.૪% કરી દેવાઇ છે. પ્લેટિનમ જ્વેલરીની કિંમત ઘટશે. લેબમાં હીરો બનાવવા માટે કસ્ટમ ડ્યૂટી માં છુટ ખતમ.

**અસર :** સોના-ચાંદીની ઘરેલુ કિંમતો ઘટી શકે છે. માંગ વધશે. લેબમાં બનેલા હીરાની નિકાસ વધશે.

**૧૧. ખેડૂત : સબસિડીવાળા કાર્ડ પર ૫ લાખ સુધી લોન લઇ શકાશે**

સબસિડીવાળા કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) પર ૫ લાખ રૂપિયા સુધીની લોન લઇ શકાશે. હાલ આ મર્યાદા ૩ લાખ છે. તેનાથી ૭.૭ કરોડ ખેડૂતોને ફાયદો. ૧૦૦ જિલ્લામાં પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના લોન્ચ. આ એ જિલ્લા છે જ્યાં ઉત્પાદન ઓછું થાય છે અને સરેરાશથી ઓછા ક્રેડિટ પેરામીટર છે. આ યોજનાથી ૧.૭ કરોડ ખેડૂતોને ફાયદો થશે. સાથે જ ગ્રામીણ સમૃદ્ધિ કાર્યક્રમ આવશે.

**અસર :** દેશમાં ૭.૭ કરોડ કેસીસી કાર્ડ. નવી જાહેરાતથી સમયસર લોન ચૂકવનાર લોકોને લાભ.


**૧૨. એમએસએમઇ : ૨.૫૦ કરોડ રોકાણવાળા સૂક્ષ્મ ઉદ્યમ હશે**

ત્રણ જાહેરાતો, પહેલી - સૂક્ષ્મ અને લઘુ ઉદ્યમ માટે બેંકથી ક્રેડિટ ગેરંટી કવર હેઠળ લોનની મર્યાદા ૫ થી વધારી ને ૧૦ કરોડ કરી. બીજી - જે ઉદ્યમ ૨.૫ કરોડ (પહેલા ૧ કરોડ) સુધી રોકાણ કરે છે, તેઓ સૂક્ષ્મ, જે ૨૫ કરોડ (પહેલા ૧૦ કરોડ) સુધી કરે છે તેઓ લઘુ અને જે ૧૨૫ કરોડ (પહેલા ૫૦ કરોડ) સુધી રોકાણ કરે છે તેઓ મધ્યમ ઉદ્યમ કહેવાશે. ત્રીજી ૧૦ કરોડ ટર્નઓવર વાળા સુક્ષ્મ, ૧૦૦ કરોડવાળા લઘુ, ૫૦૦ કરોડ ટર્ન ઓવરવાળા મધ્યમ ઉદ્યમ કહેવાશે.

**અસર :** વધુ લોન મળશે. તેનાથી રોજગારી વધશે.

### ૩.૭૦ લાખ કરોડના બજેટમાં શિક્ષણ અને આરોગ્ય વિભાગ માટે ૮૩ હજાર કરોડ

# ૮ વર્ષમાં ગુજરાતના બજેટનું કદ ડબલ થઈ ગયું ૫ વિભાગોને બજેટમાંથી ૪૫% ફાળવણી થઈ



**નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ગુજરાતનું બજેટ ૩.૭૦ લાખ કરોડનું હશે. ગત વર્ષ કરતાં બજેટમાં ૧૧.૪૪% નો વધારો થયો છે. જ્યારે છેલ્લા આઠ વર્ષમાં બજેટનું કદમાં બમણાં કરતાં પણ વધુ ઉછાળો આવ્યો છે. ૨૦૧૮-૧૯ માં ગુજરાતનું બજેટ ૧.૮૩ લાખ કરોડ રૂપિયા હતું. બજેટના ૪૫% રૂપિયા પાંચ વિભાગો ફાળવાયા છે. આ પાંચ વિભાગ-શિક્ષણ, શહેરી વિકાસ, નર્મદા અને જળસંપત્તિ વિભાગ, માર્ગ-મકાન અને આરોગ્ય-પરિવાર કલ્યાણને કુલ ૧.૬૪ લાખ કરોડ રૂપિયા મળશે. જ્યારે અન્ય ૨૨ વિભાગને કુલ ૨ લાખ કરોડથી વધુ ફાળવાયા છે. આ ઉપરાંત સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિ માટે ૧૦ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે.**

## ૧૦ મહત્ત્વના વિભાગો માટે કઇ કઇ મહત્ત્વની જાહેરાતો કરાઇ

### ❈ પ્રાથમિક – માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ

**૭ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લેબ બનાવાશે, સ્ટાર્ટઅપ્સ-ઈનોવેટર્સ માટે ૨૫ કરોડની ફાળવણી**

- પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૨૫ હજારથી વધુ વર્ગખંડોના માળખાગત સુધારણા માટે ૨૯૧૪ કરોડની જોગવાઇ.
- રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ૭૮૨ કરોડ.
- એલ.ડી.ઇજનેરી કોલેજ, અમદાવાદ અને છ સરકારી ટેકનિકલ સંસ્થામાં આર્ટીફિશીયલ ઇન્ટેલિજન્સ લેબની સ્થાપના માટે ૧૭૫ કરોડ.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ૭૮ હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા ૪૧૦ કરોડની જોગવાઇ.

### ❈ શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ

**શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ માટે ૩૩૫૩ કરોડની જોગવાઈ, અમદાવાદમાં SVP સ્પોટ્ર્સ એન્કલેવ**

- પાણી પુરવઠા, ડ્રેનેજ સિસ્ટમ, તળાવોના વિકાસ, પરિવહન વ્યવસ્થા માટે ૧૯૫૦ કરોડની જોગવાઇ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી ગરીબોને આવાસ પુરા પાડવા માટે ૧૩૫૦ કરોડની જોગવાઇ.
- સ્વચ્છ શહેર, સુંદર શહેર યોજના અંતર્ગત બ્યુટીફિકેશન, સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે ૮૦૮ કરોડ.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કામો માટે ૨૫૩ કરોડ અને અમદાવામાં SVP સ્પોર્ટસ એન્કલેવના વિકાસ માટે ૨૫૦ કરોડની જોગવાઇ.

### ❋ માર્ગ અને મકાન વિભાગ
### નવા પુલો, જૂના પુલોના પુનઃબાંધકામ, મજબૂતીકરણ માટે ૩૮૫ કરોડની જોગવાઈ

- મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે ૫૦૦૦ કરોડ અને ભુજ-નખત્રાણા ફોરલેન હાઈસ્પીડ કોરીડોર માટે ૯૩૭ કરોડ.
- રાજ્યના ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા કુલ ૬૩ રસ્તાઓની સુધારણા, મજબૂતીકરણની કામગીરી માટે ૫૨૮ કરોડની જોગવાઈ.
- હવામાનમાં થતા પ્રતિકૂળ ફેરફારો સામે ટકી શકે તેવા સક્ષમ રસ્તાઓ અને પુલોના બાંધકામ માટે ૩૦૦ કરોડની જોગવાઈ.

### ❋ આરોગ્ય – પરિવાર કલ્યાણ
### પીએમજેવાય માટે ૩૬૭૬ કરોડ, સુરત, રાજકોટ, ગાંધીનગરમાં તબીબી સેવા માટે ૨૩૧ કરોડ

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૨.૬૭ કરોડ લોકોની કેશલેસ સારવાર માટે ૩૬૭૬ કરોડની જોગવાઈ.
- G.M.E.R.S. સંચાલિત મેડીકલ હોસ્પિટલો માટે ૧૩૯૨ કરોડ, વર્લ્ડ બેન્કના સહકારથી શરૂ કરાયેલ શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટ માટે ૪૦૦ કરોડની જોગવાઈ.
- સુરત અને ગાંધીનગર ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી અને રાજકોટ ખાતે કેન્સર, કાર્ડિયાક સેવા માટે ૨૩૧ કરોડ.

### ❋ મહિલા, બાળ વિકાસ
### વર્કિંગ વુમન હોસ્ટેલ માટે ૬૯ કરોડ અને દૂધ સંજીવની યોજના માટે ૧૩૩ કરોડની જોગવાઈ

- વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા DBT માટે માધ્યમથી માસિક ૧૨૫૦ ની સહાય માટે ૩૦૧૫ કરોડ.
- આંગણવાડી કાર્યકર, મીની આંગણવાડી કાર્યકર બહેનના માનદ વેતન માટે ૧૨૪૧ કરોડ, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ૯૦ કરોડની જોગવાઈ.
- ૩ થી ૬ વર્ષનાં બાળકોને આંગણવાડીમાં નાસ્તો અને ભોજન તેમજ ટેક હોમ રાશન પુરૂં પાડવા માટે ૯૭૩ કરોડની જોગવાઈ.

### ❋ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર
### ખેડૂતોને વીજ સહાય માટે ૧૦૬૧૩ કરોડ, જામનગરમાં કૃષિ કોલેજ અને થરાદ ખાતે કૃષિ ઈજનેર કોલેજ

- નેનો ખાતરના વપરાશને પ્રોત્સાહન આપવા ૭૩ કરોડ, ડિજિટલ ક્રોપ સર્વેની યોજના અંતર્ગત ૪૦ કરોડ.
- ૧૩ એગ્રી એક્સપોર્ટ ઝોનનો પ્રી ફિઝીબિલિટી રિપોર્ટ તૈયાર કરાશે. કચ્છ, અમદાવાદ, જુનાગઢ, વડોદરા, હાલોલમાં મેગા ફૂડ પાર્કનું આયોજન.
- વનબંધુ માટે કોલ્ડસ્ટોરેજ ક્ષમતા વધારવા ૫ કરોડની જોગવાઈ, જામનગર ખાતે નવી કૃષિ તથા થરાદ ખાતે કૃષિ ઈજનેરી કોલેજની સ્થાપના.
- મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના માટે ૪૭૫ કરોડ, નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ માટે ૯૦ કરોડ.

### ❋ ગૃહ વિભાગ, કાયદો અને વ્યવસ્થા
### સાયબર ક્રાઈમ, સિક્યુરિટી, ઈન્ટેલિજન્સ માટે ૨૯૯ કરોડ, પોલીસ ક્વાર્ટર્સ માટે ૯૮૨ કરોડની જોગવાઈ

- સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સાયબર ક્રાઈમ, સિક્યુરિટી અને ઈન્ટેલિજન્સ માટે ૧૧૮૬ નવી જગ્યા તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૨૯૯ કરોડ.
- ૨૪ જિલ્લાઓ ખાતે સાયબર ફોરેન્સિક યુનિટ શરૂ કરવા માટે ૩૦ કરોડની જોગવાઈ.
- શહેરોમાં માર્ગ સલામતી માટે ટ્રાફિક પોલીસની હાજરી વધારવા ૧૩૯૦ નવી જગ્યાઓ ઊભી કરવા માટે ૬૩ કરોડની જોગવાઈ.
- પોલીસ ખાતાના રહેણાંક તેમજ બિન રહેણાંક મકાનોના બાંધકામ માટે ૯૮૨ કરોડની જોગવાઈ.

### ❋ જળસંપત્તિ–પાણી પુરવઠા
### સુજલામ સુફલામ પાઈપલાઈન યોજના માટે ૧૩૩૪ કરોડ, કચ્છ માટે ૧૪૦૦ કરોડ

- નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ સુફલામ પાઈપલાઈન યોજના માટે ૧૩૩૪ કરોડની જોગવાઈ.
- સૌની યોજના માટે ૮૧૩ કરોડ તથા કચ્છ માટેની યોજના હેતુ ૧૪૦૦ કરોડ, સિંચાઈ માળખા માટે ૧૫૨૨ કરોડની જોગવાઈ.

- ૩૨૬ મોટા ચેકડેમો-વિયર બાંધવા ૮૩૨ કરોડની જોગવાઇ, સાબરમતી નદીના બાકીના કામો માટે ૭૫૦ કરોડ.

### ❈ ઉદ્યોગ અને ખાણખનીજ
### નવા ડીપ-સી પ્રોજેક્ટ માટે ૭૮૫ કરોડ, ધોલેરા ટાઉનશિપ માટે ૨૦૦ કરોડની જોગવાઇ

- અંકલેશ્વર, સરીગામ, વાપી અને સુરત ખાતેના ચાલુ તેમજ અમદાવાદ, જંબુસર અને સાયખા ખાતેના નવા ડીપ-સી પ્રોજેક્ટ માટે ૭૮૫ કરોડની જોગવાઇ.
- જંબુસર ખાતે બલ્ક ડ્રગ પાર્ક વિકસાવવા માટે ૨૯૦ કરોડ, ૪૨ કિમી લાંબી લાઇન થકી રો વોટર સપ્લાય માટે ૨૨૫ કરોડ.
- ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજીયન ખાતે ઇન્ટીગ્રેટેડ રેસીડેન્સીયલ ટાઉનશીપ તેમજ માળખાગત સુવિધાઓ માટે ૨૦૦ કરોડ.

### ❈ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ
### ઇલેક્ટ્રીક વ્હિકલ ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના વિકાસ માટે ૫૦ કરોડ

- ખેડૂતોને દિવસે વિજળી આપવાની કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૨૧૭૫ કરોડ, નવા કૃષિ વિષયક વિજ જોડાણો માટે ૯૮૭ કરોડની જોગવાઇ.
- ઇલેક્ટ્રીક વ્હિકલ ચાર્જીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ના વિકાસ માટે ૫૦ કરોડની જોગવાઇ, આદિજાતિ વિસ્તારોમાં નવા સબ-સ્ટેશનો માટે ૧૬૦ કરોડની જોગવાઇ.
- વિજ વિતરણ વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટે અને સ્માર્ટ મીટર માટે ૯૩૬ કરોડ.

### આ આંકડાઓથી સમજો ગુજરાતનું નાણાશાસ્ત્ર

| | | | |
|---|---|---|---|
| રાજ્ય બજેટનું કદ | ૩.૭૦ લાખ કરોડ | પેન્શાનર પર ખર્ચ | ૨૮૮૩૩ કરોડ |
| રાજ્યનું જાહેર દેવું | ૩.૯૯ લાખ કરોડ | સબસિડી પર ખર્ચ | ૨૭ હજાર કરોડ |
| પ્રતિ વ્યક્તિ દેવું | ૫૭ હજાર રૂપિયા | કુલ કર્મચારી | ૪.૫૫ લાખ |
| મહેસૂલી ખર્ચ જોગવાઇ | ૨.૩૬ લાખ કરોડ | કર્મચારી પગાર ખર્ચ | ૫૨૮૪૭ કરોડ |
| મૂડી ખર્ચ જોગવાઇ | ૧.૩૪ લાખ કરોડ | કુલ પેન્શાનર | ૫.૨૮ લાખ |

### રાજ્યની તિજોરીનો હિસાબ : ખર્ચ અને આવક

| પૈસો ક્યાંથી આવે છે ? | | પૈસા ક્યાં ખર્ચ થાય છે ? | |
|---|---|---|---|
| રાજ્ય જીએસટી અને અન્ય વેરો | ૪૩.૨૨% | વિકાસલક્ષી ખર્ચ | ૬૫.૫૭% |
| કેન્દ્રીય વેરામાં હિસ્સો | ૧૩.૪૭% | બિનવિકાસલક્ષી ખર્ચ | ૨૩.૪૫% |
| જાહેર દેવું અને લોન વસૂલાત | ૩૦.૪૫% | જાહેર દેવું | ૯.૧૬% |
| કેન્દ્રની ગ્રાન્ટ અને અન્ય આવક | ૧૧.૯૧% | લોન-પેશગી | ૧.૩૧% |

**સિનિયર સિટીઝન માટે નવા બજેટમાં TDS-TCS ના રેટ બદલ્યા : બેન્ક કો-ઓપરેટીવ સોસાયટીમાં વ્યાજ પર રાહત**

# સિનિયર સિટીઝનને ₹1 લાખ સુધીના વ્યાજ પર TDS નહીં કપાય

**બેન્ક કે કો-ઓપરેટીવ સોસાયટી સિવાયના અન્ય કરદાતાઓ દ્વારા રૂા. ૧૦,૦૦૦ થી વધુ ચૂકવણી કરવા પર જ કરકપાત કરવા પડશે**

**શેર હોલ્ડર્સને આપવામાં આવતા ડિવિડંડની રકમ રૂા. ૧૦,૦૦૦ થી વધુની હશે તો જ કરકપાત કરવી પડશે**

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે રજૂ કરેલા બજેટમાં ટેક્સ ડિડક્શન એટ સોર્સ અને ટેક્સ કલેક્શન એટ સોર્સના દરમાં ફેરફાર કરી દીધો છે. આમ ટીડીએસ કાપવાની લિમિટમાં ફેરફાર કર્યા છે.

સિનિયર સિટીઝનને જૂની જોગવાઇ મુજબ બેન્ક, કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા રૂા. ૫૦,૦૦૦ સુધીની વ્યાજની ચૂકવણી પર કોઇ જ ટીડીએસ કરવામાં આવતો નહોતો. હવે આ મર્યાદા વધારીને બેન્ક અને કો-ઓપરેટીવ સોસાયટી દ્વારા ચૂકવવામાં આવતા રૂા. ૧ લાખ સુધીના વ્યાજની ચૂકવણી પર કોઇ જ ટીડીએસ કરવાનો રહેશે નહિં. જોકે સિનિયર સિટીઝન સિવાયના ખાતેદારો માટે રૂા. ૪૦,૦૦૦ સુધીના વ્યાજની ચૂકવણી પર ટીડીએસ કરવાની જોગવાઇ નહોતી. હવે આ



જોગવાઇ સુધારીને રૂા. ૫૦,૦૦૦ સુધીની વ્યાજની ચૂકવણી પર કરકપાત ન કરવાની જોગવાઇ દાખલ કરવામાં આવી છે.

જૂની વ્યવસ્થા હેઠળ બેન્ક કે કો-રોપરેટીવ સોસાયટી સિવાયના અન્ય કરદાતાઓ દ્વારા રૂા. ૫૦૦૦ થી વધુ રકમની વ્યાજની ચૂકવણી કરવા પર કરકપાત કરવાની જોગવાઇ હતી. આ મર્યાદા વધારીને રૂા. ૧૦,૦૦૦ કરી દેવામાં આવી છે. આમ રૂા. ૧૦,૦૦૦ કે તેનાથી વધુ રકમની ચૂકવણી વ્યાજ પેટે કરનારને કરકપાત કરવા પડશે. સિક્યોરીટી પરના વ્યાજ પર કોઇ જ ટીડીએસ કરવામાં આવતો નહોતો. સિક્યોરિટીઝ પરના રૂા. ૧૦,૦૦૦ સુધીની વ્યાજની ચૂકવણી પર ટીડીએસ ન કરવાની છૂટ આપી છે. કંપનીઓ દ્વારા શેરહોલ્ડર્સને આપવામાં આવતા ડિવિડન્ડની રકમ રૂા. ૫૦૦૦ થી વધુ હોય તો કરકપાત કરવી પડતી હતી. હવે આ મર્યાદા વધારીને રૂા. ૧૦,૦૦૦ કરી દેવામાં આવી છે.

કરદાતાને કમિશન કે દલાલીની રકમ પેટે ચૂકવવામા આવતી રૂા. ૧૫૦૦૦ થી વધુની રકમ પર ટીડીએસ કરવું પડતું હતું. હવે આ મર્યાદા વધારીને રૂા. ૨૦,૦૦૦ કરી દેવામાં આવી છે. અગાઉ પ્રોપર્ટીના ભાડાં પેટે વર્ષે રૂા. ૨.૪૦ લાખથી વધુની ચૂકવણી કરવામાં આવે તો કરદાતાએ ટીડીએસ કરવાની જવાબદારી નિભાવવી પડતી હતી. હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને માસિક રૂા. ૫૦,૦૦૦ થી વધુ રકમની ચૂકવણી ભાડાં પેટે કરવામાં આવે તો તેના પર ટીડીએસ કરવાનો આવશે નહિં. આ જોગવાઇ મુજબ જો કરદાતાએ ત્રણ માસ માટે પ્રોપર્ટી ભાડે આપી હોય અને તેનું માસિક ભાડું રૂા. ૬૦,૦૦૦ ચૂકવવામાં આવ્યું હોય એટલે કે કરદાતાએ રૂા. ૧.૮૦ ચૂકવવામાં આવ્યું હોય તો આજે બજેટમાં થયેલી જાહેરાત મુજબ ભાડું આપનારે ટીડીએસ કરીને સરકારમાં જવાબદારી નિભાવવાની આવે છે.

આ જ રીતે વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જિનિયર સહિતના પ્રોફેશનલ્સે વાર્ષિક રૂા. ૩૦,૦૦૦ થી વધારે રકમની ચૂકવણી કરવામાં આવતી હોય તેવા સંજોગોમાં ટીડીએસ કરવાની જવાબદારી આવતી હતી. હવે આ ૩૦,૦૦૦ ની મર્યાદા વધારીને રૂા. ૫૦,૦૦૦ કરી દેવામાં આવી છે. આખા વર્ષ દરમ્યાન રૂા. ૫૦,૦૦૦ થી વધુની ચૂકવણી થાય તો તેના પર ટીડીએસ કરવો પડશે.

## ઊંચા દરે TDS-TCS નહીં

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે બજેટમાં કરેલા સુધારા મુજબ રિટર્ન ન ફાઇલ કરનારા કરદાતાઓએ ચૂકવવા પાત્ર રકમ પર ઊંચા દરે ટીડીએસ-ટીસીએસ કરવો પડશે નહિ. જૂની જોગવાઇ મુજબ કોઇ વ્યક્તિ રિટર્ન ફાઇલ ન કરતી હોય તો તેમને ચૂકવવામાં આવતી રકમ પર ટીડીએસ-ટીસીએસ ૨૦ ટકાના દરે ટીડીએસ-ટીસીએસ કરવો પડતો હતો. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બિરેન ડી. શાહનું કહેવું છે કે કરદાતાઓને તેમાં પડતી તકલીફ અંગે રજૂઆત કરવામાં આવી હતી. સામેની વ્યક્તિ રિટર્ન ફાઇલ કરે છે કે નહિ તે જાણવું તકલીફ દાયક હતું. તેથી પ્રસ્તુત સુધારો કરીને પાનકાર્ડ ન ધરાવતી વ્યક્તિઓને ચૂકવવામાં આવતી રકમ પર ટીડીએસ-ટીસીએસ ઊંચા દરે કરવાની જોગવાઇ લાગુ કરવામાં આવી છે. આમ સામે વ્યક્તિ રિટર્ન ફાઇલ કરે છે કે નહિ તેની તપાસ કરવાની જવાબદારી ટીડીએસ-ટીસીએસ કરનારની રહેશે નહિં.



### ડુપ્લીકેશન રદ કરીને જવાબદારી દૂર કરી

એક જ સોદા પર ટીડીએસ અને ટીસીએસ કરવાની જવાબદારી અંગે ગૂંચવાડો થતો હોવાથી વસ્તુઓનું વેચાણ રૂા. ૫૦ લાખથી વધી જાય તો કલમ ૨૦૬સી (૧એચ) હેઠળ ટીસીએસ કરવાની જવાબદારી કાઢી નાખવામાં આવી છે. કોઇપણ વ્યક્તિ અત્યારે રૂા. ૫૦ લાખથી વધુ રકમનો માલ એક વ્યક્તિને વર્ષ દરમિયાને વેચે તો કલમ ૨૦૬સી-(૧એચ) તો તેના પર ૧૦ પૈસાને દરે ટીસીએસ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ જ રીતે કલમ ૧૯૪ક્યૂ હેઠળ કોઇપણ ખરીદનાર રૂા. ૫૦ લાખથી વધુની ખરીદી કરે ત્યારે તેણે ૧૦ પૈસાના દરે ટીડીએસ કાપવો પડતો હતો.

# બજેટ 2025: મધ્યમ વર્ગથી સૌ કરદાતાઓને મોટી રાહત




**૧૨ લાખ સુધીની આવક ઉપર નહીં લાગે ઈન્કમ ટેક્સઃ ૧૨ લાખ સુધીની આવક ધરાવતા કરદાતાઓને ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૮૭એ ના રિબેટનો લાભ મળશે**

નિર્મલા સિતારામન દ્વારા આ સતત આઠમું કેન્દ્રીય બજેટ તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું. આ આઠ બજેટમાં ૬ પૂર્ણકાલીન બજેટ હતા જ્યારે બે વચગાળા ના એટલે કે ઈન્ટીરમ બજેટ હતા. આ બજેટમાં મધ્યમ વર્ગને મોટી રાહત આપવામાં આવી છે. આ ઉપરાંત તમામ કરદાતાઓને ઈન્કમ ટેક્સમાં રાહત આપવામાં આવી છે. આ બજેટની મુખ્ય જોગવાઈ આ લેખમાં આપવામાં આવેલ છે.

- આમ, ઉપરના નવા સ્લેબ હેઠળ તમામ કરદાતાઓને ટેક્સમાં લાભ મળશે તે ચોક્કસ છે.
- ૧૨ લાખ સુધી આવક ધરાવતા કરદાતાઓને ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૮૭અ ના રિબેટનો લાભ મળશે. આમ, ૧૨ લાખ સુધી કોઇ વ્યક્તિગત કરદાતા ઉપર ઈન્કમ ટેક્સ ભરવાની જવાબદારી આવશે નહીં.
- ૧૨ લાખ સુધી કરમુક્તિ બાબતે એ બાબત યાદ રાખવી જરૂરી છે કે આ રિબેટ 'સ્પેશિલ રેઇટ ઇન્કમ' ને લાગુ પડશે નહીં. આમ, શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન જેવી વિશિષ્ટ દરે લાગુ પડતાં ટેક્સ ઉપર રિબેટનો લાભ મળશે નહીં.
- કરદાતા હાલ ચાલુ વર્ષના રિટર્ન ઉપરાંત પાછલા બે વર્ષના ઈન્કમ ટેક્સ રિટર્ન અપડેટેડ રિટર્ન સ્વરૂપે ભરી શકે છે. આ બજેટમાં આ જોગવાઈમાં સુધારો કરી હવે કરદાતાને આકારણી વર્ષથી બે ના બદલે ૪ વર્ષ સુધીના અપડેટેડ સ્વરૂપે રિટર્ન ભરવા છૂટ આપવામાં આવી છે.
- સિનિયર સીટીઝન માટે વ્યાજ આવક ઉપર જે ટીડીએસ થતો હોય છે તેની કર કપાત (ટીડીએસ) ની મર્યાદ ૫૦,૦૦૦/- હતી જે વધારી ૧ લાખ કરવામાં આવી છે. આમ, ૧ લાખ થી વધુ વ્યાજ ચુકવણી વ્યાજ ચૂકવનાર દ્વારા કરવામાં આવી હોય તો જ સિનિયર સીટીઝન કરદાતા ફોર્મ ૧૫એચ માટે ચિંતા કરવાની રહેશે.
- ભાડાની ચુકવણી માટે હાલ મુક્તિ મર્યાદા ૨.૪ લાખ છે. આ મર્યાદામાં વધારો કરીને ૬ લાખ કરવા પ્રવધાન કરવામાં આવ્યું છે.
- ભારતમાંથી અન્ય દેશમાં 'રેમિટન્સ' કરવાની મર્યાદા જે હાલ ૭ લાખ છે તેમાં વધારો કરી ૧૦ લાખ કરવામાં આવી છે.
- માલ વેચાણ સંદર્ભે ટીસીએસની જોગવાઇ છે તે જોગવાઇ

૦૧ એપ્રિલ ૨૦૨૫ થી નાબૂદ કરવામાં આવશે.

- નાણામંત્રી દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે કે ઇન્કમ ટેક્સ અંગેનો નવો કાયદો આગામી સપ્તાહમાં સાંસદમાં રજૂ કરવામાં આવશે.
- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) અંગેની બજેટની મહત્ત્વની જોગવાઇ.
- સુપ્રીમ કોર્ટ દ્વારા સફારી રીટ્રીટના કેસમાં આપવામાં આવેલ ચુકાદાની અસર દૂર કરવા ૦૧ જુલાઇ ૨૦૧૭ ની પાછલી અસરથી જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૫) (ડી) માં સુધારો કરવામાં આવ્યો છે. આ સુધારા મુજબ પાછલી અસરથી જ્યાં પ્લાન્ટ ઓર મશીનરી શબ્દ છે ત્યાં પ્લાન્ટ એન્ડ મશીનરી શબ્દ લાગુ કરવામાં આવ્યો છે.
- જી.એસ.ટી. કાયદાની કલમ ૩૪(૨) કે જે વેચનાર દ્વારા આપવામાં આવેલ ક્રેડિટ નોટ બાબતે છે તેમાં મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. બજેટમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ વેચનાર વેપારીને ક્રેડિટ નોટ બાબતે પોતાની જવાબદારી ઓછી કરવાની છૂટ તો જ મળશે જો ખરીદનારે આ ક્રેડિટ નોટ અન્વયે પોતાની ઇન્પુટ ટેક્સ ક્રેડિટમાં ઘટાડો કર્યો હોય.
- જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦% કે જે અપીલ અંગેની જોગવાઇ ધરાવે છે તેમાં પણ આ બજેટમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. માત્ર પેનલ્ટીને લગતા ઓર્ડર હોય તેવા કિસ્સામાં પણ હવે ૧૦% પ્રિ ડિપોઝીટ સાથે અપીલ ફાઇલ કરી શકાશે. અગાઉ કરદાતાએ પેનલ્ટીના ૨૫% ની રકમ પ્રિ ડિપોઝિટ તરીકે ભરવાની રહેતી નથી.
- જી.એસ.ટી. કાયદા હેઠળ કરચોરી રોકવા નવી નિયત કરવામાં આવશે તેવા માલ ઉપર અથવા નિયત કરવામાં આવેલ વ્યક્તિ ઉપર ટ્રેક એન્ડ ટ્રેસ મિકેનીઝમ ની નવી પદ્ધતિ દાખલ કરવામાં આવશે.
- જી.એસ.ટી. હેઠળ નવી દાખલ કરવામાં આવેલ ટ્રેક એન્ડ ટ્રેસ મિકેનીઝમ પદ્ધતિ અનુસરવા જવાબદાર કરદાતા જો આ પદ્ધતિ અનુસરવામાં કસૂર કરશે તો તેઓ ઉપર ૧ લાખ સુધીની કે ટેક્સની રકમના ૧૦% બન્નેમાંથી જે વધુ હોય તેટલી પેનલ્ટી લાગુ થશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે.

બજેટ ૨૦૨૫ માં નાણામંત્રી દ્વારા ઇન્કમ ટેક્સ અને જી.એસ.ટી. હેઠળ મહત્ત્વની જોગવાઇ અંગે માહિતી આ લેખમાં આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ તમામ જોગવાઇ હાલ સંસદમાં બજેટ સ્વરૂપે રજુ કરવામાં આવેલ છે. આ બાબતે સંસદમાં બજેટ સત્ર દરમિયાન ચર્ચા વિચારણા થશે. આ ચર્ચા વિચારણા બાદ, સંસદમાં આ બજેટને જેમ રજૂ કરવામાં આવ્યું છે તેવી રીતે જ કે તેમાં સુધારા વધારા સાથે મંજૂર કરાતું હોય છે.

ત્યારબાદ રાષ્ટ્રપતિની મહોર લગતી હોય છે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે ઉપરોક્ત ફેરફારો લાગુ થઇ શકે છે. આ તકે એ બાબત પણ જાણવી જરૂરી છે કે ઉપર જણાવેલ તમામ પ્રક્રિયા પૂર્ણ થતાં ઇન્કમ ટેક્સ અંગેની જોગવાઇ ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી અને જી.એસ.ટી. અંગેની જોગવાઇઓ આ અંગે સરકાર દ્વારા પરિપત્રથી જાહેરાત થાય ત્યારથી લાગુ પડતી હોય છે.

## ઇન્કમ ટેક્સ હેઠળ મહત્ત્વની જોગવાઇઓ

- ઇન્કમ ટેક્સ હેઠળ ૧૨ લાખ સુધીની આવક સુધી નહીં લાગે કોઇ ટેક્સ.
- ટેક્સના દરો નીચે મુજબ રહેશે.

| ક્રમ | કુલ આવક | ઇ. ટેક્સનો દર |
|---|---|---|
| ૧. | ૪,૦૦,૦૦૦/- સુધીની આવક | NIL |
| ૨. | ૪,૦૦,૦૦૦/- થી ૮,૦૦,૦૦૦/- સુધીની આવક | ૫% |
| ૩. | ૮,૦૦,૦૦૦/- થી ૧૨,૦૦,૦૦૦/- સુધીની આવક | ૧૦% |
| ૪. | ૧૨,૦૦,૦૦૦/- થી ૧૬,૦૦,૦૦૦/- સુધીની આવક | ૧૫% |
| ૫. | ૧૬,૦૦,૦૦૦/- થી ૨૦,૦૦,૦૦૦/- સુધીની આવક | ૨૦% |
| ૬. | ૨૦,૦૦,૦૦૦/- થી ૨૪,૦૦,૦૦૦/- સુધીની આવક | ૨૫% |
| ૭. | ૨૪,૦૦,૦૦૦/- થી વધુ આવક | 30% |

મધ્યમવર્ગને ખુશ કરતું બજેટ : ટીડીએસની મર્યાદા ૨.૪૦ લાખથી વધારીને ૬ લાખ કરવાની દરખાસ્ત

# આનંદો... ૧૨ લાખ સુધીની આવક કરમુક્ત

## કરમુક્તિમાં લાંબી છલાંગ

## સામાન્ય લોકો માટે નાણામંત્રીના પાંચ મોટા નિર્ણયો

### નિર્ણય - ૧

નાણામંત્રી નિર્મલા સીતારામને જાહેરાત કરી છે કે ૧૨ લાખ રૂપિયાની આવક પર કોઈ ટેક્સ નહીં લાગે. કરદાતાને મોટી રાહત આપતાં ટેક્સ સ્લેબને ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૨ લાખ કરી દીધો છે. પગારદાર કર્મચારીઓ માટે ૭૫ હજાર રૂપિયાના સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે કુલ ટેક્સ છૂટ ૧૨.૭૫ લાખ રૂપિયા થઈ જાય છે.

### નિર્ણય - ૨

પીએમ નરેન્દ્ર મોદી સરકારે સતત ૧૪મા બજેટની જાહેરાતો કરતાં નાણામંત્રી નિર્મલા સીતારામને અપડેટેડ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની મુદ્દતને હાલની બે વર્ષની સીમાથી વધારીને ચાર વર્ષ કરવાનો પ્રસ્તાવ કર્યો છે. આ કારણે જે લોકોએ રિટર્ન ફાઈલ કરવાનું ઘણા વખતથી બાકી હશે તેમને રાહત થશે અને રિટર્ન ભરનારાની સંખ્યા વધશે.

### નિર્ણય - ૩

સરકારે ૩૬ જીવનરક્ષક દવાઓ પરની કસ્ટમ્સ ડ્યૂટી રદ કરી દીધી છે. કેન્સર સહિત ઘણી ગંભીર બીમારીઓના દરદીઓને રાહત આપતા નાણામંત્રીએ જાહેરાત કરી કે ૩૬ લાઈફ સેવિંગ ડ્રગ્સને બેઝિક ડ્યૂટીમાંથી સંપૂર્ણ છૂટવાળી દવાઓ ની સૂચિમાં સામેલ કરવામાં આવશે. તેનાથી સામાન્ય લોકોને ઘણો લાભ થશે.

### નિર્ણય - ૪

નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણમાં સેલ્ફ ઓક્યૂપાઇડ હાઉસ (જાતે ખરીદેલા ઘર) પર ટેક્સ રાહતોની શરતોમાં ઢીલ મૂકી છે. આનો અર્થ એ કે, જો વ્યક્તિ પાસે બે ઘર હોય તો એ વ્યક્તિ પોતાની બંને સંપત્તિ પર ટેક્સ લાભનો દાવો કરી શકે છે. આ પહેલાં જાતે ખરીદેલા એક ઘર પર જ ટેક્સ રાહત મળતી હતી. આમ આડકતરો ફાયદો થશે.

### નિર્ણય - ૫

આ બજેટમાં વરિષ્ઠ નાગરિકો માટે પણ મોટી જાહેરાત કરવામાં આવી છે. વરિષ્ઠ નાગરિકોને હવે વધારે ટેક્સ કપાતનો લાભ મળશે. નાણામંત્રીએ વ્યાજની આવક પરની મર્યાદા ૫૦ હજાર રૂપિયાથી બમણી કરીને એક લાખ રૂપિયા કરી દીધી છે. ટીડીએસની મર્યાદા વધારતા ભાડાંની આવક પર જીવતા સિનિયર સીટીઝનને ફાયદો થશે.

# ઈન્કમ ટેક્સનો નવો કાયદો કરાવશે કરદાતાઓને ફાયદો ?

ઈન્કમ ટેક્સ એ પ્રત્યક્ષ વેરા એટલે કે ડિરેક્ટ ટેક્સનો એક પ્રકાર છે. ડિરેક્ટ ટેક્સ ટેક્સ એટલે એવો ટેક્સ કે જે ભરનાર અને ભોગવનાર વ્યક્તિ બન્ને એક જ હોય છે. જ્યારે 'ઇંડિરેક્ટ ટેક્સ' માં વેરો ભરનાર વ્યક્તિ અલગ હોય છે અને આ વેરો ભોગવનાર વ્યક્તિ અલગ હોય છે. જીએસટી એ આપણા દેશમાં સૌથી મહત્ત્વનો ઇંડિરેક્ટ ટેક્સ છે જ્યારે ઇન્કમ ટેક્સ એ આપણાં દેશનો સૌથી મહત્ત્વનો ડિરેક્ટ ટેક્સ છે. સરકારની કરવેરાની અંદાજે ૫૭ ટકા આવક ઇન્કમ ટેક્સમાંથી આવતી હોય છે. હાલમાં ઇન્કમ ટેક્સનો જે કાયદો લાગુ છે તે વર્ષ ૧૯૬૧ માં લાગુ કરવામાં આવ્યો છે. આમ છેલ્લાં ૬૩ વર્ષથી વધુ જૂનો આ કાયદો બદલવામાં આવે તેવી માગ ઘણા વર્ષોથી થઇ રહી હતી. હવે મોદી સરકારે ૧૯૬૧ ના કાયદાને બદલવા નવો ઇન્કમ ટેક્સ ખરડો સંસદમાં રજૂ કર્યો છે. આજે આ લેખમાં આ નવા કાયદાના ફાયદા વિષે ચર્ચા કરાઇ છે.

ઇન્કમ ટેક્સના નવા કાયદામાં સૂચિત મુખ્ય ફેરફારો :

૧. નવા આવકવેરા કાયદામાં ૫૩૬ જેટલી ધારાઓ હશે, જે અગાઉના કાયદામાં ૨૯૮ જ હતી. પરંતુ જૂના કાયદામાં વર્ષ ૧૯૬૧ થી લઇને ૨૦૨૫ સુધી અનેક ફેરફારોના કારણે જટિલતા ખૂબ વધુ હતી જે આ નવા કાયદામાં દૂર કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

૨. નવા આવકવેરા કાયદામાં જૂના કાયદા કરતાં ૫૦ ટકા જેવા શબ્દોનો ઘટાડો કરવામાં આવ્યો છે જેના કારણે આ નવો કાયદો અમલીકરણમાં વધુ સરળ રહેશે.

૩. જૂના કાયદામાંથી અંદાજે ૧૨૦૦ જેટલા પરંતુક (પ્રોવિઝનો) અને ૫૫૦ જેટલી સમજૂતીઓ (એક્સપ્લેનેશન) હટાવવામાં આવ્યા છે.

૪. હાલના આવકવેરા કાયદામાં ઘણી વ્યાખ્યા કાયદાની વિવિધ જોગવાઇઓની અંદર આપવામાં આવેલ હતી જેમાં ફેરફાર કરી માત્ર એક જ કલમમાં આ તમામ વ્યાખ્યાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ કરવાથી કાયદાના અર્થઘટનમાં સરળતા આવશે.

૫. ઇન્કમ ટેક્સના નવા કાયદામાં એસેસમેન્ટ યર અને પ્રિવિયસ યરના ગૂંચવાડામાંથી કરદાતાને મળશે મુક્તિ. આ બંને




શબ્દોના સ્થાને હવે ધ્યાને લેવામાં આવશે ટેક્સ યર.

૬. બિઝનેસ આવક ધરાવતા કરદાતાઓની ઓડિટ માટેની મર્યાદામાં મહત્ત્વના ફેરફારો કરવામાં આવેલ છે. ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એડવોકેટ જેવા પ્રોફેશનલ્સ માટેની અંદાજિત આવક યોજનાની મર્યાદામાં વધારો કરવા આ નવા કાયદામાં પ્રાવધાનો કરવામાં આવ્યા છે.

૭. સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સરની આવક બિઝનેસ આવક ગણવામાં આવશે તેવી સ્ટષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે. હાલના કાયદામાં આ બાબતે કોઇ સ્પષ્ટ ઉલ્લેખ ન હતો.

૮. કેપિટલ એસેટની વ્યાખ્યામાં સુધારો કરી વ્યક્તિગત ન હોય તેવી તમામ મિલ્કતને નવા ઇન્કમ ટેક્સ કાયદામાં કેપિટલ એસેટ ગણવામાં આવશે. આમ, વધુ મિલકતોનો સમાવેશ કેપિટલ એસેટમાં થશે અને આ બાબતે રહેલ ગૂંચવાડામાં ઘટાડો થશે.

૯. ક્રિપ્ટો કરન્સીની આવક ઉપર ૩૦ ટકા ટેક્સ લાગશે. આ આવક ઉપર ૧ ટકા ટીડીએસની પણ જોગવાઇ કરાઇ છે.

૧૦. અમુક ખાસ વિસ્તારમાં કોઇ કંપની ઉત્પાદન કર્યા કરે તો ૧૫ ટકા જેવા વિશિષ્ટ ઇન્કમ ટેક્સ દરનો લાભ મળી શકે.

૧૧. ટ્રસ્ટ માટેના ઇન્કમ ટેક્સના નિયમોમાં મહત્ત્વના ફેરફારો આવશે. ટ્રસ્ટના સ્થાને Non-Profit Organization (NPO) નવો ખ્યાલ આવશે. NPOની નોંધણી. ટેક્સ જવાબદારી વગેરે માટે નવા નિયમો આવશે.

૧૨. નવા કાયદામાં ''ટેક્સપેયર ચાર્ટર'' નો સમાવેશ થાય

છે. કરદાતાઓને સમયસર પોતાની સમસ્યાઓના સમાધાનમાં મદદ મળશે. સરકારી અધિકારીની કરદાતા પ્રત્યે જવાબદારી વધશે. હાલ, સરકારી અધિકારીની જવાબદારી કરદાતાઓ તરફ ઓછી અને પોતાના ડિપાર્ટમેન્ટ તરફ વધુ રહેલ છે.

૧૩. નવા ઇન્કમ ટેક્સ કાયદામાં પણ જૂની અને નવી એમ બે ટેક્સ પ્રણાલીનું અસ્તિત્વ. નવી કર પ્રણાલી ડિફોલ્ટ રહેશે. કરદાતા ઇચ્છે તો જૂની કરપ્રણાલી પસંદ કરી શકે છે.

૧૪. નવા કાયદામાં ટેક્સના રેટ અંગે કોઇ ફેરફાર નહીં હોય. હાલ બજેટમાં જાહેર કરાયેલ રેટ લાગુ રહેશે.

૧૫. ઇન્કમ ટેક્સના આ નવા કાયદાની અમલવારી ૧ એપ્રિલ ૨૦૨૬ થી થશે.

આ સિવાય પણ ઇન્કમ ટેક્સના નવા કાયદામાં અનેક ફેરફારો સૂચિત કરવામાં આવ્યા છે. આગામી અંકોમાં આ અંગે માહિતી રજૂ કરવામાં આવશે.

શું છે આ નવા કાયદાના ફાયદા ?

કરદાતાને આ નવા કાયદાના શું ફાયદા થશે તે હાલ નાણાકીય વિશ્લેષકો માટે ચર્ચાનો વિષય બની ગયો છે. આ બાબતે આવો જાણીએ ટેક્સ તજજ્ઞોના મત.

ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સના રાષ્ટ્રીય અધ્યક્ષ અને જૂનાગઢના જાણીતા ટેક્સ એડવોકેટ સમીરભાઇ જાની જણાવે છે કે નવો ઇન્કમ ટેક્સ કાયદો લાગુ કરવાની સરકારની પહેલ ચોક્કસ આવકારપાત્ર છે. નવા કાયદામાં વિવિધ જોગવાઇને સરળ રીતે રજૂ કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે અને અમલીકરણમાં પણ કરદાતાઓને સરળતા રહેશે તેવા પ્રયાસ કરવામાં આવ્યા છે. પ્રવર્તમાન ટેક્સના રેટમાં કે પદ્ધતિમાં કોઇ મોટા બદલાવ નથી કરવામાં આવ્યા અને તેમાં સાતત્ય રાખવામાં આવ્યું છે જે આવકારદાયક ગણી શકાય. આ નવા કાયદામાં આંતરરાષ્ટ્રીય માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યા છે જે ભારતને આવનારા વર્ષોમાં એક રોકાણ માટેનું 'પ્રિફર્ડ નેશન' બનાવશે. હું આ નવા ઇન્કમ ટેક્સ કાયદાને ઐતિહાસિક ગણું છું.

પોરબંદરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશ સોઢા જણાવે છે કે 'ઇન્કમ ટેક્સનો આ નવો કાયદો ઇન્કમ ટેક્સ અંગેના નિયમોને સરળ, સાદા, સ્પષ્ટ અને વ્યવહારૂ બનાવવા નો એક મહત્ત્વનો પ્રયાસ ગણી શકાય. જૂની અને અપ્રસ્તુત જોગવાઇઓ દૂર કરવામાં આવેલ છે અને તેના સ્થાને હાલમાં જરૂરી એવા ફેરફારો કરવામાં આવ્યા છે. એસસમેન્ટ યર અને પ્રિવિયસ યરના ગૂંચવાડાને હંમેશ માટે જાકારો આપવામાં આવ્યો છે તે ખૂબ આવકારદાયક છે. ટીડીએસ અને ટીસીએસની જોગવાઇઓમાં પણ સરળતા લાવવામાં આવી છે. હું આ નવા ઇન્કમ ટેક્સ કાયદાને સીમાચિહ્નરૂપ ગણું છું.

જેતપુરના જાણીતા એડવોકેટ લલિતભાઇ ગણાત્રા જણાવે છે કે 'આ નવા ઇન્કમ ટેક્સ કાયદાથી પોતાને શું ફાયદો થશે તે જાણવામાં કરદાતાને રસ હોય તે સ્વાભાવિક છે. પણ કરદાતાએ સમજવાનું છે કે આ નવો કાયદો આવકવેરા ઘટાડવા બાબતે નહીં પરંતુ કાયદાની અમલવારીમાં સરળતા અને સ્પષ્ટતા લાવવા માટે લવાયો છે. જો કે જમીની સ્તરે તે ખરેખર કેટલો સરળ રહે છે તે તો આગામી સમય જ કહી શકે.'

જૂનાગઢના જાણીતા સીએ ભાવિકભાઇ જણાવે છે કે '૧૯૬૧ થી ચાલ્યા આવતા કાયદામાં મોટા બદલાવ થાય તે સમયની માંગ હતી. ઘણી અતાર્કિક અને જૂની જોગવાઇને જાકારો આપવામાં આવ્યો છે કે આવકારદાયક ગણી શકાય. એસસમેન્ટ યરના કોન્સેપ્ટને આપવામાં આવેલ તિલાંજલિને હું સૌથી મહત્ત્વની માનું છું કારણકે આ બાબતે અનેક મુંઝવણ સામાન્ય કરદાતાઓમાં રહેતી હતી. કાયદાના સરળીકરણ માટે ઉઠાવવામાં આવેલ આ પગલું ભવિષ્યમાં ઉપયોગી સાબિત થશે.'

વિવિધ ટેક્સ નિષ્ણાંતોના અભિપ્રાય જોતાં એટલું ચોક્કસ ગણી શકાય કે ઇન્કમ ટેક્સ કાયદામાં બદલાવ એ સમયની માગ હતી. વાચકોએ એક બાબત જાણવી ખાસ જરૂરી છે કે ઇન્કમ ટેક્સના નવા કાયદાથી ટેક્સના દરોમાં કોઇ ખાસ ફેરફાર થવાના નથી. ટેક્સના દરોમાં ફેરફાર નાણામંત્રીએ દર વર્ષે બજેટમાં જાહેર કરવાના રહે છે. આ નવા ઇન્કમ ટેક્સ કાયદાથી કરદાતાને આર્થિક રીતે કોઇ ખાસ લાભ નહીં થાય પણ કાયદાની અમલવારીમાં સરળતા આવશે એવી આશા આપણે સેવી શકીએ.

### સંસદમાં આજે રજૂ થશે, ૨૫૮ પેજ ઘટાડ્યાં, કલમો વધીને ૫૩૬

# રોકડ-ઘરેણાની જેમ ડિજિટલ એસેટ જાહેર કરવી પડશે : હવે ટેક્સ યર રહેશે

### નવું બિલ એપ્રિલ ૨૦૨૬ થી લાગુ કરવામાં આવશે

નાણામંત્રી નિર્મલા સીતારમણ ગુરૂવારે સંસદમાં નવું ઈન્કમટેક્સ બિલ રજૂ કરશે. બુધવારે સાંસદોને બિલની નકલ ઉપલબ્ધ કરાવવામાં આવી. તેનાથી ૬૪ વર્ષ જૂના ઈન્કમટેક્સ એક્ટમાં થનારા ફેરફારોની ઝલક મળે છે. સરકારનો દાવો છે કે આ હાલના ઈન્કમટેક્સ એક્ટ-૧૯૬૧ ને સરળ બનાવીને ઈન્કમટેક્સ કાયદાને સામાન્ય લોકોને સમજવા યોગ્ય બનાવશે અને તેની સાથે જોડાયેલા અદાલતી દાવાઓને ઓછા કરવામાં મદદરૂપ થશે. હાલના ઈન્કમટેક્સ કાયદાના હિસાબથી ૧૯૬૧થી લઈને હવે ૬૬ બજેટ (લેખાનુદાન સહિત) રજૂ થયા છે.

નવું ઈન્કમટેક્સ બિલ હાલના ઈન્કમટેક્સ-૧૯૬૧ થી આકારમાં નાનું છે. જોકે ધારાઓ અને શિડ્યૂલ વધુ છે. ૬૨૨ પાનાના નવા બિલના ૨૩ ચેપ્ટરમાં ૫૩૬ ધારાઓ અને ૧૬ શિડ્યૂલ છે, જ્યારે હાલના ઈન્કમટેક્સ એક્ટમાં ૨૯૮ ધારાઓ, ૧૪ શિડ્યૂલ અને તે ૮૮૦થી વધુ પાનાનું છે. તેથી તમામ ધારાઓ હવે બદલાઈ જશે, જેમ કે ઈન્કમટેક્સ એક્ટમાં રિટર્ન ફાઈલ કરવું ધારા-૧૩૯ હેઠળ આવે છે પરંતુ હવે નવા બિલમાં તે બદલાઈ જશે.

- લોકસભામાં ગુરૂવારે રજૂ થયા બાદ નવું ઈન્કમટેક્સ બિલ વધુ વિચાર-વિમર્શ માટે નાણાં સંબંધી સંસદની સ્થાયી સમિતિની પાસે મોકલવામાં આવશે.
- નવું બિલ પહેલી એપ્રિલ, ૨૦૨૬થી વર્ષ ૨૦૨૬-૨૭ માટે લાગુ થશે.
- નવું ઈન્કમટેક્સ બિલ ગ્લોબલ ટેક્સ સિસ્ટમ સાથે જોડવાનો એક પ્રયાસ છે.
- ટીડીએસ (સ્રોત પર ટેક્સ કપાત) ની તમામ ધારાઓને એક ધારામાં લાવવામાં આવી છે.
- ફ્રિન્જ બેનિફિટ ટેક્સ સંબંધી બિનજરૂરી સેક્શન હટાવી દેવાયા છે. સમજવું સરળ થશે.
- વિવાદ ઘટાડવા માટે એમ્પ્લોઈ સ્ટોક ઓપ્શનને સામેલ કરવામાં આવ્યું છે.

### નવા બિલમાં શું નવું... ૭ પોઈન્ટથી સમજીએ નવા ઈન્કમટેક્સ બિલથી શું સરળ થશે

**કેપિટલ ગેઈન પર એક સમાન ટેક્સ :** શેર, રિયલ એસ્ટેટ, મ્યુચ્યુઅલ ફંડ જેવા પર કેપિટલ ગેઈનમાં હાલના અલગ-અલગ ટેક્સ ટ્રીટમેન્ટના સ્થાને નવા બિલમાં એક સમાન ટેક્સ વ્યવસ્થા રાખવામાં અવી છે.

**ક્રિપ્ટો પર ફ્લેટ ૩0% ટેક્સ :** નવા બિલમાં ક્રિપ્ટો, એનએફટી સહિત વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓ પર ફ્લેટ ૩0 ટકા ટેક્સની જોગવાઈ હશે. ક્રિપ્ટોની દરેક લેવડદેવડ પર ૧% ટીડીએસ લાગુ થશે. તેમાં અધિગ્રહણના ખર્ચને બાદ કરતાં કોઈ પ્રકારની કપાત કે છૂટની મંજૂરી નહીં હોય. રિટર્નમાં ક્રિપ્ટોનું રિપોર્ટિંગ અનિવાર્ય હશે.

**ટેક્સ યર :** નવા બિલમાં ટેક્સ યરનો કોન્સેપ્ટ છે. હાલના કાયદામાં 'એસેસમેન્ટ યર' અને 'પ્રીવિયસ યર' જેવા શબ્દપ્રયોગથી ટેક્સપેયરને ટેક્સ જમા કરતા અને રિટર્ન ફાઈલ કરતી વખતે ભ્રમ થાય છે. ટેક્સ યરથી સરળતા રહેશે. જે વર્ષમાં ટેક્સ ભરશે, એ જ વર્ષનું રિટર્ન પણ ફાઈલ કરશે. જોકે નાણાકીય વર્ષના કોન્સેપ્ટમાં કોઈ અંતર નથી. નાણાકીય વર્ષ પહેલી એપ્રિલથી ૩૧ માર્ચ સુધી જ રહેશે.

**ઓલ્ડ રિજિમ પસંદ કરવાનો વિકલ્પ રહેશે :** વ્યક્તિગત ટેક્સપેયર, હિન્દુ અવિભાજિત પરિવાર અને અન્ય ટેક્સપેયરો માટે નવા ટેક્સ રિજિમનો પ્રસ્તાવ ડિફોલ્ટ રૂપમાં છે. જોકે તેમની પાસે ઓલ્ડ રિજિમ પસંદ કરવાનો વિકલ્પ પણ રહેશે. પરંતુ એકવાર નવું રિજિમ પસંદ કરી લીધું તો વિશેષ પરિસ્થિતિ ઓ વગર જૂના રિજિમમાં નહીં જઈ શકાય.

**નાના વાક્યોનો ઉપયોગ :** નાના વાક્યોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ટેબલ અને ફોર્મ્યુલા દ્વારા તે વાંચવામાં સરળ હશે. હાલના અધિનિયમમાં વારંવર ઉપયોગમાં લેવામાં 'નોટિવિથસ્ટેન્ડિંગ' ને બદલે 'ઈરિસ્પેક્ટિવ' નો ઉપયોગ કરવામાં આવ્યો છે. વ્યાખ્યા અને સમજવામાં સરળતા માટે એક્સપ્લેનેશન (સ્પષ્ટીકરણ) અને પ્રોવિસોજ(જોગવાઈઓ) શબ્દ પણ હટાવ્યા છે. ટેક્સપેયર ચાર્ટરને સામેલ કર્યું છે, જેમાં ટેક્સપેયરના અધિકાર-જવાબદારીઓ જણાવવામાં આવી છે.

**ડિડક્શન, ગ્રેજ્યુઈટી એક જગ્યાએ :** પગારમાં કપાત જેમ કે સ્ટાન્ડર્ડ ડિડક્શન, ગ્રેજ્યુઈટી, લિવ એન્કેશમેન્ટ વગેરેને અલગ-અલગ ધારાઓ અને નિયમોમાં વહેંચવાને બદલે એક જ સ્થળે ટેબ્યુલેટ કરવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. તેથી દરેક કારોબારમાં ડેપ્રિશિએશનના ફોર્મ્યુલાને પણ સરળ બનાવવામાં આવી છે.

**રિટર્નમાં વિલંબ પર પેનલ્ટી નહીં :** રિટર્ન ફાઈલ કરવામાં વિલંબ પર પેનલ્ટીની જોગવાઈ નથી. હાલ ૫ લાખથી ઓછી આવકવાળાને ૧ હજાર રૂપિયા લેટ ફી આપવી પડે છે.

# નિયમ ૯૬(૧૦), ૮૯(૪એ)/૪ (બી) ના ફેરફારો અને ભૂતકાળના વિવાદો

કોઈપણ માલના ઉત્પાદન માટે ઘણી ચીજોની જરૂર પડે છે, જે ચીજોમાં કાચો માલ (રો-મટિરિયલ), બળતણ (ફ્યૂઅલ), કન્ઝ્યુમેબલ, પેકિંગ મટિરિયલ વગેરેનો સમાવેશ થાય. આ ઉપરાંત અનેક સેવાઓનો પણ ઉપયોગ કરવો પડે છે, જેમાં મેનપાવર, જાહેરાત (એડવર્ટાઇઝીંગ), એકાઉન્ટ્સ અને ઓડિટ, મેઇન્ટેનન્સ એન્જિનિયરીંગ વગેરે અનેક પ્રકારની ઇનપુટ સર્વિસ વપરાય છે. આવા બધાં ઇનપુટ, કન્ઝ્યુમેબલ, ઇનપુટ સર્વિસની આયાત એડવાન્સ ઓથોરાઇઝેશન હેઠળ થતી નથી. જે ઉત્પાદક ઓથોરાઇઝેશનનો ઉપયોગ કરે તે અમુક જ કાચો માલ ઇમ્પોર્ટ ડ્યૂટી ભર્યા વગર ઓથોરાઇઝેશન હેઠળ લાવે છે, પરંતુ મોટાભાગના બાકીના ઇનપુટ, બળતણ ઇનપુટ સર્વિસ વગેરે આપણાં દેશમાંથી જ મેળવવામાં આવે છે અને તે બધા પર જીએસટી અથવા આઇજીએસટી ભરાયેલા હોય છે. આવા અન્ય માલ સર્વિસ વગેરે ઉપર ભરવામાં આવેલ જીએસટી /આઇજીએસટીની ક્રેડિટ ઉત્પાદક લે છે અને આ ક્રેડિટનો ઉપયોગ નિકાસ થતાં માલ પર ઇન્ટિગ્રેટેડ ટેક્સ ભરવામાં થાય છે. કલમ ૧૬(૩)(બી) મુજબ આ રીતે ભરાયેલ ઇન્ટિગ્રેટેડ ટેક્સ નું ઉત્પાદકને રિફંડ મળે છે. જો નિયમ ૯૬(૧૦) પ્રમાણે એક ચીજવસ્તુ એડવાન્સ ઓથોરાઇઝેશન હેઠળ લાવનાર વ્યક્તિ નિકાસ થતાં માલ પર ઇન્ટિગ્રેટેડ ટેક્સ ભરી ન શકે (અને તેનું રિફંડ ન માગી શકે) તો આવો ઉત્પાદક અન્ય માલ, બળતણ, ઇનપુટ સર્વિસ વગેરે પર ભરેલાં ટેકસની ક્રેડિટનું શુ કરે ? આ એક હકીકત છે કે કોઇપણ ઉત્પાદક બધો જ કાચો માલ અને બધી જ ઇનપુટ સર્વિસ ઓથોરાઇઝેશન હેઠળ ટેક્સ ફ્રી રીતે લાવતાં નથી, તેથી ઓથોરાઇઝેશન વગર મેળવેલાં માલ અને ઇનપુટ સેવા પર ભરાયેલ ટેક્સનો ઉપયોગ તેની ક્રેડિટ લઇ નિકાસ થતાં માલ ઉપર આ ક્રેડિટ વાપરી તેનું રિફંડ આપવાની કલમ ૧૬(૩)(બી) આઇ.જી.એસ.ટી. એક્ટના પ્રોવિઝનનો નિયમ ૯૬(૧૦) થી સંપૂર્ણ નાશ થાય છે. આઇ.જી.એસ.ટી. એક્ટ ભારતમાં સંસદ (પાર્લામેન્ટ) દ્વારા ઘટાડેલ છે, જ્યારે સી.જી.એસ.ટી. રૂલ્સ સરકારના અધિકારીઓ દ્વારા રચાયેલ છે અને જ્યારે સંસદના કાયદા અને સરકારી નિયમ વચ્ચે ટકરાવ (કલેશ) હોય તો સરકારનો નિયમ ગેરકાયદેસર ગણાય છે.

**સરકારની નિયમ બનાવવાની સત્તા (કલમ ૧૬૪)**

સંસદ (પાર્લામેન્ટ) દ્વારા બનાવેલ સી.જી.એસ.ટી. એક્ટની કલમ ૧૬૪ હેઠળ સરકારને એક્ટ (એટલે સી.જી.એસ. ટી. એક્ટ અને આઇ.જી.એસ.ટી. એક્ટ) ના હેતુ અને ઉદ્દેશના અમલ કરવા માટે નિયમો બનાવવાની સત્તા અપાયેલ છે. આઇ.જી.એસ.ટી એક્ટની કલમ ૧૬(૩)(બી) હેઠળ તથા સી.જી.એસ.ટી. એક્ટની કલમ ૫૪ હેઠળ એક્સપોર્ટના વ્યવહારો માટે રિફંડ આપવાના પ્રોવિઝન સંસદે કરેલા છે. જ્યારે એક્ટ હેઠળ એક્સપોર્ટ માટે રિફંડ આપવાનો ઉદ્દેશ હોય, ત્યારે સરકાર નિયમ બનાવીને આ ઉદ્દેશનો નાશ કરી શકે ? જો સરકારને એક્ટ ના અમલ માટે અને એક્ટના પ્રોવિઝનના હેતુ અને ઉદ્દેશ માટે નિયમ બનાવવાની સત્તા હોય, તો નિયમ એવો બનાવી શકાય કે જે દ્વારા એક્સપોર્ટના રિફંડના પ્રોવિઝન અને તે હેતુનો જ નાશ થાય ? નિયમ ૯૬(૧૦) ને કારણે કલમ ૧૬(૩) તથા કલમ ૫૪ ના પ્રોવિઝન અને ઉદ્દેશ ખલાસ થઇ જાય છે, અને તેથી આ નિયમ સરકારની સત્તા બહારનો છે. અને તેથી આ નિયમ સરકારની સત્તા બહારનો છે. નિયમ ૯૬ સૌ પ્રથમ જુલાઇ, ૨૦૧૭માં બનાવવામાં આવેલો, અને તે સમયે આ નિયમમાં (૧)થી (૮) પેટા નિયમો હતા. આઠ પેટાનિયમોનો અભ્યાસ કરતાં ફલિત થાય છે કે રિફંડની પ્રોસિજરનો સમાવેશ કરવામાં આવેલો. રિફંડની અરજી કેવી રીતે અને ક્યા અધિકારી પાસે કરવી, અરજી સાથે ક્યાં પુરાવા રજૂ કરવા, ક્યા પ્રકારનું રિટર્ન રિફંડની અરજી કર્યા પહેલાં ફાઇલ કરવું, રિફંડની અરજી પર કેટલા સમયમાં ઓર્ડર કરવો, આવો ઓર્ડર ક્યાં ફોર્મમાં કરવો, આ પ્રકારની પ્રોસિજર નિયમ ૯૬(૧) થી(૮)માં સરકારે બનાવેલી. પેટા નિયમ (૯) ઉમેરાયો ત્યારે પણ ઇન્ટિગ્રેટેડ ટેક્સનું રિફંડ મેળવવા ક્યા પ્રકારની અરજી કરવી તે નિયમ સરકારે બનાવેલો. આ પ્રકારે પેટા નિયમ (૧) થી (૯) માં રિફંડની પ્રોસિજર કરવામાં આવેલ છે, અને તે માટે સરકારને કલમ ૧૬૪ હેઠળ સત્તા પણ છે, કારણ સરકારે નિયમો દ્વારા એક્ટના પ્રોવિઝન અને ઉદ્દેશ માટે પ્રોસિજર બનાવવાની છે. પણ પેટાનિયમ (૧૦) દ્વારા સરકારે રિફંડ જ નહીં મળે તેવું પ્રોવિઝન બનાવી એડવાન્સ ઓથોરાઇઝેશન હેઠળ કે ઇ.ઓ.યુ. તરીકે ઉત્પાદન કરતાં વ્યક્તિઓને એક્સપોર્ટના માલ પર ઇન્ટિગ્રેટેડ ટેક્સ ભરી રિફંડ મેળવવા પર પ્રતિબંધ મૂક્યો છે, જે એક પ્રોસિજર નહીં પણ સંસદે કરેલા એક્ટની કલમો હેઠળ અપાયેલ રિફંડના હક્ક પરનો પ્રતિબંધ છે. આ કારણે પણ પેટાનિયમ (૧૦) સરકારની નિયમો બનાવવાની સત્તાની બહારનો કાયદો છે અને તેથી નિયમ ૯૬(૧૦) સરકારને કલમ ૧૬૪ હેઠળ અપાયેલ સત્તાથી વિરૂદ્ધ (અલ્ટ્રા વાયર્સ-ultravires)નિયમ છે. સુપ્રીમ કોર્ટ તથા ગુજરાત હાઇકોર્ટના ઘણાં ચુકાદામાં ઠરાવેલ છે કે સરકારે બનાવેલ નિયમ ગેરબંધારણીય છે. જો તે નિયમ બનાવવાની સત્તા વિરૂદ્ધનો હોય અને સંસદે બનાવેલ એક્ટની કલમો સાથે સુસંગત ન હોય તો.

**જીએસટી કાઉન્સિલ અને સરકાર દ્વારા ઉપાય**

સમગ્ર દેશના નિકાસકારો દ્વારા કોર્ટમાં કરવામાં આવેલા કેસ અને સરકાર સમક્ષ કરવામાં આવેલ ફરિયાદોને કારણે તા. ૯-૯-૨૦૨૪ ની કાઉન્સિલની ૫૪મી મિટિંગમા આ બાબતે સરકારને ભલામણ કરવામાં આવેલી અને તે અનુસાર તા. ૮-૧૦-૨૦૨૪ના નોટિફિકેશન દ્વારા પેટાનિમય (૧૦) ને નિયમ ૯૬ હેઠળથી અને પેટાનિયમ (૪એ) અને (૪બી) ને નિયમ ૮૯ હેઠળ થી કાઢી નાખવામાં (omit) આવેલ છે. આ સુધારાની અગાઉના સમયના વિવાદો ઉપર શું અસર પડે છે તે પ્રશ્નનો હવે કોર્ટ દ્વારા જવાબ આપવામાં આવશે.

# લોન પ્રી-પેમેન્ટ માટે બેંક પેનલ્ટી નહીં લઈ શકે

## રિઝર્વ બેંકે ખાસ ડ્રાફ્ટ પેપર બહાર પાડીને ૨૧ માર્ચ સુધીમાં સૂચનો મગાવ્યા, ઉદ્યોગોને પણ આ વ્યવસ્થા લાગુ પડશે



લોન લેનારાઓ પર ફોરક્લોઝર ચાર્જ અથવા પ્રી-પેમેન્ટ દંડ વસૂલવા અંગે રિઝર્વ બેંકએ ડ્રાફ્ટ તૈયાર કર્યો છે અને તેમાં જણાવ્યું છે કે બેંકો અથવા નાણાકીય સંસ્થાઓ સમય પહેલાં લોન ચૂકવનારાઓ પાસેથી પ્રી-પેમેન્ટ દંડ વસૂલ કરી શકશે નહીં. વ્યક્તિઓની સાથે, આ હવે સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોને પણ આ નિયમ લાગુ પડશે.


આ દરખાસ્ત બેંકિંગ ક્ષેત્રના નિયમનકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી છે. રિઝર્વ બેંકએ આ દરખાસ્ત અંગે એક ડ્રાફ્ટ પેપર જારી કર્યું છે, જેના પર ૨૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં હિસ્સેદારો પાસેથી સૂચનો માંગવામાં આવ્યા છે.

રિઝર્વ બેંકે તેના ડ્રાફ્ટ પેપરમાં જણાવ્યું હતું કે, એવું જાણવા મળ્યું છે કે તેના દ્વારા નિયંત્રિત સંસ્થાઓ ઉધાર લેનારા ઓ સાથેના તેમના કરારો અથવા કરારોમાં પ્રતિબંધિત ઓફરો દાખલ કરે છે જે ગ્રાહકને સસ્તી ક્રેડિટ મેળવી શકે તેવા અન્ય ધિરાણકર્તાઓ અથવા વધુ સારી સેવાઓ પુરી પાડી શકે તેવા ધિરાણકર્તા તરફ સ્વિચ કરવાથી અટકાવે છે.

રિઝર્વ બેંકે એ તેના ડ્રાફ્ટ પેપરમાં સ્પષ્ટતા કરી છે કે બેંકો અથવા અન્ય નાણાકીય સંસ્થાઓએ કોઈપણ લોક-ઈન સમયગાળા વિના લોનની પૂર્વ ચૂકવણી અથવા ફોરક્લોઝરની મંજૂરી આપવી પડશે. અને બેંક કે નાણાકીય સંસ્થા કોઈ ચાર્જ કે ફોરક્લોઝર ચાર્જ વસૂલ કરી શકશે નહીં.

તેના ડ્રાફ્ટ પેપરમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે કોઈપણ સંજોગોમાં, રિઝર્વ બેંક દ્વારા નિયંત્રિત ધિરાણકર્તાઓએ નિયમનકારી સંસ્થાઓ દ્વારા અગાઉ માફ કરાયેલી લોનના ફોરક્લોઝર અથવા પૂર્વ ચૂકવણી સમયે અને જેના વિશે ઉધાર લેનારાઓને અગાઉથી જાણ કરવામાં આવી ન હતી, તે સમયે પાછલી અસરથી કોઈપણ ચાર્જ વસૂલવા જોઈએ નહીં.

હાલના ધોરણો મુજબ, નિયમનકારી સંસ્થાઓની અમુક શ્રેણીઓને વ્યવસાય સિવાયના હેતુઓ માટે વ્યક્તિગત ઉધાર લેનારાઓ દ્વારા મંજૂર કરાયેલા ફ્લોટિંગ રેટ ટર્મ લોન પર પ્રીપેમેન્ટ ચાર્જ વસૂલવાની મંજૂરી નથી. જો કે, મધ્યમ ઉદ્યોગોના કિસ્સામાં, આ નિર્દેશો પ્રતિ ઉધાર લેનાર કુલ મંજૂર મર્યાદા રૂા. ૭.૫૦ કરોડ સુધી જ લાગુ પડશે.


SBI
The banker to every indian
STATE BANK OF INDIA
भारतीय स्टेट बैंक
yono SBI
SCORE MORE
AT A HIGHER RATE
Introducing
SBI Amrit Vrishti Deposit
for a tenor of 444 days
7.50 P.A. %
ANNUALISED YIELD
FOR ALL CUSTOMERS INCLUDING NRIs
8.05 P.A. %
ANNUALISED YIELD
FOR RESIDENT SENIOR CITIZENS ONLY
*T & C Apply
Valid upto : 31st March 2025
લોકર સુવિધા ઉપલબ્ધ છે
વહેલા તે પહેલાના ધોરણે
વધુ જાણકારી માટે તમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો અથવા
રવિ નાંઢા (CSRM) મો. : ૮૯૮૦૧૨૦૦૧૨ | E-mail : ravikumar.nandha@sbi.co.in

# VARIA TRADING COMPANY
## FIRE AND SAFETY PRODUCTS



**WE ARE THE AUTHORIZED CHENNAL PARTNER OF KARAM SAFETY AND VENUS SAFETY**

+91-9276000721

safety@variatrading.in

65, HAPA INDUSTRIAL ESTATE, HAPA, JAMANAGAR, GUJARAT-361120



# WE MAKE MOVES, SMOOTH

Since 1995

**30 Years** Experience in handling of all types of ferrous & non ferrous metals and metal scraps, like Brass, Aluminium, Copper, Zinc, Stainless Steel, Cast Iron, HMS etc...

We Make Moves, Smooth
Since 1995

## UNIQUE SPEDITORER PVT. LTD.

CUSTOMS BROKER, FORWARDING
SHIPPING AGENTS, STEVEDORING
PROJECT HANDLING, CUSTOMS BONDED &
NON-BONDED WAREHOUSE OWNER



## USPL INDIA

VELOCITY® GLOBAL LOGISTICS



**VELOCITY GLOBAL LOGISTICS PVT. LTD.**

Global Freight Forwarders, Charters, Project Handling


REGD. OFFICE
1701, 17th Floor, Meraki Arena, Opp R.K. Studio,
Above Croma Store, Sion Trombay Road, Chembur,
Mumbai-400071. Tel : +91-22-69596300/304
PIC : Mr. Priyesh (M) +91 9819583283
Mr. Pragnesh (M) +91 9819333963
www.velocitygl.com

## REGISTERED / HEAD OFFICE

"UNIQUE HOUSE" Plot # 126, Sector # 1-A, Gandhidham (Kachchh) 370201, Gujarat.
Tel. : 02836- 237109 / 220180 / 228615 Mob. : +91-98250 23391 / +91 98252 11811
E-mail: pravin@usplindia.com / info@uniquegroupindia.com I www.usplindia.com

**Our Presence**

KANDLA PORT | MUNDRA PORT | ICD MORBI | AHMEDABAD (ICD SANAND, ICD KHODIYAR, ICD SACHANA,
ICD VIRAMGAM, AIRPORT) | PIPAVAV PORT | VADODARA (ICD VARNAMA) | HAZIRA PORT | MUMBAI (NHAVA SHEVA, AIRPORT)
OVERSEAS OFFICE : CHINA, SPAIN, TURKEY



“આપનો સહકાર અમારી સેવા”
આપણી બેંક નવાનગર બેંક
THE NAWANAGAR CO-OPERATIVE BANK LTD. - JAMNAGAR
"Trusted Banking Partner"
PROUDLY CO-OPERATIVE
Home Loans at just 8.50*%
Solar Rooftop Loans at just 8.50*%
Car Loans at Lowest Rates
ATTRACTIVE RATES OF Fixed Deposits
REGULAR RATES 7.25% TENURE : 1-2 YEARS
SENIOR CITIZEN 7.75% TENURE : 1-2 YEARS
Avail Easy Business Loans
• 24 x 7 x 365 NEFT/IMPS Transfers
• Utility Bill Payments via BBPS
• Email Statements available
• UPI for Quick & Easy Payments
• Free RuPay Debit Cards
• Tap & Pay at any POS Terminals
All Digital Banking Services are FREE to use...
Want to know your account Balance ?
Give a Missed Call on
70690 70900
Download our Mobile Banking App ‘Nawanagar Bank Mobile Banking’
Available on
GET IT ON Google Play
Download on the App Store
For more details, contact your nearest Nawanagar Bank Branch or Visit ‘www.nawanagarbank.co.in
Shri Pradipbhai K. Vadhar
Chairmen
Shri Chetanbhai V. Khattar
Vice Chairman

## વધુ એક રાહત : હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના વ્યાજ દર પણ ઘટશે અને તે મુજબ  માં ઘટાડો થશે

# પાંચ વર્ષ પછી રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો

### રેપો રેટ ૬.૫૦ ટકાથી ઘટાડીને ૬.૨૫ ટકા કરવામાં આવ્યો : આર.બી.આઇ. દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીડીપી ગ્રોથ રેટ ૬.૭ ટકાનો અંદાજવામાં આવ્યો, જ્યારે ફુગાવાનો અંદાજ પણ ૨૦૨૫-૨૬ માટે ૪.૨ ટકા રહેશે તેવી ધારણા વ્યક્ત કરાઇ




આરબીઆઇનાં નવા ગવર્નર સંજય મલ્હોત્રાએ ત્રણ દિવસની એમપીસીની બેઠક પછી રેપો રેટમાં ૨૫ બેઝિસ પોઇન્ટનો ઘટાડો જાહેર કર્યો હતો. આમ અગાઉ રેપો રેટ ૬.૫૦ ટકા હતા જે હવે ૦.૨૫ ટકા ઘટીને ૬.૨૫ ટકા કરવામાં આવ્યા છે. આરબીઆઇની વ્યાજ દર નક્કી કરવા માટે મળેલી સમિતિનાં તમામ સભ્યોએ વ્યાજ દરમાં ૨૫ બેઝિસ પોઇન્ટનો કાપ મૂકવાની તરફેણ કરી હતી. આરબીઆઇનાં ગવર્નર તરીકે સંજય મલ્હોત્રાએ પહેલીવાર આરબીઆઇની મોનેટરી પોલિસીની જાહેરાત કરી હતી જેમાં રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. રેપો રેટ ઘટાડવામાં આવતા હવે હોમ લોન તેમજ કાર લોન અને પર્સનલ લોનનાં વ્યાજ દર પણ ઘટશે અને તે મુજબ દરેક લોનનાં ઇ.એમ.આઇ. માં ઘટાડો પણ થશે. લોકોએ લીધેલી લોનનાં વ્યાજ દરમાં ઘટાડો થતા આમઆદમીને લોનનાં હપ્તાની ચુકવણી માં રાહત મળશે તેમનાં ઇએમઆઇ ઘટશે. વ્યાજ દર ઘટતા લોન સસ્તી થશે. આરબીઆઇ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીડીપી ગ્રોથ રેટ ૬.૭ ટકાનો અંદાજવામાં આવ્યો છે. જ્યારે ફુગાવાનો અંદાજ પણ ૨૦૨૫-૨૬ માટે ૪.૨ ટકા રહેશે તેવી ધારણા વ્યક્ત કરાઇ છે. આરબીઆઇનાં ગવર્નરે કહ્યું હતું કે મોંઘવારીનો દર નક્કી કરેલા લક્ષ્યાંકની નજીક છે. જેની ઇકોનોમી પણ સારી અસર પડી રહી છે. મોંઘવારીનો દર નક્કી કરવા માટેનાં માળખામાં ફેરફાર કરવાનાં તેમણે સંકેનો આપ્યા હતા.

## રેપો રેટ ઘટતા હોમ લોનની ઇ.એમ.આઇ પર શું અસર થશે ?

રેપો રેટ ઘટતા હોમ લોનની ઇ.એમ.આઇ. પર સાનુકુળ અસર થશે. સમજો કે કોઇએ ૨૦ વર્ષ માટે રૂા. ૫૦ લાખની હોમ લોન ૮.૫૦ ટકાનાં વ્યાજે લીધી હોય તો જૂના વ્યાજ દર ૮.૫૦ ટકા મુજબ તેણે દર મહિને રૂા. ૪૩,૩૯૧ નો ઇ.એમ.આઇ. ચૂકવવો પડતો હતો પણ હવે રેપો રેટ ૨૫ બેઝિસ પોઇન્ટ ઘટતા તેણે ૮.૨૫ ટકાનાં વ્યાજ દર મુજબ રૂા. ૪૨૬૦૩ નો હપ્તો ચૂકવવો પડશે આમ મહિને તેની લોનનાં હપ્તામાં રૂા. ૭૮૮ નો અને વર્ષે રૂા. ૯૪૫૬ નો ઘટાડો થશે. કોઇએ સમજો કે રૂા. ૫ લાખની કાર લોન લીધી હોય તો ૧૨ ટકાનાં વ્યાજ દર મુજબ તેણે દર મહિને રૂા. ૧૧,૨૮૨ નો હપ્તો ચુકવવો પડતો હતો જે નવા વ્યાજ દર મુજબ ૧૧.૫૦ ટકાનાં દરે ૧૧૧૪૯ ચૂકવવા પડશે. આમ તેને દર મહિને લોનનાં હપ્તામાં રૂા. ૧૩૩ની અને વર્ષે રૂા. ૧૫૯૬ની બચત થશે.

| લોન | મુદત | વર્તમાન દર | ઇ.એમ.આઇ. | કપાત પછી ઇ.એમ.આઇ. | મહિને બચત |
|---|---|---|---|---|---|
| **૨૦ લાખ** | ૨૦ વર્ષ | ૮.૫ ટકા | ૧૭,૩૫૬ | ૧૭,૦૪૧ | ૩૧૫ |
| **૩૦ લાખ** | ૨૦ વર્ષ | ૮.૫ ટકા | ૨૬,૦૩૫ | ૨૫,૫૬૨ | ૪૭૩ |
| **૫૦ લાખ** | ૨૦ વર્ષ | ૮.૫ ટકા | ૪૩,૩૯૧ | ૪૨૬૯૩ | ૭૮૮ |

### રેપો રેટ ઘટવાનાં પાંચ ફાયદા

**૧. મધ્યમવર્ગને ફાયદો થશે, તેના હાથમાં રોકડનું પ્રમાણ વધશે.**
**૨.વ્યાજદર ઘટવાથી ઉદ્યોગોને પણ ફાયદો થશે.**
**૩. પૈસાની બચત થતા બજારમાં લિક્વિડિટી વધશે, લોકો ખર્ચ કરશે અથવા તો બચત કરશે.**
**૪. રોજબરોજની ચીજ-વસ્તુઓની માંગમાં વધારો થશે.**
**૫. રોકાણ માટે નવી તક સર્જાશે. બચતનું પ્રમાણ વધશે.**

### ૨૦૨૦ માં રેપો રેટમાં ૦.૪૦ ટકાનો ઘટાડો કરાયો હતો

આ અગાઉ ૨૦૨૦માં કોરોના વખતે ચાવીરૂપ વ્યાજ દરમાં ઘટાડો કરાયો હતો અને તબક્કાવાર રેપો રેટને ૬.૫૦ ટકાનાં દરે લાવવામાં આવ્યા હતા. આરબીઆઈએ ફેબ્રુઆરી ૨૦૨૩ માં રેપો રેટમાં વધારો કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૩ થી રેપો રેટને ૬.૫ ટકાનાં દરે સ્થિર રાખવામાં આવ્યો હતો.

**ફિક્સ્ડ ડિપોઝીટના વ્યાજદરમાં પણ વધારો થઈશ શકે છે**

રેપોરેટમાં ઘટાડો થવાથી લનની સાથે સાથે તેની અસર સેવિંગ્સ એકાઉન્ટના વ્યાજદર પર જોવા મળી શકે છે. આ ઉપરાંત બેંકો ફિક્સ્ડ ડિપોઝીટ વધારવા માટે વ્યાજનો દર વધારી શકે છે. આમ બધા વર્ગને બધી રીતે ફાયદો થશે.

### ૨૦ વર્ષની ૩૦ લાખની લોન પર ૯% વ્યાજ દર હોય તો

## RBIના રેટ કટથી હોમ લોનધારકોના EMIમાં ૧.૭૦૮ ટકાનો ઘટાડો થશે

### હોમ લોનધારકો પાસે બે વિકલ્પ EMIમાં ઘટાડો કરવો કે લોનની મુદ્દત ઘટાડવી

ગુરૂવારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજદરમાં ૦.૨૫ ટકાના ઘટાડો કરવામાં આવ્યો હતો. જેનો અર્થ એ છે કે, હોમ લોન લેનારાઓ પાસે બે વિકલ્પ હશે કાં તો ઈએમઆઈમાં ઘટાડો કરવો અથવા લોનની મુદ્દત ધટાડવી, જે તેમને તેમની હોમ લોનની બાકી રકમ ઝડપથી ક્લિયર કરવામાં મદદ કરશે. ૨૦ વર્ષ માટે લીધેલી રૂા. ૩૦ લાખની હોમ લોન પર જો વ્યાજ દર નવ ટકાથી ઘટીને ૮.૭૫ ટકા થાય તો ઈએમઆઇ રૂા. ૨૬,૯૯૨ થી ઘટીને રૂા. ૨૬,૫૫૧ થશે. જેમાં રૂા. ૪૮૦ અથવા ૧.૭૮ ટકાનો ઘટાડો છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, રેટ કટથી હવે ધિરાણકર્તાઓ હોમ લોન માટે ઈએમઆઇ કટ કરવા અથવા મુદ્દત ઘટાડવા માટેના વિકલ્પો આપશે. જેથી ઇએમઆઇ યથાવત રાખીને મુદ્દતમાં કાપ મૂકવાનો વધુ સારો વિકલ્પ રહેશે, કેમ કે, વ્યાજની કુલ રકમની બચત થશે, એવી સલાહ નિષ્ણાતો તરફથી આપવામાં આવી હતી. ધારો કે, એક વર્ષ પહેલાં ૨૦ વર્ષ માટે નવ ટકાના દરે રૂા. ૫૦ લાખની લોન લીધી હોય તો આવી સ્થિતિમાં લોનના સમયગાળા દરમિયાન ચૂકવવામાં આવેલ કુલ ઈએમઆઇ આશરે રૂા. ૫૮ લાખ આવે છે. રેપો રેટ કટનો અર્થ એ છે કે, સમગ્ર ઘટાડો ટ્રાન્સમિટ થાય છે. સામાન્ય રીતે બેંક ઈએમઆઇ જાળવી રાખશે. સંભવિત હોમ લોન લેનારાઓ માટે આ દર ઘટાડાતી તેમની પોષણક્ષમતામાં વધારો થશે.

### ૩૦ વર્ષ માટેની રૂા. ૫૦ લાખની લોન પર રેટ કટની શું અસર થશે?

| લેન્ડર | લોનની રકમ (રૂા.માં) | લોનનો ગાળો | વર્તમાન વ્યાજ દર | ઈએમઆઈ (રૂા. માં) | નવો વ્યાજ દર | સુધારેલુ ઈએમઆઇ (રૂા.માં) |
|---|---|---|---|---|---|---|
| **બેંક-૧** | ૫૦ લાખ | ૩૦ વર્ષ | ૮.૭૫ ટકા | ૩૯,૩૩૫ | ૮.૫ ટકા | ૩૮,૪૪૬ |
| **બેંક-૨** | ૫૦ લાખ | ૩૦ વર્ષ | ૯.૫૫ ટકા | ૪૨,૨૨૫ | ૯.૩ ટકા | ૪૧,૩૧૫ |

# બાળકોને ઓનલાઈન કેવી રીતે સુરક્ષિત રાખવા ?

આજના ડિજિટલ યુગમાં ઓનલાઇન છેતરપિંડી, સાયબર બુલિંગ, ખરાબ કોન્ટેન્ટ અને ડેટા ચોરી જેવી સમસ્યા ઓ સામાન્ય બની ગઇ છે. તેથી માતાપિતા અને બાળકો બંને સાયબર સુરક્ષાને સમજે અને તેનું યોગ્ય રીતે પાલન કરે તે જરૂરી બન્યુ છે. જેના માટે કેટલીક વસ્તુઓ ધ્યાનમાં રાખવી જોઇએ.

**ઈન્ટરનેટનો યોગ્ય ઉપયોગ શીખવો**

બાળકોને ટ્રાફિકના નિયમોની જેમ ઇન્ટરનેટનો યોગ્ય ઉપયોગ શીખવવો જરૂરી છે. ઓનલાઇન શું કરવું યોગ્ય છે અને શું યોગ્ય નથી તે તેમને જણાવો. ઓનલાઇન પણ અજાણ્યા લોકો સાથે પર્સનલ માહિતી જેમ કે નામ, સરનામું, ફોન નંબર કે શાળા ની માહિતી શેર ના કરવી જોઇએ, તે તેમને સમજાવો. આ સિવાય કોઈપણ અજાણી લિંક, મેસેજ, મેઇલ કે અન્ય પોપ અપથી દૂર રહેવું એટલું એટલે કે ક્લિક ન કરવું.

**સાયબર બુલિંગ સામે રક્ષણ**

સાયબર બુલિંગનો અર્થ થાય છે કે કોઈને ઓનલાઇન ડરાવવા. ધમકાવવા અથવા હેરાન કરવા. જે સોશિયલ મીડિયા, ગેમ્સ અથવા એપ્સ દ્વારા કરવામાં આવે છે.

**શું કરવું જોઈએ ?**

બાળકોને કહો કે જો કોઇ તેમને ઓનલાઇન ધમકાવે, ખરાબ વાતો કહે તો તરત તેમને બ્લોક કરવા. સાથે જ તાત્કાલિક માતાપિતા અથવા શિક્ષકને જાણ કરવી જોઇએ. કોઇપણ ભડકાઉ કે ખોટા મેસેજ શેર ના કરવા. સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકો સાથે મિત્રતા ન કરો. જો કોઇ બાળકને ઇન્સ્ટાગ્રામ કે વોટ્સએપ પર ધમકીભર્યો સંદેશ મળે, તો તેનો જવાબ આપવાને બદલે તરત માતાપિતાને બતાવવો જોઇએ.

**મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરો**

પાસવર્ડ એવો હોવો જોઇએ કે કોઇ સરળતાથી તેનો અંદાજ ન લગાવી શકે. પાસવર્ડમાં કેપિટલ અને સ્મોલ અક્ષરો, નંબર અને સ્પેશિયલ કેરેક્ટર (@, #, $, &) ફરજિયાત હોવા જોઇએ. એક જ પાસવર્ડનો ઉપયોગ બધી જગ્યાએ ના કરો. બાળકોને શીખવો કે પાસવર્ડ કોઇ સાથે શેર ના કરો.

**પાસવર્ડ કેવો હોય ?**

ખરાબ પાસવર્ડ - '123456' અથવા 'abcd1234'
મજબૂત પાસવર્ડ - 'R@nmin&2024'.

**સોશિયલ મીડિયા સેટિંગ્સ ઠીક કરો**

ફેસબુક, ઇનસ્ટાગ્રામ અને યુટ્યુબ જેવાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મનું સેટિંગ્સ પ્રાઇવેટ રાખવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બાળકોનાં એકાઉન્ટ્સને પ્રાઇવેટ મોડમાં મૂકો. જેથી ફક્ત તેમના મિત્રો જ તેમની પ્રોફાઇલ જોઇ શકે. આ સિવાય લૉકેશન શેરિંગ બંધ કરો. બાળકોને શીખવો કે ઈન્ટરનેટ પર ફોટા અને વીડિયો શેર કરતાં પહેલાં વિચારો. કેટલીક વસ્તુઓ ઇન્ટરનેટ પરથી ક્યારેય દૂર નથી થતી.




**બાળકો જેમને જાણતા જ નથી, તેમની સાથે ચેટ કરવાની ના પાડો. ગેમ રમવાનો સમય મર્યાદિત કરો**

**ઓનલાઇન ગેમિંગમાં સાવધાની**

બાળકોને ઓનલાઇન ગેમિંગ ગમે છે, પરંતુ તેમાં પણ મોટું જોખમ છે. એવા કેટલાય કિસ્સા બને છે કે ઓનલાઇન ગેમિંગમાં બાળકો અને યુવાનો પૈસા હારી જાય છે અને વાત આત્મહત્યા સુધી પહોંચે છે. પૈસા ઉપરાંત પર્સનલ માહિતીની ચોરી થવાનું જોખમ પણ રહેલું છે.

બાળકોને એવા લોકો સાથે ચેટ કરવાની ના પાડો કે જેમને તેઓ જાણતા નથી. ઓનલાઇન ગેમિંગ એપ્સમાં ક્યારેય પણ બેંકિંગ, ક્રેડિટ કે ડેબિટ કાર્ડ જેવી ડિટેઇલ સેવ ના કરો. ગેમ રમવાનો સમય મર્યાદિત કરો જેથી બાળકો તેના વ્યસની ન બને. ઘણી ઓનલાઇન ગેમ્સમાં, સ્કેમર્સ બાળકોને મફત ભેટો અથવા પૈસા પાછા આપવાની લાલચ આપીને છેતરે છે.

**ઈન્ટરનેટનો સમય મર્યાદિત કરો**

બાળકોના સ્કીન ટાઇમને નિયંત્રિત કરવો પણ જરૂરી છે. જેથી તેઓ ડિજિટલ દુનિયાની સાથે સાથે વાસ્તવિક દુનિયામાં પણ ધ્યાન આપી શકે. અભ્યાસ અને ઈત્તર પ્રવૃત્તિ માટે ટાઇમટેબલ બનાવો. સૂવાના ઓછામાં ઓછા એક કલાક પહેલા સ્ક્રીનથી દૂર રહેતાં શીખવો. બાળકો અઠવાડિયામાં એક

દિવસ મોબાઇલ, લેપટોપ કે સ્ક્રીન વગર પસાર કરે તેવા પ્રયત્નો કરો.

બાળકોને ઓનલાઇન સુરક્ષિત રાખવા માટે, આપણે તેમને યોગ્ય માર્ગદર્શન આપીએ અને સતર્ક રહીએ તે મહત્ત્વપૂર્ણ છે. ઇન્ટરનેટનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવો શક્ય નથી, પરંતુ યોગ્ય માહિતી અને સાવધાની રાખીને આપણે તેમને સુરક્ષિત રાખી શકીએ છીએ.

બાળકોને ઇન્ટરનેટના સારાં અને ખરાબ પાસાંઓ વિશે માહિતી આપો. માતાપિતાએ બાળકોની ઓનલાઇન એક્ટિવીટી પર નજર રાખવી જોઇએ. સાથે જ એકબીજા પ્રત્યેનો વિશ્વાસ જળવાઈ રહે તેનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. જો આપણે આ બધી બાબતોનું ધ્યાન રાખીશુ તો બાળકો ઇન્ટરનેટની દુનિયામાં સુરક્ષિત અને આત્મવિશ્વાસથી આગળ વધી શકે છે.

### ભારતના વિવિધ બિઝનેસ કે સંસ્થાઓનું કામકાજ સહેલું બનશે

# આવી ગયું ડિજિલોકર જેવું એન્ટિટી લોકર




કોવિડ મહામારી પૂરી થવામાં હતી એ અરસાનો પેલો કિસ્સો કદાચ તમે પણ જાણતા હશો - ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે પોતે એ વાત કહી હતી. જયશંકર અમેરિકાના પ્રવાસે હતા એ દરમિયાન, એકવાર, તેઓ અમેરિકામાં રહેતા પોતાના પુત્ર સાથે કોઈ રેસ્ટોરામાં જમવા ગયા. એન્ટ્રી વખતે બંને પાસે કોવિડની વેક્સિન લીધી હોવાનું સર્ટિફિકેટ માગવામાં આવ્યું. જયશંકરના પુત્રે ખિસ્સામાંથી પેપર સર્ટિફિકેટ કાઢીને બતાવ્યું, જ્યારે જયશંકરે પોતાના સ્માર્ટફોનમાં ડિજિલોકર એપ ઓપન કરી, તેમાં ડિજિટલ સર્ટિફિકેટ બતાવ્યું !

ભારતમાં વિવિધ રીતે ડિજિટલ ટેકનોલોજી વિસ્તારવા ના ભાગરૂપે અને પેપરલેસ ગવર્નન્સ તરફ આગળ વધવા માટે દસ વર્ષ પહેલાં, ૨૦૧૫ માં 'ડિજિલોકર' વ્યવસ્થા લોન્ચ થઇ હતી.

વ્યક્તિગત ઓળખ અને અન્ય હેતુ માટેનાં સત્તાવાર ડોક્યુમેન્ટ્સ આપણે ડિજિલોકરમાં સાચવી શકીએ છીએ અને ત્યાંથી શેર કરી શકીએ છીએ. બરાબર એ જ પ્રકારનું ડિજિલોકર હવે ભારતમાં રજિસ્ટર્ડ વિવિધ એન્ટિટી એટલે કે કંપની, સંસ્થા, સોસાયટી, ટ્રસ્ટ વગેરે માટે પણ લોન્ચ થઇ ગયું છે.

તમારી આવી કોઇ એન્ટિટી હોય, તો આ સગવડ તમારે કામની છે.

| | | |
|---|---|---|
| **ભારતમાં પેપરલેસ ગવર્નન્સના ભાગરૂપે વિવિધ રીતે ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ સતત વધી રહ્યો છે.** | **હવે આપણે વટથી એરપોર્ટ પર કે ટ્રેનમાં ઓળખ સાબિત કરવા ડિજિલોકર એપમાં ના ડોક્યુમેન્ટ્સ બતાવી શકીએ છીએ.** | **બરાબર એવી જ વ્યવસ્થા હવે વિવિધ કંપની, સંસ્થા, સોસાયટી, ટ્રસ્ટ વગેરે માટે પણ લોન્ચ થઇ ગઇ છે.** |

## એન્ટિટી લોકર કોના માટે, કઇ રીતે કામ કરે છે ?

હવે આપણે સૌ 'ડિજિલોકર' (www.digilocker.gov.in) વ્યવસ્થાથી ખાસ્સા પરિચિત છીએ. આપણા સૌના વિવિધ પ્રકારના સત્તાવાર દસ્તાવજો ડિજિટલ સ્વરૂપે સાચવવા માટેની આ એક ઘણી સરળ, ઝડપી અને સ્માર્ટ વ્યવસ્થા છે. જો તમે તમારા સ્માર્ટફોનમાં હજી ડિજિલોકર એપ ઇન્સ્ટોલ ન કરી હોય તો હવે કરી લેવા જેવી છે.

આપણા વ્યક્તિગત ડિજિલોકરમાં આપણે આધારકાર્ડ, પાનકાર્ડથી લઇને ડ્રાઇવિંગ લાયસન્સ, વાહનની આરસી બુક, સ્કૂલ કોર્ડના સર્ટિફિકેટ વગેરે જેવાં વિવિધ ડોક્યુમેન્ટ્સ ડિજિટલ સ્વરૂપે સાચવી શકીએ છીએ. રેલ્વે કે

ઈવાઈ મુસાફરી દરમિયાન કે અન્ય કોઈપણ જગ્યાએ આવા કોઈ દસ્તાવેજ બતાવવાના હોય ત્યારે ડિજિલોકરમાંના 'ઇસ્યૂડ' (આપણે સેવ કરેલી કોપી નહીં, જે તે સત્તાવાર સંસ્થા તરફથી ઈસ્યૂ થયેલ) ડોક્યુમેન્ટ્સ બતાવીએ તો તે કાયદેસર માન્ય ગણાય છે.

હવે ટૂંક સમયમાં ડિજિલોકરની જેમ 'એન્ટિટી લોકર' શબ્દ પણ ગાજવાનો છે. ડિજિલોકર વ્યવસ્થા આપણા વ્યક્તિગત ઉપયોગ માટે છે, તેમ એન્ટિટી લોકર આપણા બિઝનેસ કે કંપની સંબંધિત દસ્તાવેજો ડિજિટલ સ્વરૂપે સાચવવા માટેની વ્યવસ્થા છે.

### એન્ટિટી લોકર શું છે ?

એન્ટિટી લોકર એક ડિજિટલ પ્લેટફોર્મ છે, જે ભારતમાં ના બિઝનેસ કે ઓર્ગેનાઇઝેશનને સંબંધિત ડોક્યુમેન્ટ્સના સ્ટોરેજ, મેનેજમેન્ટ અને વેરિફિકેશન માટે ઉપયોગી છે. આ વર્ષ એટલે કે ૨૦૨૫ ની શરૂઆતમાં ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી હેઠળ 'નેશનલ ઇ-ગવર્નન્સ ડિવિઝન' એ સત્તાવાર રીતે 'એન્ટિટી લોકર' લોન્ચ કર્યું.

આ એક સલામત ક્લાઉડ-બેઝ્ડ સોલ્યુશન છે. તેની મદદથી મોટાં ઓર્ગેનાઇઝેશન્સ, કોર્પોરેશન, માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઇઝ (એમએસએમઇ), ટ્રસ્ટ સ્ટાર્ટઅપ્સ તથા સોસાયટી વગેરે વિવિધ પ્રકારની એન્ટિટી એટલે કે સંસ્થાઓ તેમના કામકાજને સંબંધિત ડોક્યુમેન્ટ્સ, તેને જારી કરનાર સંસ્થા તરફથી ડિજિટલ સ્વરૂપે મેળવીને ક્લાઉડમાં સ્ટોર કરી શકે છે, ત્યાંથી તેને શેર કરી શકે છે તથા ત્યાંથી જ તેનું વેરિફિકેશન કરાવી શકે છે.


કન્સેપ્ટની રીતે ડિજિલોકર અને એન્ટિટી લોકર લગભગ એક જ પ્રકારની વ્યવસ્થા છે. ફક્ત બંનેના હેતુ અલગ અલગ છે. ડિજિલોકર વ્યક્તિગત ઉપયોગ માટે છે જ્યારે એન્ટિટી લોકર સંસ્થાકીય ઉપયોગ માટે છે.

ડિજિલોકરની જેમ જ એન્ટિટી લોકરમાં વિવિધ સત્તાવાર સંસ્થાઓ દ્વારા જારી કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ સાચવી શકાય છે. આ માટે તેમની પહેલીવાર પ્રાથમિક માહિતી આપવાની રહે છે.

અગાઉ આપણે કોઈ પણ સરકારી કચેરીમાં પોતાની સંસ્થાની ઓળખ સાબિત કરવી હોય તો એ માટે વિવિધ સરકારી દસ્તાવેજોની ફિઝિકલ કોપી રજૂ કરવી પડતી હતી. એ કામ ડિજિલોકર કે એન્ટિટી લોકર વ્યવસ્થાને કારણે એકદમ સરળ બની જાય છે.

### એન્ટિટી લોકરનો કોણ ઉપયોગ કરી શકશે ?


વિવિધ કંપની કે સંસ્થા તરફથી અધિકૃત વ્યક્તિ એન્ટિટી લોકરનો ઉપયોગ કરી શકશે. જેમ કોઈ વેબસાઇટ પર સરેરાશ યૂઝર, કન્ટેન્ટ મેનેજર કે એડમિન જેવા વિવિધ રોલ મુજબ લોકો પોતાના એકાઉન્ટથી લોગઇન થઈને તેમને મળતી સગવડોનો લાભ લઈ શકે છે, બરાબર એ જ રીતે એન્ટિટી લોકરમાં રોલ-બેઝ્ડ એક્સેસ મેનેજમેન્ટનો ઉપયોગ થશે. અહીં પણ આધાર વ્યવસ્થાની મદદથી જે તે વ્યક્તિનું ઓથેન્ટિકેશન થશે.



ભારતમાં નોંધાયેલી કંપની, સંસ્થા વગેરે પોતાના સત્તાવાર ડોક્યુમેન્ટ્સ વિવિધ ઓથોરિટી તરફથી ડિજિટલ સ્વરૂપમાં મેળવીને એન્ટિટી લોકરમાં સાચવી શકશે.




કંપની કે સંસ્થાના ડિરેક્ટર કે અન્ય અધિકૃત વ્યક્તિ કંપનીના નોડલ પર્સન તરીકે આ એકાઉન્ટનું સંચાલન કરી શકશે તથા કંપનીના અન્ય વ્યક્તિઓને યૂઝર તરીકે તેમાં ઉમેરી શકશે.



કંપનીના સંચાલન તથા ઉપયોગ માટે કે વેરિફિકેશન માટે જરૂર હોય એ રીતે, એન્ટિટી લોકરના યૂઝર્સ તેમનાં ડોક્યુમેન્ટ્સ અન્ય કંપની કે ઓથોરિટી સાથે સલામત રીતે શેર કરી શકશે.

જે તે કંપની કે સંસ્થાની અધિકૃત વ્યક્તિ એન્ટિટી લોકરમાં એ કંપની કે સંસ્થાના નોડલ પર્સન તરીકે રજિસ્ટ્રેશન કરીને લોકરમાં કંપનીનું એકાઉન્ટ સંભાળી શકશે. એ માટે એ વ્યક્તિએ કંપની તરફથી ઓથોરાઇઝેશન લેટર રજૂ કરવો પડશે. એ પછી તે એન્ટિટી લોકર વ્યવસ્થામાં જે તે કંપની કે સંસ્થાના પ્રાથમિક પ્રતિનિધિ બનશે તથા એકાઉન્ટના એડમિન બનશે. આ નોડલ પર્સન એન્ટિટી લોકરમાં કંપનીના અન્ય લોકોને યૂઝર તરીકે ઉમેરી શકશે.

આ પછી એન્ટિટી લોકરમાં વિવિધ ઓથોરિટીનાં ડોક્યુમેન્ટ્સ ડિજિટલ સ્વરૂપે સ્ટોર કરી શકશે. જે તે એન્ટિટી લોકરના યૂઝર્સ લોગઇન થઇને અન્ય ઓથોરિટી કે કંપનીઓને પોતાની કંપનીના જીએસટીએન કે પાન જેવા ડોક્યુમેન્ટ્સ શેર કરી શકશે. એન્ટિટી લોકરમાંથી શેર થતા આવા ડિજિટલ ડોક્યુમેન્ટ્સ વેરિફિકેશન માટે માન્ય ગણાશે.


**આ વ્યવસ્થાના ખાસ મુદ્દા**

- બિઝનેસ ડોક્યુમેન્ટ્સના ક્લાઉડ સ્ટોરેજ તથા મેનેજમેન્ટ માટે એકાઉન્ટ દીઠ ૧૦ જીબીની સ્ટોરેજ.
- દરેક પ્રકારના ડોક્યુમેન્ટસનું એન્ક્રિપ્ટેડ સ્વરૂપમાં સલામત સ્ટોરેજ.
- વિવિધ સરકારી સંસ્થાઓના ડેટાબેઝ સાથે સીધું ઇન્ટિગ્રેશન.
- મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક (જીએસટીએન), ડિરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ વગેરે સંસ્થાઓના ડેટાબેઝમાં રહેલા આપણા બિઝનેસ સંબંધિત ડોક્યુમેન્ટ્સ એન્ટિટી લોકરમાં સાચવી શકાય તથા અહીંથી તેનું વેરિફીકિશન કરાવી શકાય.
- વિવિધ કંપનીઓમાં આપણા બિઝનેસનું વેન્ટર તરીકે રજિસ્ટ્રેશન કે વેરિફિકેશન કરવાનું હોય, બિઝનેસ માટે બેંકમાંથી લોન મેળવવાની હોય, એફએફએસએઆઇ જેવી સંસ્થાઓની કાયદાકીય જોગવાઇનું પાલન કરવાનું હોય કે કોર્પોરેટ કંપનીઓનાં એન્યુઅલ રિટર્ન્સ ફાઇલ કરવાનાં હોય ત્યારે એન્ટિટી લોકરમાંનાં ડોક્યુમેન્ટ્સની મદદથી સહેલાઇથી ઓનલાઇન વેરિફિકેશન શક્ય બનશે.



ડિજિલોકરની જેમ જ એન્ટિટી લોકરનો ઉપયોગ સ્વૈચ્છિક છે. આથી આપણે ઇચ્છીએ તો હજી પણ જૂની કાગળિયાં આધારિત પદ્ધતિનો ઉપયોગ ચાલુ રાખી શકીએ છીએ !

યાદ રહે કે એન્ટિટી લોકર વ્યવસ્થા ભારતના સરેરાશ વ્યક્તિઓ માટે નથી, એ માત્ર કોર્પોરેટ ઉપયોગ માટે છે.



# નવી ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૪

### સરકારી પ્રોત્સાહન / સબસિડી

કાચા માલથી માંડીને ફાઈનલ ફિનિશ ફેબ્રિક, ગાર્મેન્ટ્સ અને ટેકનિકલ ટેક્સટાઈલ સુધી ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ગુજરાતની અમૂલ્ય હાજરી છે તેથી કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, ગુજરાત સરકારે નવી ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૪ જાહેર કરી છે.

ટેક્સટાઈલ ઉદ્યોગમાં વર્તમાન અને નવા બંને એન્ટરપ્રાઈઝ માટે સહાયક ઈકોસિસ્ટમ્સને પ્રોત્સાહન આપીને, નવી ટેક્સટાઈલ પોલિસી ૨૦૨૪ ઉદ્યોગ સાહસિકો અને રોકાણકારો માટે અસંખ્ય તકો ઊભી કરવા માટે તૈયાર છે. તેનો ઉદ્દેશ્ય રોજગારી પેદા કરવાનો, કૌશલ્ય વધારવાનો અને પ્રદેશમાં આર્થિક વિકાસને આગળ વધારવાનો છે.

આ યોજના MSME અને મોટા એકમને લાગુ પડશે.

| એન્ટરપ્રાઈઝનો પ્રકાર | રોકાણ (પ્લાન્ટ અને મશીનરીમાં) |
|---|---|
| સૂક્ષ્મ | ૧ કરોડ જેટલી અથવા ઓછી |
| નાના | ૧ કરોડથી વધુ ૧૦ અને કરોડ સુધી |
| મધ્યમ | ૧૦ કરોડથી વધુ અને ૫૦ કરોડ સુધી |
| વિશાળ | ૫૦ કરોડથી વધુ |

આ લેખમાં, MSMEs (માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ) અને મોટા એકમોને સહાયતા માટેની ટેક્સટાઈલ નીતિ ૨૦૨૪ સમજીશું, ઉલ્લેખિત પ્રવૃત્તિ ૧ અને ૨ એ પાત્ર એકમો છે જે નવા ઔદ્યોગિક એકમો, વિસ્તરણ એકમો, વૈવિધ્યકરણ એકમો અને આ યોજના હેઠળ વ્યાખ્યા માપદંડ પૂર્ણ કર્યા પછી આ પોલિસી અન્વયે લાભ મળશે. ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગ એકમો સરકાર પાસેથી નીચેના સ્વરૂપની સહાયતાના કાર્યકાળ માટે મેળવી શકે છે એકમના સ્થાન/તાલુકાની શ્રેણીના આધારે ૫-૧૦ વર્ષ માટે મળશે.

### ૧. કેપિટલ સબસિડી

પ્રવૃત્તિ ૧ અને ૨ માં ઉલ્લેખિત મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ ઓમાં રોકાયેલ લાયક વિસ્તરણ / વૈવિધ્યકરણ / આધુનિકી-કરણ હાથ ધરતું નવું એકમ અથવા હાલનું એકમ નીચે દર્શાવેલ મૂડી સહાય મેળવવા માટે પાત્ર છે જે યોજનાના કાર્યકારી સમયગાળા દરમિયાન વ્યવસાયિક ઉત્પાદન શરૂ કરે છે.

EFCI(એલિજીબલ ફિક્સડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ) નો અર્થ થાય છે નવી ઈમારત, પ્લાન્ટ અને મશીનરી, કેપ્ટિવ રિન્યુએબલ પાવર પ્લાન્ટ અને પ્રદૂષણ નિયંત્રણ માપદંડ સંબંધિત મૂડી સાધનો.

અયોગ્ય મૂડી ખર્ચ : જમીન, જમીન વિકાસ ખર્ચ, કાર્યકારી મૂડી, સદ્ભાવના, રોયલ્ટી, પ્રારંભિક અને પ્રિ-ઓપરેટિવ ખર્ચ, સ્વદેશી સેકન્ડ-હેન્ડ પ્લાન્ટ અને મશીનરી, વ્યાજ મૂડીકૃત, ભાડે આપેલી અને ભાડે આપેલ મિલકત, જે કંઈપણ પાત્ર EFCI (એલિજીબલ ફિક્સડ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ) માં સમાવિષ્ટ નથી.

## ગુજરાત સરકાર ટેક્સટાઈલ સેક્ટરમાં સહાય/સબસિડી આપે છે



ACTIVITY 1: વસ્ત્રો, વસ્ત્રો અને મેડ-અપ્સ, તકનીકી કાપડ (કમ્પોઝિટ યુનિટ સહિત)

- Garments, Apparel & Made-ups,
- Technical Textiles (including Composite Unit)

ACTIVITY 2: વણાટ, વણાટ, રંગકામ અને પ્રક્રિયા, ટેક્ષ્ચરાઈઝીંગ,

ટ્વિસ્ટિંગ, પોલિએસ્ટર સ્ટેપલ ફાઇબર, વિસ્કોસ સ્ટેપલ ફાઇબરમાંથી યાર્ન બનાવવા માટે માનવસર્જિત ફાઈબર કાંતણ

- Weaving,
- Knitting,
- Dyeing & Processing,
- Texturizing, Twisting,
- Embroidery
- Viscose Staple Fiber
- Man-Made Fiber Spinning to Mfg. Yarn from Polyester Staple Fiber.

**ટેક્સટાઇલ પોલિસી ૨૦૨૪**

સાવચેતીપૂર્વક વિચારણા કર્યા પછી, ગુજરાત સરકાર ''ગુજરાત ટેક્સટાઇલ પોલિસી ૨૦૨૪'' જાહેર કરતાં ખુશ છે. પોલિસીનો કાર્યકારી સમયગાળો ૦૧/૧૦/૨૦૨૪ થી ૩૦/૦૯/૨૦૨૯ સુધી. આ યોજના ટેક્સટાઇલ વૃદ્ધિને વધુ વેગ આપશે અને રાજ્યમાં એકંદર ઈકોસિસ્ટમને મજબૂત કરશે અને ગુજરાતમાં રોજગારીનું મોટું લક્ષ્ય હાંસલ કરવામાં મદદ કરશે.

## કેપિટલ સબસિડી માત્ર ટર્મ લોન મેળવતા ઔદ્યોગિક એકમોને જ મળવાપાત્ર થશે.

| | પ્રવૃત્તિ # 1 | | | પ્રવૃત્તિ # 2 | | |
|---|---|---|---|---|---|---|
| નીતિ હેઠળ લાયક પ્રવૃત્તિઓ | વસ્ત્રો, વસ્ત્રો અને મેડ-અપ્સ, તકનીકી કાપડ (કમ્પોઝિટ યુનિટ સહિત) | | | વણાટ, રંગકામ અને પ્રક્રિયા, ટેક્ષ્ચરાઈઝિંગ, ટ્વિસ્ટિંગ, પોલિએસ્ટર સ્ટેપલ ફાઇબર, વિસ્કોસ સ્ટેપલ ફાઇબરમાંથી યાર્ન બનાવવા માટે માનવસર્જિત ફાઇબર કાંતણ | | |
| કેપિટલ સબસિડી | | | | | | |
| તાલુકા કેટેગરી | eFCI ના % | મહત્તમ ઉપલા કેપ | વર્ષ | eFCI ના % | મહત્તમ ઉપલા કેપ | વર્ષ |
| કેટેગરી ૧ અને પીએમ મિત્રા | ૩૫.00 % | ₹ 100 કરોડ | પાંચ સમાન હપ્તા | ૨૦.00 % | ₹ 50 કરોડ | પાંચ સમાન હપ્તા |
| કેટેગરી ૨ | ૩0.00 % | ₹ 100 કરોડ | | ૧૮.00 % | ₹ 50 કરોડ | |
| કેટેગરી ૩ | ૨0.00 % | ₹ 50 કરોડ | | ૧0.00 % | ₹ 40 કરોડ | |

પ્લાન્ટ અને મશીનરી સિવાયના અન્ય ઘટકોમાં રોકાણ માત્ર એફસીઆઇ ના ૨૦% સુધી મર્યાદિત રહેશે. EFCI(એલિજીબલ ફિક્સડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ) નો અર્થ થાય છે નવી ઈમારત, પ્લાન્ટ અને મશીનરી, કેપ્ટિવ રિન્યુએબલ પાવર પ્લાન્ટ અને પ્રદુષણ નિયંત્રણ માપદંડ સંબંધિત મૂડી સાધનો.

અયોગ્ય મૂડી ખર્ચઃ જમીન, જમીન વિકાસ ખર્ચ, કાર્યકારી મૂડી, સદ્ભાવના, રોયલ્ટી, પ્રારંભિક અને પ્રિ-ઓપરેટીવ ખર્ચ, સ્વદેશી સેકન્ડ-હેન્ડ પ્લાન્ટ અને મશીનરી, વ્યાજ, મૂડીકૃત, ભાડે આપેલી અને ભાડે આપેલ મિલકત, જે કંઇપણ પાત્ર EFCI(એલિજીબલ ફિક્સડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ) માં સમાવિષ્ટ નથી.

પ્લાન્ટ અને મશીનરી સિવાયના અન્ય ઘટકોમાં રોકાણ માત્ર પાત્ર FCI ના ૨૦% સુધી મર્યાદિત રહેશે.

### ૨. વ્યાજ સબસિડી

વિસ્તરણ/વૈવિધ્યકરણ/આધુનિકીકરણ હાથ ધરતું નવું એકમ અથવા હાલનું એકમ પ્લાન્ટ અને મશીનરી અને બાંધકામ હસ્તગત કરવા માટે બેંક પાસેથી ટર્મલોન, પ્લાન્ટ અને મશીનરીની ખરીદી અને ઉત્પાદન સુવિધાના બાંધકામ માટે વ્યાજ સબસિડી મેળવવાને પાત્ર હશે જે નીચે દર્શાવેલ વ્યાજ સબસિડી મેળવવાને પાત્ર છે.

| | પ્રવૃત્તિ # 1 | પ્રવૃત્તિ # 2 |
|---|---|---|
| નીતિ હેઠળ લાયક પ્રવૃત્તિઓ તકનીકી કાપડ (કમ્પોઝિટ યુનિટ સહિત) | વસ્ત્રો, વસ્ત્રો અને મેડ-અપ્સ | વણાટ, વણાટ, રંગકામ અને પ્રક્રિયા, ટેક્ષ્ચરાઈઝિંગ, ટ્વિસ્ટિંગ, પોલિએસ્ટર સ્ટેપલ ફાઈબર, વિસ્કોસ સ્ટેપલ ફાઇબરમાંથી યાર્ન બનાવવા માટે માનવસર્જિત ફાઈબર કાંતણ |

| તાલુકા કેટેગરી | ટર્મ લોનના ROI ના % | મહત્તમ ઉપલા કેપ | વર્ષોની સંખ્યા | ટર્મ લોનના ROI ના % | મહત્તમ ઉપલા કેપ | વર્ષની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| કેટેગરી ૧ અને પીએમ મિત્રા | ૭.00 % | eFCI નાં ૩.00% | ૮ વર્ષ | ૭.00 % | eFCI નાં ૨.00% | ૭ વર્ષ |
| કેટેગરી ૨ | ૭.00 % | eFCI નાં ૨.૫0% | ૮ વર્ષ | ૭.00 % | eFCI નાં ૨.00% | ૭ વર્ષ |
| કેટેગરી ૩ | ૫.00 % | eFCI નાં ૨.00% | ૬ વર્ષ | ૫.00 % | eFCI નાં ૨.00% | ૫ વર્ષ |

### ૩. પાવર ટેરિફ સબસિડી

INR RE 1/યુનિટ ડિસ્કોમમાંથી અથવા DOCP પાસેથી ૫ વર્ષના સમયગાળા માટે રિન્યુએબલ પાવર એક્સેસમાંથી પાવર મેળવે છે. વીજળીના ખર્ચમાં ઘટાડો કરીને, પાવર ટેરિફ સબસિડી વ્યવસાયોને તેમની કામગીરીમાં વધુ રોકાણ કરવામાં, નવી તકનીકો અપનાવવા અને બજારમાં તેમની એકંદર સ્પર્ધાત્મકતા સુધારવામાં મદદ કરે છે.

### ૪. પ્રવૃત્તિ માટે પેરોલ સહાય

| પ્રવૃત્તિ | પગારપત્રક સહાય |
|---|---|
| ગાર્મેન્ટ્સ, એપેરલ્સ, મેકઅપ્સ (ઈંક કોમ્પોઝિટ યુનિટ) | રૂા. ૫000 પ્રતિ મહિલા કામદાર<br>રૂા. ૫000 પ્રતિ માસ પુરૂષ કામદાર |
| ટેકનિકલ ટેક્સટાઇલ (ઈંક સંયુક્ત એકમ) | રૂા. ૩000 પ્રતિ મહિલા કામદાર<br>રૂા. ૨000 પ્રતિ મહિને પુરૂષ કામદાર |

### ૫. વિજળી ડ્યૂટી મુક્તિ

ઔદ્યોગિક ઉપક્રમ ગુજરાત વીજળી અધિનિયમ, ૨૦૦૩ હેઠળ લાગુ પડતી વિજળીમાંથી મુક્તિ મેળવવાને પાત્ર છે. વિજળીની કિંમતમાં ઘટાડો કરીને, સરકાર વધુ રોકાણ આકર્ષવા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય રાખે છે.

### જેબીવર્ક માટે એસએચજીને સહાય

| તાલીમ સહાય | ૩ મહિનાના સમયગાળા માટે |
|---|---|
| પગાર પત્રક સહાય | પ્રતિ સભ્ય દીઠ રૂા. ૫૦૦૦<br>જોબ વર્ક વેલ્યુ ટર્નઓવરના ૨૫%<br>૫ વર્ષ માટે પ્રતિ સભ્ય દીઠ<br>રૂા. ૫૦૦૦ સુધી મર્યાદિત. |

### શ્રમ સઘન એકમોને સબસિડી

શ્રમ સઘન એકમનો અર્થ થાય છે કે એક નવું ઔદ્યોગિક એકમ અને વર્તમાન એકમ કે જે પાત્ર પ્રવૃત્તિઓનું વિસ્તરણ/વિવિધીકરણ કરે છે જે EPF યોજના હેઠળ રજીસ્ટર્ડ ૪૦૦૦ વ્યક્તિઓને લઘુત્તમ રોજગાર પ્રદાન કરે છે, જેમાંથી ઓછામાં ઓછી મહિલા કર્મચારીઓ ઓછામાં ઓછી ૧૦૦૦ હોવી જોઇએ.

| વિગતો | કેપિટલ સબસિડી (૫ સમાન વાર્ષિક હપ્તામાં) | | વ્યાજ સબસિડી (૮ વર્ષના સમયગાળા માટે) | |
|---|---|---|---|---|
| તાલુકા કેટેગરી | પ્રવૃત્તિ # 1 | પ્રવૃત્તિ # 2 | પ્રવૃત્તિ # 1 | પ્રવૃત્તિ # 2 |
| કેટેગરી ૧ અને પીએમ મિત્રા | eFCI નાં ૩૫.૦૦% મહત્તમ 150Cr | eFCI નાં ૨૫.૦૦% મહત્તમ 150Cr | ટર્મ લોન પર @7% મહત્તમ 3% eFCI p.a. | ટર્મ લોન પર @7% મહત્તમ 3% eFCI p.a. |
| કેટેગરી ૨ | eFCI નાં ૩૦.૦૦% મહત્તમ 150Cr | eFCI નાં ૨૫.૦૦% મહત્તમ 150Cr | ટર્મ લોન પર @7% મહત્તમ 3% eFCI p.a. | ટર્મ લોન પર @7% મહત્તમ 3% eFCI p.a. |
| કેટેગરી ૩ | eFCI નાં ૨૫.૦૦% મહત્તમ 150Cr | eFCI નાં ૨૫.૦૦% મહત્તમ 150Cr | ટર્મ લોન પર @7% મહત્તમ 3% eFCI p.a. | ટર્મ લોન પર @7% મહત્તમ 3% eFCI p.a. |

### અન્ય આધાર સહાય / સબસિડી

એ. ટેકનોલોજી સંપાદનઃ

રજિસ્ટર્ડ માન્યતા પ્રાપ્ત સંસ્થા પાસેથી ટેકનોલોજીના ખર્ચના ૬૫% પ્રથમ બે વર્ષ માટે મહત્તમ રોયલ્ટી સહિત છે રૂા ૫૦ લાખ (MSME કમિશનરની પૂર્વ મંજૂરી)

બી. ગુણવત્તા પ્રમાણપત્ર :

રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર માટે ૫૦% ફી અને ૫૦% પરિક્ષણ મશીનરી/ઉપકરણો કુલ મહત્તમ રૂા. ૧૦ લાખ.

સી. ઊર્જા અને પાણીમાં બચતઃ

માન્ય સંસ્થા દ્વારા ઉર્જા/પાણી ઓડિટની કિંમતના ૭૫% મહત્તમ INR છે. ૫૦,૦૦૦ અને સત્તાધિકારી દ્વારા ભલામણ કરેલ કિંમતના સાધનોના ૨૫% મહત્તમ રૂા. ૨૦ લાખ.

સંબંધિત સત્તાધિકારી પાસેથી નોંધણી, કામચલાઉ અને અંતિમ પાત્રતા પ્રમાણપત્રની મંજૂરી મેળવ્યા પછી એન્ટરપ્રાઇઝ યોજનામાં ઉલ્લેખિત સહાયના દાવા માટે અરજી કરવાપાત્ર બને છે.

ઔદ્યોગિક એકમ કે જેણે યોજનાના કાર્યકારી સમયગાળા પહેલા વ્યાપારી ઉત્પાદન શરૂ કર્યું હોય તેવા એકમ માત્ર અગાઉની યોજના હેઠળ જ લાભ મેળવી શકે છે જે ૩૦.૦૯.૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ગુજરાત સરકાર Viksit Gujarat - Viksit Bharat @2047 ના સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે.

# વાંસનું વૈવિધ્યપૂર્ણ વિશ્વ



**દુનિયામાં વાંસની આશરે ૫,૦૦૦ જાતો છે ! વાંસ મૂળે ઘાસની એક જાત છે. ઘાસના સઘળા ગુણધર્મ એ ધરાવે છે. ઘાસની જેમ જ જમીનની અંદર એનાં મૂળ ફેલાય છે અને એ અંકુર બનીને ફૂટે છે. એટલે વાંસનાં ઝુંડ થાય છે. એનો જમીન પર વિસ્તાર વધતો જાય છે !**

અમારા પાડોશીને ત્યાં વડીલના અવસાન પછીનું બેસણું હતું. એ માટે કામચલાઉ મંડપ ઊભો કરવાના કામમાં ત્રણ ચીજો વપરાઇ : વાંસ, કાથી અને કાપડ. કાથી વડે વાંસને ઊભા-આડા બાંધીને ઉપર કાપડ ઢાંકી દેવામાં આવ્યું. થોડા કલાક પછી વાંસનો આ મંડપ વિખેરી નાખવામાં આવ્યો. સસ્તો, ઝડપી અને આસાન મંડપ બાંધવા માટે શ્રેષ્ઠ સાધન છે વાંસ.

આ વાંસ પણ કુદરતની એક અદ્દભુત કમાલ છે. તમારી સોસાયટીના ચોકીદારની લાઠી અને પોલીસમેનના દંડુકાથી માંડીને ભિખારીની ટેકણ-લાકડી લઇને કાગળ બનાવવા સુધી સેંકડો ઉપયોગ છે વાંસના !

તમને જાણીને નવાઇ લાગશે કે દુનિયામાં વાંસની આશરે ૫,૦૦૦ (પાંચ હજાર) જાતો છે ! મોટામાં મોટી જાતનો વાંસ ૩૩ મીટર (આશરે ૧૧૦ ફૂટ) જેટલો ઊંચો હોઇ શકે છે. વળી, આ જાત એક દિવસમાં ૪૦ સેન્ટિમીટર (લગભગ સવા ફૂટ) જેટલી વધે છે ! (અમે નાના હતા ત્યારે વડીલોની વાતો સાંભળેલી કે અમુક મુસાફર વાંસ-વન પાસે રાતની વેળા થાક્યો-પાક્યો સૂઈ ગયેલો. અચાનક ભોંયમાંથી વાંસ ફૂટ્યો અને એ માણસ આખો વીંધાઇ ગયો!)

નવાઈની વાત એ છે કે વાંસ મૂળે ઘાસની એક જાત છે. ઘાસના સઘળા ગૂણધર્મ એ ધરાવે છે. ઘાસની જેમ જ જમીનની અંદર એના મૂળ ફેલાય છે અને એ અંકુર બનીને ફૂટે છે. એટલે વાંસનાં ઝૂંડ થાય છે. એનો જમીન પર વિસ્તાર વધતો જાય છે !

વાંસની બધી જતો બધાં ઘાસની જેમ સુંવાળી, પોલી, પરસ્પર જોડાયેલી કાતળીઓવળી એકાકી(સિંગલ) ડાળી (સ્ટેમ) ધરાવે છે. આ કાતળીઓ વચ્ચે મજબૂત જોડાણ (પાર્ટિશન) હોય છે. એટલે કે વાંસ પોલો હોવા છતાં પોલાણ સળંગ નથી. આને કારણે એ ખૂબ મજબૂત બને છે અને ઘાસની

જેમ વળવા છતાં ભાંગી જતો નથી.

વાંસ મુખ્યત્વે વિષુવવૃતની આસપાસ ઊગે છે. કદાચ સૌથી વધારે પૂર્વ એશિયામાં, ચીન-જાપાન-ઈન્ડોનેશિયા-શ્રીલંકામાં ઊગે છે. ભારતમાં મુખ્યત્વે દક્ષિણમાં વધારે ઊગે છે. જો કે આફ્રિકામાં ગરમ પ્રદેશોમાંય વાંસ નથી.

જો કે વાંસની કેટલીક જાતોને ગરમીની જરૂર નથી. એવી કેટલીક જાતો દક્ષિણ અમેરિકામાં અને બ્રિટનમાં સુધ્ધાં જોવા મળે છે.

વાંસની જ કેટલીક જાતો વેલાની માફક ઝાડે કે ભીંતે ચડે છે અને કેટલીકને કાંટા પણ હોય છે. વાંસની કેટલીક જાતોને દર વરસે ફૂલ આવે છે. જે ગળ્યાં હોય છે ! ખાવાની મજા આવે છે. પણ કેટલીક જાતોને ઘણાં ઘણાં વર્ષે ફૂલ આવે છે. આમ એક જાત એવી છે કે અનેક વર્ષે એને ફૂલ આવે છે. એનાં બી થાય છે. બી આસપાસ વેરાય છે. અને આ વાંસ પોતે મરણ પામે છે ! પેલાં વેરાયેલાં બીમાંથી નવો વાંસ ઊગે છે.

ભારતમાં સૌથી વધુ ઊગતા વાંસને બત્રીસ (૩૨) વર્ષને અંતરે ફૂલ ઊગે છે દર બત્રીસ મે વર્ષે! પણ એક જાત એવી પણ છે જેને ૬૦ વર્ષે ફૂલ ઊગે છે !

આવી લાંબી લાંબી મુદ્દતે ફૂલ ઊગવાની ઘટના વનસ્પતિજગતમાં અદ્વિતિય છે. આથી ચીન અને જાપાનના સાહિત્યમાં તો એ વિશે ખૂબ રચનાઓ થઇ છે.

અચ્છા, એક વાંસ વળી એવોય છે કે જેને સફરજન જેવાં અને જેવડાં સ્વાદિષ્ટ ફળ ઊગે છે. આ જાત ભારતમાં ઊગે છે. અહીં એ ફળ શેકીને ખાવામાં આવે છે.

વાંસના તાજા અંકુરોને તેમજ છેક ઉપરની નાજુક નવી ડાળીને શાક તરીકે પણ વાપરવામાં આવે છે. ક્યાંક વળી એ નાજુક વાંસનું અથાણું કરાય છે અથવા મીઠાઇ બનાવવામાં આવે છે. અલબત્ત, વાંસનો ખાદ્ય પદાર્થ તરીકેનો ઉપયોગ અલ્પ છે. જો કે અન્ય ઉપયોગોથી એને પણ નાળિયેરીની જેમ ‘કલ્પવૃક્ષ’ નું બિરૂદ આપી શકાય. વાંસ વડે ઘરનાં માળણ થાય છે. પહોળા વાંસ થાંભલા તરીકે વપરાય છે. વાંસને ચીરીને (કે એમ પણ) પાતળી દિવાલ તરીકે વાપરી શકાય છે. ચીરેલા વાંસને ભોંયતળિયા તરીકે ગોઠવી શકાય. હોડીઓને તળિયે પણ ફર્શ તરીકે વાપરી શકાય.

વાંસની પટ્ટીઓ પાડીને ટોપલા (સૂંડલા), લાબડી વગેરે બનાવી શકાય. પહોળી પટ્ટીઓ ગૂંથીને ફર્શ પરનાં પાથરણાં, વધુ પાતળી દિવાલ વગેરે બનાવાય. વાંસની સળીઓ વડે માછીમારી માટેના ટોપલા પણ બને.

એક જમાનામાં વાંસવાળા વિસ્તારોમાં એની કાતળીનો પ્યાલા કે તેલ વગેરે ભરવા માટેના પાત્ર તરીકે પણ ઉપયોગ થતો.

વાંસના અંદરના ભાગના પોચા મલબાનો ઉપયોગ કરીને ચીનમાં કાગળ પણ બનાવાતો.

અલબત્ત, વાંસનો ખૂબ કળામય ઉપયોગ તો વાંસળી (બંસરી, ફ્લ્યુટ) બનાવવાનો છે ! શ્રીકૃષ્ણથી માંડીને આજના બાળકો સુધી, વાંસળી એક પ્રિય સંગેત-સાધન છે.

# સૌથી લાંબા પાન વાળું વૃક્ષ રાફિઆ પામ



વનસ્પતિમાં સૌથી લાંબા પાન ધરાવતા તાડ જેવા વૃક્ષો પશ્ચિમ આફ્રિકાના નાઈજિરિયા, કેમેરૂન, કોંગો અને એંગોલોમાં જોવા મળે છે. રાફિઆ પામ તરીકે ઓળખાતા આ વૃક્ષના પાન ૨૫ મીટર લાંબા હોય છે. એટલે જમીનમાંથી પાન ફૂટ્યા હોય તેવું દેખાય છે. ૨૫ મીટર લાંબા પાનની ધરી પર બંને તરફ ૧૮૦ જેટલા પાતળા પાનની કતાર હોય છે. તે લગભગ છ થી સાત સેન્ટીમીટર લાંબા હોય છે. પાનની ઉપરનો ભાગ લીલો અને નીચેનો ભાગ ભૂખરો અને ચીકણો હોય છે. રાફિયા પામ પુખ્ત થાય ત્યારે થડની ઊંચાઇ વધે છે. અને પાનની વચ્ચે ફૂલ બેસે છે. ત્યારબાદ ૯ સેન્ટીમીટર લાંબા લંબગોળ ફળ બેસે છે. ફળ ઉપર ચોરસ પેટર્ન હોય છે. રાફિયા પામના પાનનો ઉપયોગ ટોપલા, ટોપલી જેવી ચીજો બનાવવામાં થાય છે. સ્થાનિક લોકો આ પાનનો ઉપયોગ ઝૂંપડા બનાવવા પણ કરે છે.



# કેન્દ્ર સરકારે ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સને પ્રોત્સાહન આપવા ઈકોમાર્કના નિયમો જાહેર કર્યા

## ઈકોમાર્કવાળી પ્રોડક્ટ્સથી હવામાં કાર્બનનું ઉત્સર્જન ઓછામાં ઓછું થયેલું હોવું જોઈએ. વેસ્ટેજ-કચરો પણ ઓછો પેદા થવો જોઈએ.

ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સને પ્રમોટ કરવા માટે સરકારે ઈકોમાર્કના નિયમો તૈયાર કરીને નોટિફાય દીધા છે. આ નિયમોનો અસરકાકર અમલ કરાવવા માટે સરકારે એક સ્ટિયરિંગ કમિટીની પણ રચના કરી છે. આ નિયમોને આધીન રહીને પ્રોડક્ટ્સ તૈયાર કરનારાઓની પ્રોડક્ટ્સ પર ઈકોમાર્ક લગાડવામાં આવશે. આ પ્રોડક્ટ્સમાં ખાદ્ય સામગ્રી, કોસ્મેટિક્સ, સાબુ, ડિટરજન્ટ અને રંગનો સમાવેશ કરવામાં આવ્યો છે. પર્યાવરણ મંત્રાલયે આ નિયમોની ૨૬મી સપ્ટેમ્બરે જાહેરાત કરી છે અને તે જ દિવસે નોટિફાય કરી દીધા હોવાથી તેનો અમલ પણ ૨૬ મી સપ્ટેમ્બરથી ચાલુ થઈ ગયો છે.

અત્યારે ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સને નામે ગમે તે પ્રોડક્ટ્સ લોકોને પધરાવવામાં આવી રહી છે. તેના ભાવ પણ બેફામ લેવામાં આવી રહ્યા છે. ઈકો-ફ્રેન્ડલીને નામે એક સામાન્ય સાબુ દોઢસોથી વધુ રૂપિયા લઈ લેવાય છે. તેથી જ ખરી ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ કઈ છે તે જાણવું ગ્રાહકો માટે અનિવાર્ય બની ગયું છે. તેથી જ ઈકોમાર્કનું લેબલ તેના પર લાગે તો કન્ઝ્યુમરને-ગ્રાહકને ખબર પડશે કે તે જે પ્રોડક્ટ્સ ખરીદે છે તે ખરેખર ઈકો-ફ્રેન્ડલી છે કે નહીં. આ લેબલ લાગવાની વ્યવસ્થા અમલમાં આવતા પ્રોડક્ટ્સના ઉત્પાદકો કે મેન્યુફેક્ચરર્સ પણ ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ વધુ બનાવવાનું પસંદ કરશે.

પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી આ પગલું લેવામાં આવ્યું છે. તેમ જ ઓછામાં ઓછી ઊર્જા વાપરીને અને ઓછામાં ઓછા સ્રોતનો ઉપયોગ કરીને તથા પર્યાવરણની જાળવણી કરીને આ પ્રોડક્ટ્સ તૈયાર કરવાના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને આ નિયમો તૈયાર કરવામાં આવ્યા છે. અત્યારે ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ હોવાના ખોટા દાવાઓ કરીને બજારમાં મૂકવામાં આવી રહ્યા છે.

ઈકોમાર્ક મેળવવા માટે મુકરર કરવામાં આવેલા નિયમોનું પાલન કરીને ક્વોલિટી કંટ્રોલ ઓર્ડરની જરૂરિયાતો સંતોષીને અથવા તો બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડે નક્કી કરી આપેલા ધારાધોરણોને સુસંગત રહીને તૈયાર કરવામાં આવેલી પ્રોડક્ટ્સને ઈકોમાર્ક આપવામાં આવશે.

બજારમાં ખરેખર ઈકો-ફ્રેન્ડલી હોય તેવી પ્રોડક્ટ્સ મળતી થાય તે માટેની કવાયત કેન્દ્ર સરકારે ચાલુ કરી

ઈકોમાર્કનું લેબલ તેના પર લાગે તો કન્ઝ્યુમરને-ગ્રાહકને ખબર પડશે કે તે જે પ્રોડક્ટ્સ ખરીદે છે તે ખરેખર ઈકો-ફ્રેન્ડલી છે

આરોગ્યને હાનિ ન કરતી પ્રોડક્ટ્સનાં બજારના ખૂલી રહેલા દરવાજા

૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૪થી નવા નિયમો લાગુ કરવામાં આવ્યાઃ મેન્યુફેક્ચરર્સ અને પ્રોડક્શન કરનારાઓ નિયમોનું પાલન કરે તેવી અપેક્ષા

ઈકોમાર્ક વાળી પ્રોડક્ટ્સથી પ્રદૂષણ ઓછું થયેલું હોવું જોઈએ. તેમ જ હવામાં કાર્બનનું ઉત્સર્જન ઓછામાં ઓછું થયેલું હોવું જોઈએ. તદુપરાંત તેમાંથી કચરો પણ ઓછો પેદા થવો જોઈએ. જે પ્રોડક્ટ્સને રિસાઈકલ કરીને તૈયાર કરી શકાય તેવી હોય તો રિસાઈકલ કરવા માટેના મટીરિયલમાંથી તે પ્રોડક્ટ્સ બનાવેલી હોવી જોઈએ. આ જ રીતે કોલસા જેવી પ્રદૂષણ ફેલાવતી વસ્તુઓનો ઉપયોગ કરીને પેદા કરવામાં આવેલી વીજળીનો ઉપયોગ કરીને નહિ, પરંતુ સોલર કે વિન્ડ પાવર જેવા પ્રદૂષણ ન ફેલાવતા સ્રોતો થકી પેદા કરવામાં આવેલી વિજળીનો ઉપયોગ કરીને ઉત્પાદનો તૈયાર કરવામાં આવેલાં હોવા જોઈએ. પર્યાવરણ પર વિપરીત અસર કરે તેવા કોઈ જ પ્રોડક્ટ્સનો તેને માટે ઉપયોગ ન થયેલો ન હોવો જોઈએ.

પ્રોડક્ટ્સ માટે ઈકોમાર્ક મેળવવો હોય તેવા ઉત્પાદકોએ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોડમાં અરજી કરવાની રહેશે. સીપીસીબી પોતે કે અન્ય કોઈ સંસ્થા મારફતે પ્રોડક્ટ્સની ચકાસણી કરાવીને નિયમોનું પાલન કરવામાં આવ્યું છે કે નહિ તે નક્કી કરશે. આ રીતે ચકાસણી કરી લીધા બાદ એક રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને એકવાર સંતોષ થઈ જશે તે પછી તે પ્રોડક્ટ્સ નક્કી કરેલી ગાઈડલાઈન્સ પ્રમાણે બનાવવામાં આવ્યું હોવાનો સંતોષ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને થઈ જશે તે પછી બોર્ડ ઈકોમાર્ક આપવાનો નિર્ણય લેશે. આ ઈકોમાર્ક ત્રણ વર્ષ સુધી માન્ય ગણાશે. ત્રણ વર્ષ બાદ નવેસરથી અરજી કરીને ઈકોમાર્ક મેળવવો પડશે.

ઈકોમાર્ક હોલ્ડરે દર વર્ષે ૩૧મી મે પહેલાં ઈકોમાર્ક ચાલુ રાખવા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડને વેબ પોર્ટલ પર પૂરા થયેલા નાણાકીય વર્ષનો વાર્ષિક રિપોર્ટ સીપીસીબીને મોકલી આપવાનો રહેશે. ઈકોમાર્ક ધારકે યોગ્ય રિપોર્ટ આપ્યો હોવાનો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સંતોષ થશે તે પછી ઈકોમાર્ક ચાલુ રાખવો કે નહિ તે અંગે નિર્ણય લેશે. હા, તેમને સાંભળીને પછી જ તેમનો ઈકોમાર્ક સસ્પેન્ડ કે કેન્સલ કરવામાં આવશે. પ્રદૂષણ બોર્ડના નિર્ણયને પડકારવાનો હક્ક ઈકોમાર્કધારક કંપની કે ઉત્પાદકને મળશે.

## સ્ટિયરિંગ કમિટીમાં કોણ સ્થાન મેળવશે

ઈકોમાર્કના નિયમોનું પાલન કરવામાં આવ્યું છે કે નહિ તે નક્કી કરવા માટે એક સ્ટિયરિંગ કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીના વડા તરીકે પર્યાવરણ સચિવને રાખવામાં આવશે. આ સ્ટિયરિંગ કમિટિમાં જુદાં જુદાં સરકારી ખાતાઓના વડાઓને કે પ્રધાનોને પણ સ્થાન આપવામાં આવશે. તેમાં કાઉન્સિલ ઓફ સાયન્ટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ અને સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અધિકારીઓને પણ સ્થાન આપવામાં આવશે. સ્ટિયરિંગ કમિટી જ પ્રોડક્ટ્સને ઈકોમાર્ક આપવો કે નહિ તેની ભલામણ કરશે. સીપીસીકીની ભલામણને ધ્યાનમાં લઈને સ્ટિયરિંગ કમિટી નિર્ણય લેશે. ઈકોમાર્ક પ્રોડક્ટ્સ માટેનાં ધારાધોરણનું સ્ટિયરિંગ કમિટી સમયાંતરે પુનર્વલોકન કરશે. તેની પર્યાવરણ પર પડનારી અસર અને ઈકોમાર્કને માન્યતા આપવા માટેનાં ધારા-ધોરણોમાં સુધારાઓ કરવા માટે શું કરવું તે પણ જણાવશે.

## કઈ પ્રોડક્ટ્સ માટે ઈકોમાર્ક વધુ જરૂરી

ઈકોમાર્ક મેળવવાનો પાત્ર પ્રોડક્ટ્સમાં નેઈલ પોલિશ, આફ્ટર સેવ લોશન, શેવિંગ ક્રીમ, કોસ્મેટિક પેન્સિલ, લિપસ્ટિક, ટૂથપેસ્ટ, સ્કિન ક્રીમ, હેર ઓઈલ, શેમ્પૂ, સાબુ અને નાનાં બાળકોના પાઉડરનો સમાવેશ કરાવામાં આવ્યો છે. ખાદ્ય તેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ જ ઈલેક્ટ્રીક કે ઈલેક્ટ્રોનિક્સ ગુડ્સમાં ટેલિવિઝન, ફ્રીજ, ફૂડ મિક્સર, ગીઝર, વિજળીથી ચાલતી સ્ટીમ આયર્ન, ટોસ્ટર, કૂલર અને પંખાનો સમાવેશ થાય છે. ટેક્સટાઈલની કેટલીક સામગ્રીને પણ ઈકોમાર્ક મેળવવાને પાત્ર પ્રોડક્ટ્સની કેટેગરીમાં મૂકવામાં આવી છે.

## ઈકોમાર્કની પદ્ધતિનાં નકારાત્મક પાસાંઓ

* પ્રોડક્ટ્સમાં ફેરફાર કર્યા વિના ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ હોવાના ખોટા દાવાઓ કરવામાં આવશે. તેનાથી ઈકોમાર્કની સાખમાં ઘટાડો થઈ શકે છે.

* ખરેખર ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ-સર્વિસ ન હોવા છતાં ખોટા દાવાઓ કરવામાં આવશે. તેને ટેકનિકલ ભાષામાં ગ્રીન વોશિંગ તરીકે ઓળખાવવામાં આવે છે.

* ગ્રીન વોશિંગથી ગ્રાહકો છેતરાઈ શકે છે. તેની વિપરીત અસર હેઠળ ખરેખર ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ તૈયાર કરનારાઓની સાખને પણ શંકાની નજરે જોવામાં આવશે.

* દર વર્ષે પ્રદૂષણમાં વધારો કરતી જતી કંપનીઓ ઈકોમાર્ક લગાવીને પ્રોડક્ટ્સ માર્કેટમાં મૂકશે, તેમના પ્રોડક્ટ્સના વેચાણમાં વૃદ્ધિ થશે નહિ, પરંતુ પ્રદૂષણ વધતું જ રહેશે.

* તેથી ચુસ્ત નિયમો બનાવી કડક અમલ કરાવવો જરૂરી બનશે. તેની અસર નાના બિઝનેસ પર નકારાત્મક પડી શકે છે. નાના બિઝનેસને વધુ ખર્ચ કરવો પડે તો તેઓ ઈકોમાર્કના પ્રોડક્ટ્ના બજારમાં પ્રવેશી શકશે નહિં.

* મોટી કંપનીઓ ગ્રીન વોશિંગના માધ્યમથી ઈકોમાર્ક મેળવી લઈ લોકોની સાથે છેતરપિંડી ચાલુ રાખી શકે છે. તેની પ્રોડક્ટ્સ બહુ જ ઊંચા ભાવે વેચી શકે છે.

* ઈકોમાર્કને યોગ્ય રીતે પ્રમોટ કરાવવામાં નહીં આવે તો તેના પ્રોડકટ્સનું માર્કેટ વિકસશે નહિં. તેના ભાવ નક્કી કરવા માટેના પણ નિયમો ચુસ્ત નહિ હોય તો બેફામ કિંમત લેવામાં આવે તેવી સંભાવના છે.

* નિયમનું ખોટું અર્થઘટન કરીને ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ હોવાના ખોટા દાવાઓ કરવામાં આવે તેવી સંભાવના છે.

## ઈકોમાર્ક માટે અરજી ક્યાં કરવી

ઈકોમાર્ક પ્રોડક્ટ્સનું લેબલ લેવા માટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીમાં અરજી કરવી પડશે. સીપીસીબીમાં અરજી કર્યા પછી બોર્ડ પોતે કે કોઇના માધ્યમથી તેની ચકાસણી કરશે. આ ચકાસણી કરવા માટે બોર્ડ અલગ એજન્સીની નિમણૂંક કરી શકે છે તેમ જ પોતાનો અલગ વિભાગ પણ ચાલુ કરી શકે છે. ઈકોમાર્ક માટે અરજી કરવામાં આવી હોય તે પ્રોડક્ટ્સ ખરેખર ઈકો ફ્રેન્ડલી રીતરસમો અપનાવીને તૈયાર કરવામાં આવી છે કે કેમ તેનો અભ્યાસ કરશે. આ અભ્યાસ કર્યા પછી તે તેનો અહેવાલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ સીપીસીબીને સુપરત કરી દેશે.

ઈકોમાર્કની સમગ્ર નવતર વ્યવસ્થાનું ચુસ્ત પાલન થવું જરૂરી છે. તેના નિયમોનો ભંગ કરીને પ્રોડક્ટ્સ બનાવીને બજારમાં વેચીને ગ્રાહકો સાથે થતી છેતરપીંડી અટકાવવી કઠિન છે. તેથી ઈકોમાર્કની ફાળવણી કરવાની સિસ્ટમ અત્યંત જડબેસલાક હોવી જરૂરી છે. આ વચવસ્થા જડબેસલાક નહિ બનાવવામાં આવે અને ઈકો ફ્રેન્ડલી માર્ક આપવાની વ્યવસ્થાને પારદર્શક બનાવવામાં નહિ આવે તો ઈકોમાર્કની ઈમેજ તૂટી જશે. દુનિયાભરમાંથી મળનારા એડવાન્ટેજ ગુમાવી દેશે. તેમજ જે તે કંપની બદનામ પણ થશે. તેની નિકાસ પર પણ વિપરીત અસર પડશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની ઈકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સ ની વિશ્વસનીયતાને ધક્કો પણ લાગશે. હા, તેનો ચુસ્ત અમલ કરવામાં આવશે તો વાતાવરણમાં થતું પ્રદૂષણ ચોક્કસ ઓછું થશે. તેનાથી પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટેની એન્વાયર્મેન્ટ ફ્રેન્ડલી પદ્ધતિનો વધુ લોકો અમલ કરશે.

## ઈકોમાર્ક થી ક્યા ફાયદા થશે.

ઈકોમાર્કથી એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી-પર્યાવરણને હાનિ ન કરે તેવાં ઉત્પાદનો તૈયાર કરવા માટે વધુ પ્રોત્સાહન મળશે.

ઈકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સના વપરાશકારોને પણ સાચી-ખોટી ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ વચ્ચેનો તફાવત ખબર પડશે. ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સથી પ્રદૂષણમાં ઘટાડો થશે.

ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ બનાવવા કોલસા અને લિગ્નાઈટથી પેદા કરવામાં આવતી અને ભયંકર પ્રદૂષણ ફેલાવતી વીજળીને બદલે સોલર-વિન્ડ પાવરથી પેદા કરવામાં આવેલી પ્રદૂષણ ન ફેલાવતી વીજળીનો ઉપયોગ વધશે.

ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે મેન્યુફેક્ચરર્સ ગ્રીન ટેકનોલોજીને વધુ સ્વીકારતા થશે. તેમ કરવાથી જ તેમને ઈકોમાર્ક સરળતાથી મળશે. પર્યાવરણને હાનિ ન થાય તે રીતે પ્રોડક્ટ્સ તૈયાર થવા માંડશે.

ઈકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સ અંગે ગ્રાહકોમાં જાગૃતતા વધશે. ખરેખર ઈકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સ કઈ છે તેની ગ્રાહકોને ખબર પડશે. ગ્રાહકો સમજી વિચારીને તેનો ઉપયોગ કરવાનો નિર્ણય લઈ શકશે.

ઈકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સની બ્રાન્ડ રેપ્યુટેશન જ અલગ ઊભી થશે. આ રેપ્યુટેશનનો પ્રોડક્ટ્સ પ્રાઈસિંગમાં એડવાન્ટેજ મળી શકે છે.

એકવાર વપરાઈ ગેયલી વસ્તુઓનું શક્ય હશે તો રિસાઈક્લિંગ વધશે.

પ્રદૂષણ ઘટાડીને સરકાર ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માગે છે. સરકારની ઝુંબેશને ટેકો મળશે.

# ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સ માટે વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગે બનાવેલા નિયમો હેઠળ શું જોવાશે ?

ઈકોમાર્ક માટે નવા નિયમો તૈયાર કરવામાં આવ્યા હોવાથી ૧૯૯૧ ના નિયમો રદબાતલ થઈ જશે. તેનો હેતુ માત્ર ને માત્ર પર્યાવરણને હાનિ ન કરે તેવી પ્રોડક્ટ્સ તૈયાર કરાવવાનો છે. મેન્યુફેક્ચરર્સ અને પ્રોડ્યુસર્સને આ દિશામાં વાળવાનો જ છે. ક્લાઈમેટ ચેન્જ થતું અટકાવવા માટેનો પણ આ એક પ્રયાસ છે. આ રીતે ટકાઉ વિકાસને વેગ આપવાનું ધ્યેય રાખી નિયમો તૈયાર કરવામાં આવ્યા છે. પ્રોડક્ટ્સ તૈયાર કરનારા મેન્યુફેક્ચરર્સ અને પ્રોડ્યુસર્સના પર્યાવરણના પરફોર્મન્સનો અભ્યાસ કરવામાં આવશે. તેની પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં કેટલો કાર્બન ઉત્સર્જન થાય છે તે જોવામાં આવશે. તેમ જ પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં તે કેવા પ્રકારની વિજળીનો ઉપયોગ કરે છે તે પણ જોવામાં આવશે. તેમ જ તેણે તૈયાર કરેલી પ્રોડક્ટ્સને અંતે કચરો કેટલો નીકળે છે તે પણ જોવામાં આવશે.



ઈકો-ફ્રેન્ડલી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતી વેળાએ સીમિત અસર જ પડવી જોઈએ. તેની મર્યાદાઓ બાંધી આપવામાં આવી છે. ક્રાઈટેરિયામાં ઓછું પ્રદૂષણ થવું જોઈએ તે મુખ્ય નિયમ છે. પરિણામે પ્રદૂષણ ફેલાવતા કોલસો, લિગ્નાઈટ સહિતને સંખ્યાબંધ સ્રોતોનો ઉપયોગ ઓછો થાય અને તેની બચત થાય. તેમ જ જે પ્રોડક્ટસ રિસાઈકલ કરી શકાય તેવી હોય તેવે રિસાઈકલ કરવાના પ્રમાણમાં વધારો થાય. મેન્યુફેક્ચરર્સ પણ ખરેખર ગ્રીન પ્રોડક્ટ્સ તૈયાર કરીને ઈકોમાર્કના લેબલ લગાવીને તેના બજારમાં તેની પ્રોડક્ટ મૂકે. ગ્રાહકો ખરીદે છે તે પ્રોડક્ટસ ખરેખર ઈકો-ફ્રેન્ડલી છે તેવો ગ્રાહકોને અહેસાસ કરાવવો. પ્રોડક્ટ્સ અંગે ગેરમાર્ગ દોરતી માહિતીનો ફેલાવો થતો રોકવો.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ સાથે મળીને આ નિયમોનો અમલ કરાવશે.



## વાંસ એકમાત્ર એવો છોડ છે જે ૧૯૫૪ માં જાપાનના હિરોશિમા માં થયેલ પરમાણું બોમ્બ વિસ્ફોટના રેડીએશનથી પણ બચી ગયું હતું.

## જનરલ વિભાગ

### જામનગર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સભાસદને આપવામાં આવતી ભેટ

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સભ્યોને જણાવવાનું કે ચેમ્બરની વર્ષ ૨૩-૨૫ ની કારોબારી સમિતિ દ્વારા દરેક સભ્યશ્રીઓને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના વર્ષની લવાજમ સાપેક્ષ સભ્યપદ ભેટ આપવાનું નક્કી કરાયેલ છે.

દરેક સન્માનનીય સભ્યશ્રીઓને પોતાન વર્ષ ૨૫-૨૬ ના સભ્યપદ લવાજમ સાપેક્ષ પોતાની સભ્યપદ ભેટ ચેમ્બર કાર્યાલયેથી મેળવી લેવા નમ્ર વિનંતી છે.

જે કોઇપણ સન્માનનીય સભ્યશ્રીઓએ તેમનું નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નું વાર્ષિક લવાજમ ભરી આપેલ હોય તેવા સભ્યો લવાજમ ભર્યાની રસીદ કે પહોંચ સાથે ચેમ્બર કાર્યાલય રોજ સાંજના ૪ થી ૬ સભ્યપદ ભેટ મેળવી શકશે.

કંપની, પેઢી કે સંસ્થા તરફથી ભેટ સ્વીકારવા આવતા ભાગીદાર, ડાયરેક્ટર સિવાયના વ્યક્તિ માટે કંપની, પેઢી કે સંસ્થાના અધિકારપત્ર સાથે સાંજે ચેમ્બર કાર્યાલય રોજ સાંજના ૪ થી ૬ સમય દરમ્યાન સભ્યપદ ભેટ મેળવી શકશે. ભેટ લેવા આવનાર અધિકારપત્ર ધરાવતા વ્યક્તિએ કોઇ કિસ્સામાં પોતાનું કાર્ડ ચેમ્બર કાર્યાલયે ચકાસવા આપવું પડશે.






# વડ માત્ર વૃક્ષ નથી; તેના ઘટાદાર ફાયદા છે...

સમગ્ર ભારતના ગ્રામીણ વિસ્તારોમાં મોટી માત્રામાં વડના ઝાડ જોવા મળે છે. વડની વિશાળકાય ડાળીઓ ગ્રામીણ વિસ્તારના લોકોને છાંયડો આપવાનું કાર્ય કરે છે. વડના વૃક્ષમાં એન્ટિમાઇક્રોબિયલ, એન્ટિઓક્સિડેન્ટસ, બ્યુટેનોલ, એઝિન આલ્બ્યુમિન, મેલિન, હાઇપોગ્લાયસેરિક જેવા તત્વો પુષ્કળ પ્રમાણમાં હોય છે. આ ઝાડના મૂળ, પર્ણ, ફળ, છાલ, ડાળીયો દરેકમાં ઔષધિય ગુણો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. આથી અનેક રોગોના નિવારણ માટે આ ઝાડના વિવિધ ભાગો ખૂબ જ ઉપયોગી છે. આયુર્વેદમાં પણ વડને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે.


આયુષ વિભાગના અધિકારી ડો. બ્રજેશ કુલપરીયાએ વડના વિવિધ ઉપયોગ વિશે વિસ્તૃત માહિતી આપી છે.

નિષ્ણાત કહે છે કે, આ ઔષધીય છોડ ચામડીના રોગના દર્દીઓ માટે સંજીવનીનું કામ કરે છે. ચર્મ રોગથી પીડાતા લોકો જો ઝાડના પાનની પેસ્ટ બનાવીને, ફોલ્લી, ખીલ અને ખંજવાળવાળી જગ્યા પર લગાવે, તો તેમને તરત જ રાહત મળશે. જો દર્દીને વારંવાર ચામડીના રોગો થતા હોય, તો વડના નાના કૂણા પાનનો ઉકાળો કરીને પીવાથી લોહી શુદ્ધ થાય છે અને ચામડીના રોગ મટે છે. આ ઉપરાંત ચામડીના રોગ હોય અને શરીરે ખંજવાળ આવતી હોય, તો વડની છાલના ઉકાળાથી સ્નાન કરવું જોઈએ. આવું કરવાથી ઘણી રાહત થાય છે.

ઝાડના નરમ નાના પાંદડા, મૂળ અને છાલને મિશ્ર કરીને ઉકાળો બનાવો અને આ ઉકાળાનું સેવન કરો. આ કરવાથી પેટના રોગો, ઝાડા અને મરડા જેવા રોગમાં રાહત થાય છે. પુષ્કળ ઝાડા થતા હોય, તો વડના કૂણાં પાનને લસોટી અડધો કપ રસ કાઢવો અને રસમાં બમણી માત્રામાં છાશ ઉમેરવી. આ દ્રાવણ સવાર-સાંજ પીવાથી ઝાડા મટી જાય છે. વડનો રસ તાજો જ વાપરવો જોઈએ. વડની છાલનો ઉકાળો પેટની અને આંતરડાની ગરમી દૂર કરવા માટે ઉપયોગી છે.

વડના વૃક્ષનું દાતણ કરવાથી દાંત અને પેઢા મજબૂત થાય છે. જો દાંત સડી ગયા હોય અને દુઃખાવો થતો હોય, તો વડના દૂધના ટીંપા સડેલા દાંત ઉપર મૂકવાથી રાહત થાય છે. આ ઉપરાંત, પેઢામાં પરૂ નીકળતું હોય, દાંત હલતા હોય, પેઢામાંથી પસ નીકળતું હોય, પાયોરિયાની સમસ્યા હોય, તો વડનું દાતણ કરવું. સાંધાના દુઃખાવો થતો હોય, દર્દીઓએ આ વૃક્ષના પાનનું સેવન કરવું જોઈએ. જેથી દુઃખાવામાં રાહત મળે છે. કમરના અને ઘૂંટણનો દુઃખાવો થતો હોય અને તેના ઉપર વડનું દૂધ લગાડવા માં આવે, તો ખૂબ રાહત થાય છે.

ડાયાબીટીસના રોગીએ વડની છાલનું બારીક ચૂર્ણ બનાવવું અને ૧ ચમચી બારીક ચૂર્ણ રાત્રે પાણીમાં પલાળીને રાખવું અને સવારે ગાળીને પી જવું. આવું કરવાથી પેશાબમાં અને લોહીમાં સુગરની માત્રામાં ઘટાડો થાય છે અને સુગર લેવલ કંટ્રોલમાં આવે છે.



## MINIMUM WAGES - 01.04.2025 to 30.09.2025 - GUJARAT STATE JURISDICTION

**ગુજરાત સરકારશ્રી દ્વારા તા. ૨૯-૦૩-૨૦૨૫ ના રોજ બહાર પાડવામાં આવેલ નોટીફીકેશન મુજબ તા. ૦૧-૦૪-૨૦૨૫ થી દૈનિક મોંઘવારી ખાસ ભથ્થામાં રૂા. ૧૦.૫૦/- નો વધારો જાહેર કરવામાં આવેલ છે.**

**જેથી તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૦-૦૯-૨૦૨૫ સુધીના દૈનિક પગારના દરો નીચે મુજબ છે.**

### ZONE - I

| Sr | Category | Basic | Special Allow. | Per Day ₹ |
|---|---|---|---|---|
| 1 | Skilled | 474.00 | 45.50 | 519.50 |
| 2 | Semi-Skilled | 462.00 | 45.50 | 507.50 |
| 3 | Un Skilled | 452.00 | 45.50 | 497.50 |

### ZONE - II

| Sr No. | Category | Basic | Special Allow. | Per Day ₹ |
|---|---|---|---|---|
| 1 | Skilled | 462.00 | 45.50 | 507.50 |
| 2 | Semi-Skilled | 452.00 | 45.50 | 497.50 |
| 3 | Un Skilled | 441.00 | 45.50 | 486.50 |

<u>નોંધ ૧</u> :- ઉપરોક્ત મીનીમમ વેજીસમાં, મીઠા ઉદ્યોગ, ઈંટ ઉત્પાદન, જરી ઉદ્યોગ, રેડી મેડ ગારમેન્ટ્સ, તમાકુ અને બીડી ઉદ્યોગ, તથા કૃષિ વ્યવસાય ઉદ્યોગોનો સમાવેશ થતો નથી.

<u>નોંધ ૨</u> :- મ્યુનિસીપલ વિસ્તારો (મ્યુનિસીપલ કોર્પોરેશન તથા મ્યુનિસીપાલીટી) માં આવતા દરેક એકમો / સંસ્થાઓને ઝોન-૧ ના મીનીમમ વેજીસ લાગુ પડશે, તે સિવાયના વિસ્તારમાં આવેલ એકમો / સંસ્થાઓને ઝોન-૨ના મીનીમમ વેજીસ લાગુ પડશે.

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (JCCI) અને પેલેડિયમ મોલ, અમદાવાદ દ્વારા પ્રિવિલેજ કાર્ડ

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (JCCI) અને અમદાવાદના પેલેડિયમ મોલ વચ્ચેના સમજૂતિની જાહેરાત કરતાં અમને અત્યંત આનંદ થાય છે. આ સમજૂતિના ભાગરૂપે, આપની ચેમ્બરના સભ્યો માટે એક વિશિષ્ટ પ્રિવિલેજ કાર્ડ આપવામાં આવશે. આ પ્રિવિલેજ કાર્ડ ખાસ કરીને ચેમ્બરના દરેક આદરણીય સભ્યો ને પેલેડિયમ મોલ પર ખરીદીના અનુભવને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

- ફાઇન ડાઈનિંગ રેસ્ટોરન્ટમાં ટેબલ રિઝર્વેશનની સુવિધા.

**આ સમજૂતીનો લાભ ચેમ્બરના સભ્યો કઇ રીતે લઇ શકશે ?**

- જ્યારે પણ અમદાવાદ જતાં હોય અને પેલેડિયમ મોલ ખાતે ખરીદી કરવાનું થાય ત્યારે પ્રિવિલેજ કાર્ડ સાથે રાખો.
- પેલેડિયમ મોલ ખાતે ચાલતી નવીનતમ પ્રમોશન સ્કીમ માટે આપના પ્રિવિલેજ કાર્ડની પાછળના ક્યૂઆર કોડને સ્કેન કરો.







ચેમ્બરના દરેક સભ્યો હવે અમદાવાદના પેલેડિયમ મોલમાં વૈભવી ખરીદીનો આનંદ લઇ શકશે !

ચેમ્બર સાથે થયેલ સમજૂતિના ભાગરૂપે પેલેડિયમ મોલ ખાતે પ્રિમિયમ બ્રાન્ડ્સની પસંદગી, આકર્ષક કલા, ઉત્કૃષ્ટ સજાવટ અને સ્વાદિષ્ટ ખાદ્યપદાર્થો અને પીણાંમાં ચેમબરના સભ્યોને અન્ય કરતાં થોડું વધુ ડિસ્કાઉન્ટ મળશે. અને અમુક ખાસ કિસ્સામાં ચેમ્બર પ્રિવિલેજ કાર્ડ ધારક સભ્યોને એક વિશેષ ભેટ તરીકે અમુક વધુ લાભો પણ મળશે.

**પ્રિવિલેજ કાર્ડના મુખ્ય લાભો :**

- ચોક્કસ ટોચની રીટેઇલ બ્રાન્ડ્સ પર ડિસ્કાઉન્ટ.
- તમામ સભ્યો માટે પીવીઆર મૂવી સ્ક્રીનીંગ પર વિશેષ ડિસ્કાઉન્ટેડ ઓફર.
- પેલેડીયમ મોલ ખાતે ચાલતી આકર્ષક ઓફર્સ જોવા માટે અમારી વેબસાઇટની મુલાકાત લો.

https://palladiumahmedabad.com/brands-hni

- પેલેડીયમ મોલ ખાતે કોઇ પણ રિટેલ, ફૂડ વગેરે જેવા આઉટલેટ પર તમારૂં પ્રિવિલેજ કાર્ડ રજૂ કરો.

આપણે આપના પ્રિવિલેજ કાર્ડમાં મળતા ડિસ્કાઉન્ટ બાબતે માહિતી મેળવવા માટે અથવા આપના કોઈપણ પ્રશ્નોના સમાધાન માટે અથવા મોલની મુલાકાતને પ્રી-બુક કરવા માટે, કૃપા કરીને શ્રી હિતેષભાઇનો ૯૯૦૯૧ ૯૧૫૯૯ પર સંપર્ક કરો.

**પેલેડિયમ મોલ એડ્રેસ :** સરખેજ ગાંધીનગર હાઇ-વે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૪, ગુજરાત (ભારત)

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ WIRC OF આઈએસીએઆઈ, ધી કોમર્શિયલ પ્રેકટિશનર એસોશિએશન તથા જામનગર ટેક્સ કન્સલ્ટન્ટ એસોશીએશન ના સંયુક્ત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રિય બજેટ ૨૦૨૫-૨૬ અંગે યોજાયેલ માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનાર











## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા
## જામનગર જિલ્લાના નવ નિયુક્ત માન. કલેક્ટર શ્રી કેતનભાઈ ઠક્કર, IAS નો
## સન્માન કાર્યક્રમ યોજાયો



## જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,
## જામનગર તથા સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ઓપન હાઉસ બેઠક



# OORJA INDUSTRIAL PARK

energy within

PROJECT BY: VRAJ INFRASTRUCTURE PVT. LTD.

SHOPS, SHADES & INDUSTRIAL PLOTTING

## **POWERFUL** PEOPLE'S
## **POWERFUL** CHOICE

**VRAJ'S**




- WEIGH BRIDGE
- RESTAURANT
- CONFRENCE ROOM ONLINE/OFFLINE
- PLANTATION
- SPORTS COMPLEX
- RCC ROAD
- TEMPLE
- ADMIN OFFICE
- 5 GUEST ROOMS
- GYM

## @ DARED - 69000 84000

OORJA INDUSTRIAL PARK, B/H PHASE 3 GIDC,
MASITIYA MAIN ROAD, DARED, JAMNAGAR.

KALAVID

Reliance
New Energy Ltd

# WE CARE

About creating a cleaner planet
for a secure future



Printed by : Palak Printers, Jamnagar Cell : 9879610895